આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૮ ❖ અંક : ૨૪૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

## સેલવાસમાં પાલિકાની કડક મિલકત વેરા વસૂલાત

**નોટીસો આપ્યા પછી પણ વેરો ન ભરનારાઓની મિલકત, દુકાનો સીલ કરવાનું શરુ**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૩ :** સેલવાસ નગરપાલિકા દ્વારા બાકી રહેલા મકાન અને મિલકત વેરાની વસુલાત માટે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. નગરપાલિકાએ અગાઉ કરદાતાઓને નોટિસ પાઠવી તેમની બાકી રકમ જલદી ભરવા અને વધારાના દંડથી બચવા માટે સૂચના આપી હતી. તેમ છતાં કેટલાક મિલકતધારકોએ વેરો ભર્યો ન હોવાથી પાલિકાએ પોલીસની હાજરીમાં કાર્યવાહી હાથ ધરી છે. કાર્યવાહી દરમિયાન સેલવાસના કિલવણી નાકા ખાતે આવેલા અમીધારા કોમ્પ્લેક્સમાં આવેલી ખુશ્બુ સાડી નામની દુકાનને સીલ કરવામાં આવી હતી. ઉપરાંત ટોકરખાડા નજીક આવેલા લેન્ડમાર્ક બિલ્ડિંગમાં પણ વેરા બાકી ધરાવતા મિલકતધારકો સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી. નગરપાલિકા દ્વારા જાહેર સૂચનામાં જણાવાયું છે કે પાલિકા વિસ્તારના તમામ મિલકત માલિકો અને કરદાતાઓએ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬નો બાકી મિલકત વેરો ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીમાં ચૂકવી દેવો. કરદાતાઓ મિલકત વેરાની વિગતો અને ચુકવણી https://projects.mapmyindia.in/SilvassaPay/ વેબસાઈટ મારફતે પણ કરી શકે છે. જાહેર સૂચના મુજબ દાદરા નગર હવેલી અને દમણ દીવ નગરપાલિકા વિનિયમ ૨૦૦૪ની કલમ ૧૦૨ હેઠળ નગરપાલિકાને સમેકિત મિલકત વેરો લાગુ કરવાની સત્તા છે. તેમજ કલમ ૧૪૨ અનુસાર જો કોઈ વ્યક્તિને કલમ ૧૪૧ હેઠળ નોટિસ મળ્યા બાદ નિર્ધારિત સમયમર્યાદામાં રકમ ચૂકવવામાં નહીં આવે તો બાકી વેરા ઉપરાંત વ્યાજ અને અન્ય લાગુ શુલ્ક પણ વસૂલ કરવામાં આવશે. આ ઉપરાંત કલમ ૧૪૩ મુજબ મિલકત સીલ કરવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી શકે છે. જ્યારે નિયમ ૨૮૨ મુજબ મિલકત વેરો ન ભરવા પર દંડ પણ લગાવી શકાય છે. પાલિકાએ જણાવ્યું છે કે બાકી વેરાની વસુલાત માટે આવી કાર્યવાહી આગળ પણ ચાલુ રહેશે.

## આજે વાપીમાં નવી ૨૦ સીટી બસોનું લોકાર્પણ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** આજે વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં ૨૦ નવી સીટી બસ નું લોકાર્પણ અને રૂપિયા ૧૩.૭૧ કરોડના વિવિધ વિકાસના કાર્યોનો ખાતમુરત નાણામંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે કરાશે.

વાપી મહાનગરપાલિકા હદ વિસ્તારમાં આવતા ઈસ્ટ અને વેસ્ટમાં સીટી બસ સેવા ચાલે છે જે અંતર્ગત હાલમાં જ વાપી ગીતા નગર રેલવે સ્ટેશન પાસે સીટી બસ સર્વિસ સ્ટેન્ડ બનાવવામાં આવ્યું છે જ્યાંથી ૨૦ જેટલી નવી સિટી બસનું લોકાર્પણ ગુજરાત રાજ્યના નાણાં અને શહેરી વિકાસ મંત્રી તેમજ સ્થાનિક ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે તારીખ ૧૪-૩-૨૦૨૬ ને શનિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે કરવામાં આવશે. આ પ્રસંગે વાપી મહાનગર હદ વિસ્તારમાં વિવિધ સ્થળે રૂપિયા ૧૩.૭૧ કરોડના ખર્ચે વિકાસના કામોનું ખાતમુહૂર્ત પણ કરવામાં આવશે.



**અમેરિકા-ઈરાન યુદ્ધનું કે હોર્મુસ સ્ટ્રેટમાં હુમલાનું દશ્ય નથી**

## દમણ કિનારે બે ફીસિંગ બોટમાં આગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૩ :** દમણ કેન્દ્રશાસિત પ્રદેશ દમણના કિનારે બે માછીમારી બોટમાં ગઈકાલે મોડી રાત્રે અચાનક આગ લાગી. અહેવાલો અનુસાર, સાગર-૨ અને મણિરત્ન નામની આગથી વ્યાપક ગભરાટ ફેલાયો હતો.

એવું જાણવા મળ્યું છે કે, આગ લાગી ત્યારે બંને બોટમાં કોઈ સવાર નહોતું, જેના કારણે કોઈ જાનહાનિ ટળી હતી. ઘટનાની માહિતી મળતાં, દમણ ફાયર વિભાગની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી અને ભારે પ્રયાસો બાદ આગ પર કાબુ મેળવ્યો.

ફાયર ફાઈટરોએ સમયસર આગ પર કાબુ મેળવ્યો, જેના કારણે તે નજીકની અન્ય બોટમાં ફેલાતી અટકી. આગનું કારણ હાલમાં અજ્ઞાત છે અને સંબંધિત વિભાગ આ બાબતની તપાસ કરી રહ્યું છે. ઘટનાની માહિતી મળતાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા. આગ વ્યક્તિગત કારણોસર લાગી છે કે કેમ તે નક્કી કરવા માટે પોલીસ વિભાગ ફોરેન્સિક તપાસ પણ કરી રહ્યું છે. માછીમારી બોટ હીરાભાઈ અને ભદ્રેશ ટંડલે નામના કોઈ વ્યક્તિની હોવાનું કહેવાય છે.

**ચારેકોર એલપીજીની શોર્ટેજની બુમરાણ વચ્ચે**

## વાપીમાં ઘરેલું રાંધણ ગેસનો કોમર્શિયલ વપરાશ કરતાં પાંચ ઝડપાયા

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી જીઆઈડીસી વિસ્તારમાં આવેલ ખાણીપીણીની દુકાનો તેમજ રેસ્ટોરન્ટમાં વાપી મામલતદાર અને પારડીના પ્રાંત અધિકારી દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવ્યું હતું જેમાં પાંચ જેટલા ઘરેલુ રાધણ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કરતા ઝડપાયા, ઈરાન ઈઝરાયેલ અને અમેરિકા વચ્ચે યુદ્ધને લઈ સમગ્ર વિશ્વમાં અને ભારત દેશમાં ગેસની અછત શરૂ થઈ છે. જેને ધ્યાને લઈ વાપી મામલતદાર અને પારડીના પ્રાંત અધિકારી ની ટીમ દ્વારા વાપી જીઆઈડીસી વિસ્તારમાં તેમજ ગુંજન વિસ્તારમાં ખાણી પીણીની દુકાનો અને રેસ્ટોરન્ટ તેમજ હોટલ માં આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જે દરમિયાન ઘરેલુ રાંધણ ગેસ સિલિન્ડરનો ઉપયોગ કોમર્શિયલ ઉપયોગ ધ્યાનમાં આવતા પાંચ રાંધણ ગેસ સિલિન્ડર સીઝ કરવામાં આવ્યા હતા અને આ રાંધણ ગેસનો કોમર્શિયલ તરીકે ઉપયોગ કરનાર સામે કાર્યવાહી હાથ ધરાઈ છે તેવી જ રીતે વાપીમાં છેલ્લા ત્રણેક દિવસથી રાંધણ ગેસનો ભાવ ૯૦૦ હતો તે બ્લેકમાં ૧૮૦૦ થી ૨૦૦૦ રૂપિયા થઈ જવા પામ્યો છે અને કોમર્શિયલ ગેસનો સિલિન્ડર ૧૮૫૦ રૂપિયા હતો. તે ૩૦૦૦ રૂપિયા વેચાઈ રહ્યો છે આ અંગે અનેક ગેસ સિલિન્ડરનું કનેક્શન ધરાવતા હોય તેવો રાંધણ ગેસ લેવા માટે દોડી રહ્યા છે.

## શ્રીડીમાં એલપીજી- સીએનજીનો પુરતો જથ્થો : પ્રશાસન

**લગભગ બે મહિનાનો બફર સ્ટોક પણ ઉપલબ્ધ છે**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, સેલવાસ, તા. ૧૩ :** સિલવાસા - દાદરા અને નગર હવેલી તથા દમણ-દીવ સંઘ પ્રદેશમાં એલપીએજી અને સીએનજીની ઉપલબ્ધતા અંગે પ્રશાસને સ્પષ્ટતા કરી છે કે વિસ્તારમાં ગેસની કોઈ અછત નથી અને પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.


ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગના સચિવની અધ્યક્ષતામાં ૧૨ માર્ચે એક બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન સંઘ પ્રદેશમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની ઉપલબ્ધતા અને પુરવઠાની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠક દરમિયાન ઓઈલ માર્કેટિંગ કંપનીઓના પ્રતિનિધિઓએ જણાવ્યું હતુ કે લગભગ બે મહિનાનો બફર સ્ટોક પણ ઉપલબ્ધ છે.

સાથે-સાથે ઘરગથ્થુ એલપીએજીની નિયમિત બુકિંગ પણ ચાલુ છે પ્રશાસને જિલ્લા કલેક્ટરને સૂચના આપી છે કે એલપીએજી સિલિન્ડરની જથ્થાબંધ સંગ્રહ અથવા કાળા બજાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

બીજી બાજુ શુક્રવાર સવારથી દમણમાં ગેસ એજન્સીઓની બહાર લોકોની લાંબી કતારો જોવા મળી હતી, પરંતુ ડેપ્યુટી કલેક્ટર પ્રિયાંશુ સિંહે જણાવ્યું હતું કે લોકોએ ગભરાવાની જરૂર નથી. વહીવટીતંત્ર ઘરોમાં ગેસ સિલિન્ડર પહોંચાડવાનું સુનિશ્ચિત કરી રહ્યું છે. કોઈપણ અફવાઓ પર ધ્યાન ન આપવા પણ અનુરોધ કર્યો હતો.

રસોઈ ગેસ સંબંધિત કોઈપણ માહિતી કે ફરિયાદ માટે જિલ્લા વહીવટીતંત્રે એક કંટ્રોલ રૂમ પણ સ્થાપ્યો છે. નાગરિકો હેલ્પલાઈન નંબર ૧૦૭૭ પર સંપર્ક કરી શકે છે.

## માજી રાષ્ટ્રપતિ કોવિંદ બે દિવસ ડાંગમાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**આહવા,** દેશના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ તારીખ ૧૪ અને ૧૫ માર્ચના રોજ ડાંગ જિલ્લાની મુલાકાતે પધારી રહ્યાં છે.તેમની આની મુલાકાત બાબતે આહવા ખાતે એક મહત્વની બેઠક યોજાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, આ બે દિવસો દરમિયાન ભૂતપૂર્વ ઉપરરાષ્ટ્રપતિ ડાંગ જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોના મારુતિ મંદિરમાં દર્શન અને આરતીના કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. જ્યારે તા.૧૫મી માર્ચના રોજ આહવા તાલુકાના ઈસદર ગામે આયોજિત નવનિર્મિત મંદિરોના લોકાર્પણ સમારંભમાં પણ સહભાગી થશે.

નેમિનાથ ટ્રેડર્સ

ખીલા વાયર વેલ્ડમેસ
ખીલી હુક જાળી નટબોલ્ટ

ખીલી, વાયર, કાંટાતાર, હુક, ચેઈનલીંક, નટ બોલ્ટ, પાવડા-ત્રિકમ તથા હાર્ડવેર સામગ્રી

Mo. No. 9825190301 / 9825390301

સરનામું : દુકાન નં. ૭૦, ૭૧, અમીધરા કોમ્પ્લેક્સ, સીએનજી ગેસ પંપ નજીક, જીઆઈડીસી ચાર રસ્તા, વાપી - ૩૯૬૧૯૫, જિલ્લો : વલસાડ (ગુજરાત)
Email : neminathtradersvapi@gmail.com

રશીયન, મેક્સીકન, યુથોપીયન, આફ્રિકન, મેંગોલીયન કલાકારો સાથે કદી ન જોયા હોય તેવા જબરદસ્ત સ્ટંટ

માત્ર વિદેશી કલાકારો દ્વારા ભજવાતું ભારતનું એકમાત્ર ભવ્ય સર્કસ
શો સમય ગાળો 2 કલાક
OLYMPIAN CIRCUS PRESENTS
ઈન્ટરનેશનલ સર્કસ ફેસ્ટીવલ

વાપીમાં પહેલી જ વાર એનિમલ હૉલોગ્રામ શો અને ભવ્ય લેસર શો

વાપી-ચલા મુક્તાનંદ માર્ગ મહાદેવ મંદિરની બાજુમાં
દરરોજ 2 શો 6.00 9.00
શનિ-રવિ 3 શો 3.00 6.00 9.00
ટીકીટ બુકીંગ સ્થળ ઉપર સવારે ૧૦ થી આખો દિવસ
Online Tickets on : bookmyshow
સંપર્ક : 7990555636
Follow us : @suratjanta

SOPAN GROUP
WALK - IN INTERVIEW

SOPAN Group, with over 25 years of legacy and experience in the Energy Infrastructure Sector, is now expanding aggressively into the Metal Sector. As part of this strategic expansion, SOPAN is actively looking to strengthen its organization by onboarding experienced and talented professionals who can contribute to the growth and success of this new venture. We invite qualified and experienced candidates from the metal and manufacturing industry to be a part of our expanding team and grow with an organization that values expertise, innovation, and long-term career development.

Open Positions

| Job Title | Qualification | Experience | No. of Positions |
|---|---|---|---|
| Mechanical Shift Engineer | BE Mechanical Engineering | Min. 3 yrs in mechanical design, installation & maintenance; expertise in pumps, blowers, boilers, conveyors, cranes | 4 |
| Production Engineer | BE/B.Tech Chemical/Metallurgical/ Process Engineering | 3-5 yrs in copper/petrochemical/metal industry; strong process control, SAP/DCS/ SCADA exposure | 4 |
| Shift In charge (Electrical & Instrumentation) | BE/Diploma Electrical/ Instrumentation | 3-5 yrs in heavy industries; PLC, SCADA, DCS knowledge; trouble shooting AC/DC systems | 4 |
| Head Asset Optimization & Logistics | Diploma/Graduate Mechanical/ Electrical/Instrumentation | Min. 3 to 5 yrs in Knowledge of asset optimization, SAP/ERP, reliability systems; strong documentation & presentation skills | 1 |
| Furnace Operators | ITI/Diploma Chemical/Metallurgical/ Process Engineering | Diploma: 3+ yrs; ITI 5+ yrs in heavy industries (copper, oil & gas, petrochemical) | 4 |
| Casting Operators | ITI/Diploma Chemical/Metallurgical/ Process Engineering | Diploma: 3+ yrs; ITI: 5+ yrs in heavy industries | 4 |
| HSE Lead | B.Tech/BE/PG in HSE/Industrial Safety/Environment | 8+ yrs in similar industry; RCA, CAPA, 5S, KAIZEN, TPM, EHS modules | 1 |
| HR Manager | Full time MBA/MSW/MLW or equivalent in Human Resource | 8+ Yrs in oil & gas, petrochemical | 1 |

Date: 15th March 2026 (Sunday)
Time: 10:00 AM – 5:30 PM

Venue:
Fortune Park Galaxy
No. 48, National Highway
GIDC Housing Board Colony
Vapi East, Gujarat - 396195

WALK-IN INTERVIEW DETAILS
Additional Information
- All positions are on 4 Years Contractual basis.
- Remuneration will be commensurate with qualifications and experience.
- Candidates must carry updated resume, educational certificates, photo, experience letters, and current salary proof at the time of interview.

www.sopan.co.in

CBSE AFFILIATED - 430373
RAJHANS EDUCATION TRUST'S
VIDYA DHAM INTERNATIONAL SCHOOL VAPI (CBSE BOARD)

ADMISSIONS OPEN
Academic Session 2026-2027
Nursery to Std. 10

12th Year Anniversary
SPECIAL OFFERS
Early Bird Discount Till 31st March
FREE Textbooks From Nursery to Std 10
Special Concession On Admission Fees

Additional Curriculum features
1. English Conversation & Phonics for Fluency
2. Personality development & Memory Boosting techniques.
3. Innovative clubs for Std 6 to 10, Indoor Sports
4. Mental and Vedic Maths for Std 1 to 5
5. AI and Coding for Jr KG to Std 10

Admission forms available All working days At school's office
vidyadham4@gmail.com, www.vidyadhamschoolvapi.in
9725295578/9081807258/9316054328
ENROLL NOW
School Address :- Plot no B7,B13/14 behind Rajmoti complex 1 , Chharwada Road GIDC Vapi Gujarat 396191

# પોળશમાળમાં પાણીની ટાંકીમાં ભંગાણથી પાણીનો વેડફાટ : ગ્રામજનોમાં રોષ

**'બે બેગ સિમેન્ટ આપો, અમે જાતે ટાંકી રિપેર કરી દઈશું' - ગ્રામજનો**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૩ :** ડાંગ જિલ્લાના કિરલી ગ્રુપ ગ્રામ પંચાયત હેઠળ આવતા પોળશમાળ ગામમાં સરકારી ખર્ચે બનાવવામાં આવેલી પાણીની ટાંકી હાલ જર્જરિત હાલતમાં હોવાથી ગામલોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. થોડા વર્ષો પહેલાં બનાવવામાં આવેલી આ પાણીની ટાંકીમાં લાંબા સમયથી ભંગાણ તથા લીકેજ સર્જાતા હજારો લીટર પાણીનો વેડફાટ થઈ રહ્યો છે. છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. સ્થાનિક રહીશો જણાવે છે કે ટાંકીમાંથી પાણી લીક થવાના કારણે ગામના અનેક ઘરો સુધી પૂરતું પાણી પહોંચી શકતું નથી.

આ સમસ્યાને લઈને ગ્રામજનોએ અનેકવાર સ્થાનિક સરપંચ તેમજ પંચાયત સમક્ષ મૌખિક અને લેખિત રજૂઆતો કરી છે. તેમ છતાં આજદિન સુધી ટાંકીના સમારકામ માટે કોઈ નક્કર પગલાં લેવાયા નથી, જેને કારણે ગ્રામજનોમાં અસંતોષ ફેલાયો છે.

તંત્રની આળસથી કંટાળેલા ગ્રામજનોએ હવે અનોખી માંગ રજૂ કરી છે. ગ્રામજનોનું કહેવું છે કે જો પંચાયત પાસે ટાંકીની મુલાકાત લેવાનો સમય ન હોય અથવા સમારકામ માટે બજેટની અછત હોય, તો માત્ર બે બેગ સિમેન્ટ આપવામાં આવે.

ગામલોકો ભેગા મળીને જાતે જ ટાંકીનું લીકેજ બંધ કરી દેશે જેથી ગામના દરેક ઘરને નિયમિત પાણી મળી શકે.એક તરફ સરકાર દ્વારા 'નલ સે જલ' યોજના હેઠળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે. ત્યારે બીજી તરફ તૈયાર માળખાંનું યોગ્ય જતન ન થતા અને સમયસર સમારકામ ન થતાં ડાંગના અંતરિયાળ વિસ્તારમાં વસતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવે જોવાનું એ રહેશે કે પંચાયત અને પાણી પુરવઠા વિભાગ તાત્કાલિક આ બાબતે ધ્યાન આપશે કે પછી ગ્રામજનોને જ આગળ આવી ટાંકીનું સમારકામ કરવું પડશે.



# કુકેરીગામને તોરવણ ગ્રા.પં.ના દરજ્જા સામે ગ્રામજનોનો વિરોધ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૩ :** ચીખલી તાલુકાના કુકેરી ગામથી ટોરવણ ગામને છુંટુ પાડવા સામે કુકેરી ગામના રહીશોનો ભારે વિરોધ રહ્યો છે અને કુકેરી ગામથી ટોરવણ ગામને અલગ પાડવા માટે કોઈ કાર્યવાહી ન કરવી જેના માટે તમામ વહીવટી તંત્રને લેખિત જાણ કરી ચીખલી પ્રાંત અધિકારી, ચીખલી તાલુકા મામલતદાર તથા ચીખલી તાલુકા વિકાસ અધિકારીને એક લેખિત આવેદનપત્ર આપવામાં આવ્યું છે. ચીખલી તાલુકાના કેટલાક ગામો જે વધુ વસ્તી ધરાવતા હોય તેવા ગામોને છૂટા પાડી અલગ ગ્રામ પંચાયતનો દરજ્જો મળે તે માટે રજૂઆતો થતી હોય છે. જેમાં કેટલાક ગામોને છૂટા પણ પાડવામાં આવ્યા છે પરંતુ ચીખલી તાલુકાના કુકેરી ગામના કેટલાક આગેવાનો દ્વારા કુકેરી ગામના રહીશોને વિશ્વાસમાં લીધા વગર મનમાની રીતે કુકેરી ગામને છૂટું પાડી ટોરવણ ગ્રામ પંચાયત ને અલગ દરજ્જો મળે તે માટે કાયદાકીય પ્રોસેસ કરતા જે વાતની જાણ ગામના રહીશોને થતા કુકેરી ગામથી તોરવણ ગામને છૂટું પાડવા માટે સખત વિરોધ નોંધાવ્યો છે અને સંબંધિત વહીવટી તંત્રને એક લેખિત રજૂઆતો કરી છે અને જેમાં કાયદાકીય કોઈ પ્રોસેસ કરવી નહીં અને કુકેરી ગામના મોટી સંખ્યામાં રહીશો ભેગા મળી ચીખલી ખાતે વહીવટી તંત્રને એક આવેદનપત્ર આપી વિરોધ નોંધાવ્યો છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૪-૦૩-૨૦૨૬, **વાર :** શનિવાર **તિથિ :** ફાગણ, દસમ **સૂર્યોદય** : ૦૬ : ૫૩ **સૂર્યાસ્ત** ૧૮ : ૪૫, **ચંદ્રોદય** - ૦૧:૫૭ **ચંદ્રાસ્ત** - ૧૨:૪૩ **ચંદ્ર રાશિ :** ધન, **નક્ષત્ર** - મૂળ

### આજનું રાશિભવિષ્ય

**મેષ(અ.લ.ઈ) :** આવતીકાલે કામકાજમાં નવી તક મળી શકે છે. કોઈ જૂની અટવાયેલી બાબતનો ઉકેલ મળશે. પરિવાર સાથે સમય વિતાવશો તો માનસિક શાંતિ મળશે.

**વૃષભ(બ.વ.ઉ) :** આર્થિક બાબતમાં સારો દિવસ રહેવાની શક્યતા છે. રોકાણ વિશે વિચારતા હો તો કાલે વિચાર કરી શકો, પરંતુ ઉતાવળથી નિર્ણય ન લો. ઘર-પરિવારમાં કોઈ શુભ પ્રસંગની ચર્ચા થઈ શકે છે.

**મિથુન(ક.છ.ઘ) :** આવતીકાલે આયોજન મુજબ કામ પૂરાં થશે. નવા લોકો સાથે જોડાવાની તક મળશે. મિત્રમંડળમાં સન્માન વધશે.

**કર્ક(ડ.હ) :** તમારો આત્મવિશ્વાસ વધશે અને તમે મહત્વની જવાબદારીઓ સરળતાથી પાર પાડશો. નોકરી-વ્યવસાયમાં પ્રગતિ થશે.

**સિંહ(મ.ટ.) :** આવતીકાલે તમારી મહેનતનું ફળ મળશે. અભ્યાસ કે કરિયરમાં પ્રગતિની સંભાવના છે. કોઈ મહત્વના વ્યક્તિ સાથે મંત્રણાથી ફાયદો થશે.

**કન્યા(પ.ઠ.ણ.) :** કામમાં ધ્યાન કેન્દ્રિત રાખવા જેવું છે. છૂટાછવાયા ખર્ચ વધી શકે. સંબંધોમાં સમજદારીથી ચાલવું। દિવસ અંતે મન પ્રસન્ન રહે તેવી શક્યતા છે.

**તુલા (ર.ત.) :** આવતીકાલે તમારી ચર્ચા અને સમજણથી અટવાયેલી બાબતો ઉકેલાશે. વેપારમાં લાભ. દાંપત્ય જીવન સુખમય રહેશે. સ્વાસ્થ્ય સામાન્ય રહેશે.

**વૃશ્ચિક(ન.ય.) :** એકાગ્રતા વધશે અને મહત્વનાં નિર્ણયો લેવા અનુકૂળ દિવસ. નાણાકીય સ્થિતિ મજબૂત બનશે. મિત્રો સાથે આનંદભર્યા પળો વિતાવશો. માન-સન્માન મળશે.

**ધન(ભ.ધ.ફ.ઢ.) :** આવતીકાલે થોડું ઉતાવળ ટાળવી. નોકરીમાં દબાણ વધશે પરંતુ સમયસર કામ પૂરાં કરશો. પરિવારનો સહયોગ મળશે. ખર્ચની વ્યવસ્થા રાખવી.

**મકર(જ.ખ) :** આવતીકાલે કોઈ શુભ સમાચાર મળી શકે. લાંબા સમયથી બાકી કામ પૂર્ણ થશે. વ્યવસાયમાં નવો કરાર અથવા તક મળી શકે છે. સ્વાસ્થ્ય સારું રહેશે.

**કુંભ(ગ.શ.સ.) :** નવા વિચારો ઊભા થશે અને તમે તેમને અમલમાં મૂકી શકો છો. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠા વધશે.

# બીલીમોરામાં સેવાસેતુ કાર્યક્રમમાં ૧૪૪૪ નાગરિકોએ લાભ લીધો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા. ૧૩ :** રાજ્ય સરકારના લોકહિતકારી અભિગમ હેઠળ બીલીમોરા નગરપાલિકા નો જલારામ હોલ ખાતે બુધ-ગુરુવારે ૧૧માં તબક્કાનો દ્વિ દિવસીય સેવાસેતુ કાર્યક્રમ યોજાયો હતો.કેમ્પમાં વોર્ડ નં. ૧ થી ૯ ના નગરજનો માટે વિવિધ સરકારી વિભાગોની સેવાઓ એક જ છત નીચે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી, જેમાં કુલ ૧૪૪૪ જેટલી અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરીને લોકોને કચેરીઓના ધક્કામાંથી મુક્તિ અપાવી વહીવટી પારદર્શિતાનો પરિચય આપ્યો હતો. બીલીમોરાના જલારામ હોલ ખાતે યોજાયેલા આ દ્વિ-દિવસીય કેમ્પમાં મોટી સંખ્યામાં નગરજનો ઉમટી પડ્યા હતા. કેમ્પ દરમિયાન લોકોએ હેલ્થ વેલનેસ કાર્ડ અને બી.પી. ડાયાબિટીસ ચકાસણીનો લાભ લીધો હતો. આ ઉપરાંત રેશનકાર્ડ ઈ-કેવાયસી, આવકના દાખલા, જન્મ-મરણ પ્રમાણપત્ર, આધારકાર્ડ સુધારા, પીએમજેવાય કાર્ડ અને વિધવા સહાય સહિતની કુલ ૧૪૪૪ અરજીઓ પર તાત્કાલિક કાર્યવાહી કરી સ્થળ પર નિકલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સીઓ સંદીપ પટેલ,તલાટી કમ મંત્રી દીપભાઈ, મિનેષ રાજપૂત,મલંગ કોલિઆ સહિત પદાધિકારીઓ, કર્મચારીઓ, નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.



# ચિકટીયા પ્રા. શાળામાં સ્થાપનાદિન ઉજવાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા. ૧૩ :** ડાંગ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત આહવા તાલુકાની ચિકટીયા પ્રાથમિક અને ઉચ્ચ પ્રાથમિક શાળા ખાતે ગતરોજ શાળા સ્થાપના દિવસની અત્યંત ઉત્સાહભેર અને ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, શિક્ષણવિદો અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્ય અને પ્રાર્થના દ્વારા કરવામાં આવી હતી. શાળાના આચાર્યા મીનાક્ષીબેન પટેલ દ્વારા તમામ મહેમાનોનું શબ્દોથી ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું, ત્યારબાદ પુષ્પગુચ્છ અર્પણ કરી તેમનું અભિવાદન કરાયું હતું. સ્થાપના દિવસ નિમિત્તે શાળાના નાના ભૂલકાઓ અને મહેમાનોએ સાથે મળીને કેક કાપી મોં મીઠું કરાવ્યું હતું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. બાળકોના ઉત્સાહને વધારવા માટે ઉપસ્થિત મહેમાનો દ્વારા રોકડ ઈનામો આપી તેમને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.શુક્કરભાઇ ચૌધરી (ગામના અગ્રણી)એ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં શાળા પરિવાર અને ખાસ કરીને આચાર્યા મીનાક્ષીબેન પટેલને આ સુંદર આયોજન બદલ અભિનંદન પાઠવ્યા હતા. તેમણે ઉમેર્યું હતું કે, આવા કાર્યક્રમોથી બાળકોમાં નવી ઊર્જાનો સંચાર થાય છે અને શાળા ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી આશા વ્યક્ત કરી હતી. સીતાબેન (સરપંચ, ચિકટીયા)એ શાળા પરિવારનો આભાર માનતા જણાવ્યું હતું કે, શિક્ષણની સાથે સાથે સંસ્કાર અને ઉત્સાહ વધારતા આવા કાર્યક્રમો ગામના ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી છે.

## દમણ રેડિયો

**102.3 FM**

**શનિ/રવિવાર**

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભકિત ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભકિત ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ - વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન

# બીલીમોરામાં રાંધણ ગેસના પુરવઠા અંગે ફેલાતી અફવાઓ પાયાવિહોણી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**બીલીમોરા, તા.૧૩ :** બીલીમોરા શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી રાંધણ ગેસ ની અછત સર્જાઈ હોવાની ખોટી અફવાઓ સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા વહેતી થઈ છે. આ બાબતે સ્થાનિક ગેસ વિતરણ એજન્સીના જવાબદાર અધિકારીઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે નગરમાં ગેસના પુરવઠા અંગે કોઈ પણ પ્રકારની સમસ્યા નથી અને ગ્રાહકોએ ગભરાવાની જરૂર નથી.

સ્થાનિક ગેસ વિતરણ વ્યવસ્થાના સત્તાધિકારીઓએ વિગતો આપતા જણાવ્યું હતું કે મુખ્ય ગેસ કંપનીઓ તરફથી પ્લાન્ટમાંથી સિલિન્ડરનો જથ્થો રાબેતા મુજબ મળી રહ્યો છે. અત્યાર સુધી ઘરેલું ગેસ સિલિન્ડરની કોઈ પણ પ્રકારની શોર્ટેજ નોંધાઈ નથી. તમામ ગ્રાહકોને તેમના નોંધાયેલા બુકિંગના ક્રમ અનુસાર નિયમિતપણે ઘરે-ઘરે સિલિન્ડર પહોંચાડવામાં આવી રહ્યા છે. પુરવઠો પૂરતો હોવાથી વિતરણ વ્યવસ્થામાં કોઈ વિક્ષેપ પડ્યો નથી. વધુમાં નગરજનોને નમ્ર અપીલ કરવામાં આવી છે કે ગેસની અછત હોવાની વાતો માત્ર અફવા છે. આવી ખોટી માહિતીથી પ્રેરાઈને ગભરાટમાં આવી વધારાનું બુકિંગ ન કરવું કે બિનજરૂરી સંગ્રહ ન કરવો.ગેસ વિતરણ વ્યવસ્થા સુચારૂ અને પારદર્શક રીતે ચાલી રહી છે અને દરેક ગ્રાહકને તેમનો હકનો સિલિન્ડર સમય મર્યાદામાં મળી રહેશે. કંપની અને સ્થાનિક એજન્સી ગ્રાહકોની સુવિધા માટે કટિબદ્ધ છે, તેથી અફવાઓ પર ધ્યાન આપ્યા વગર નિ[?]ત રહેવા જણાવાયું છે.

# જિલ્લાભરમાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈ ગ્રામ્ય વિસ્તારોમાં રાજકારણ ગરમાયું

**વર્તમાન સરકાર પ્રજા વચ્ચે વિકાસના કામોની ગાથા વર્ણવી રહી છે તો બીજી બાજુ વિરોધ પક્ષ સરકાર પ્રજાને કેવી રીતે ઉલ્લુ બનાવી રહી છે તેની રૂપરેખા પ્રજાને બતાવી રહી છે**



**ચીખલીનો પત્ર**
**જ્યોતીન્દ્ર છોવાલા, ચીખલી**

જિલ્લાભરમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી માટેનો તખ્તો તૈયાર થઈ રહ્યો છે અને કયા વિસ્તારમાંથી કઈ બેઠક રહેશે તેની જાહેરાત પણ કરી દેવામાં આવી છે જ્યારે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીને લઈ રાજકારણ ગરમ બન્યું છે ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવે તે પહેલા મંત્રીઓ દ્વારા ગામેગામ વિકાસના કામો માટે ખાતમુહૂર્ત અને લોકાર્પણના કાર્યક્રમો જોર સોરથી ચલાવી રહ્યા છે એટલું જ નહીં પણ રાજ્યપાલ પણ આદિવાસી વિસ્તારોમાં જઈ ગરીબ પરિવારો સાથે ભોજન લઈ રહ્યા છે અને પ્રાકૃતિક ખેતી કરવા માટે ખેડૂતોને સમજ આપી રહ્યા છે તો બીજી તરફ વિરોધ પક્ષ પણ વર્તમાન સરકારની ક્ષતિઓ શોધી તેનો પ્રચંડ વિરોધ કરી પ્રજાની સામે આવી રહ્યા છે.

જિલ્લાભરમાં આગામી દિવસોમાં તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓના પડઘમ શરૂ થઈ ગયા છે સ્થાનિક કક્ષાની ચૂંટણી હોય જેને લઈ મતદારો પણ સક્રિય બની જતા હોય છે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ચૂંટાયેલા પ્રતિનિધિ દ્વારા ગામોમાં કેટલો વિકાસ કર્યો અને કયા કામો બાકી રહી ગયા તેની તુલના કરી આગામી પાંચ વર્ષના શાસન માટે હવે કેવા ઉમેદવારને તાલુકા પંચાયતમાં તથા જિલ્લા પંચાયતની બેઠક ઉપર ચૂંટણી લડાવવી તેની રૂપરેખા ગામના કેટલાક રાજકીય આગેવાનો દ્વારા નક્કી કરવામાં આવતી હોય છે. જો કે છેલ્લા કેટલાક સમયથી પાર્ટી જે તે ઉમેદવારને મેન્ડેડ આપે તેણે ચૂંટણી લડવાની હોય છે અને ગામના આગેવાનો તથા પાર્ટીના કાર્યકર્તાઓ પોતાના ઉમેદવારને જીત અપાવવા માટે મહેનત કરતા હોય છે પણ ગ્રામ્ય વિસ્તારોમાં હવે પરિસ્થિતિ અલગ જોવા મળી રહી છે. વર્ષોથી પાર્ટીનું કામ કરતા હોય તેને અવગણી નવા ચહેરાને ટિકિટ આપી દેતા હોય ત્યારે જુના કાર્યકરોમાં ભારે નારાજગી ઊભી થતી હોય છે જે પાર્ટી સાથે તો રહેતા હોય પણ પાર્ટી વિરુદ્ધ અંદરખાને કામ કરી લેતા હોય છે જોકે હવે ગ્રામ્ય વિસ્તારમાં મતદારોમાં પણ જાગૃતતા જોવા મળી રહી છે પોતાના ગામનો કે વિસ્તારમાં વિકાસના કોઈ કામો ન થયા હોય અને રજૂઆતો કરે તો રજૂઆતો ને સાંભળતા પણ ન હોય ત્યારે આવા મતદારો મોકો જોઈને પોતાના વિસ્તારના ધારાસભ્યો હોય કે મંત્રી જેને રોકડું પરખાવી દેતા હોય છે જો કે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીની સીધી અસર વિધાનસભા અને લોકસભા ઉપર પડતી હોય ત્યારે હાલમાં ભાજપ અને કોંગ્રેસ એમ બંને પક્ષો મતદારોની વચ્ચે આવી વર્તમાન સરકારે કરેલા વિકાસના કામોની ગાથા વર્ણવી રહ્યા છે તો બીજી બાજુ વિરોધ પક્ષ વર્તમાન સરકાર પ્રજાને કેવી રીતે ઉલ્લુ બનાવી રહી છે તેની રૂપરેખા પ્રજાની વચ્ચે મૂકી રહ્યા છે ત્યારે આગામી દિવસોમાં આવી રહેલ તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણીમાં બંને પક્ષો એડી ચોટીનું જોર લગાવી પોતાની સરકાર રચાય તે માટે રાત દિવસ એક કરી જીત હાંસલ કરશે.

## સુડોકુ નં.૫૩૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | 9 | | | 3 | |
| | | | 1 | | | 7 | 8 | |
| 3 | | | | | | 1 | | 9 |
| | | | 4 | | 3 | | 9 | 7 |
| | | 1 | 7 | | 9 | 8 | | |
| 5 | 9 | | 8 | | 2 | | | |
| 7 | | 3 | 5 | | | | | 1 |
| | 8 | 9 | | | 6 | | | |
| | 2 | | | 4 | | | | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

### સુડોકુ નં.૫૩૧નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 4 | 2 | 9 | 7 | 6 | 3 | 5 |
| 9 | 5 | 6 | 1 | 3 | 4 | 7 | 8 | 2 |
| 3 | 7 | 2 | 6 | 8 | 5 | 1 | 4 | 9 |
| 2 | 6 | 8 | 4 | 1 | 3 | 5 | 9 | 7 |
| 4 | 3 | 1 | 7 | 5 | 9 | 8 | 2 | 6 |
| 5 | 9 | 7 | 8 | 6 | 2 | 4 | 1 | 3 |
| 7 | 4 | 3 | 5 | 2 | 8 | 9 | 6 | 1 |
| 1 | 8 | 9 | 3 | 7 | 6 | 2 | 5 | 4 |
| 6 | 2 | 5 | 9 | 4 | 1 | 3 | 7 | 8 |


**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૩૯૫/૨૦૨૫

**અરજદાર : બાબુભાઈ રામજીભાઈ કાવરીયા**
**રહે.** માલખેત, (તળાવ ફળિયા)
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. કે.કે. દુબળા)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, માલખેત**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બાબુભાઈ રામજીભાઈ કાવરીયા** રહે. માલખેત, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના પિતરાઈ **સ્વ. દેવજી મહાદુ ડાવરીયાનું** જન્મ/મરણ તા.૨૦-૧૩-૧૯૮૮ના રોજ મોજે - તડગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૯૫/૨૦૨૪**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૮૯/૨૦૨૬

**અરજદાર : જયેશભાઈ નટવરલાલ પટેલ**
**રહે.** ધોડીપાડા, મરોલી
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. કિશન ડી. દુબળા)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મરોલી**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **જયેશભાઈ નટવરલાલ પટેલ** રહે. મરોલી, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના દાદી **સ્વ. મંગલીબેન રામાભાઈ કોળીનું** મરણ તા.૦૯-૦૫-૧૯૯૭ના રોજ મોજે -મરોલી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૮૩/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૩૪/૨૦૨૬

**અરજદાર : શ્રી અતુલભાઈ બાબુભાઈ હળપતિ**
**ઉ.આ.વ.૬૫,** ધંધો-ખેતી, રહે. મોહનગામ, ધનવા ફળિયા
તા.ઉમરગામ, જી.વલસાડ **(વ.શ્રી. ડી.સી. પટેલ)**
**વિરુધ્ધ**
**સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,**
**ગ્રામ પંચાયત કચેરી, મોહનગામ**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **અંતુભાઈ બાબુભાઈ હળપતિ** રહે. મોહનગામ, ધનવા ફળિયા, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના માતા **સ્વ. કલીબેન બાબુભાઈ હળપતિનું** મરણ તા.૧૯-૦૭-૨૦૦૪ના રોજ મોજે - મોહનગામ, ધનવા ફળિયા, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

**નં.એમએજી/જન્મ-મરણ/ર.જી.નં.૩૪/૨૦૨૬**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,**
**તા.ઉમરગામ, જી.વલસાડ**

કોર્ટનો સિક્કો

**સહિ/-**
**મામલતદાર**
**અને**
**કાર્યપાલક મેજીસ્ટ્રેટ**
**ઉમરગામ**

# વાપીમાં ૧૧ આદિવાસી યુગલોના સમૂહ લગ્ન સમારોહ યોજાયો

**નવદંપતીઓને ઘરેણાં સહિતની ઘરવખરીની ભેટો અર્પણ કરવામાં આવી**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** વાપી મહિલા ક્લબ દ્વારા સામાજિક સહયોગ અને જાહેર સેવાનું ઉદાહરણ રજૂ કરતા, આજે ગુરુવારે ચણોદ સ્થિત રાજસ્થાન ભવન ખાતે ૧૧ આદિવાસી યુગલો માટે સમૂહ લગ્ન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લગ્ન સંપૂર્ણ પરંપરાગત વિધિઓ અને વિધિઓ સાથે સંપન્ન થયા હતા. સમારોહમાં મોટી સંખ્યામાં સામાજિક કાર્યકરો, મહાનુભાવો અને કન્યા અને વરરાજાના પરિવારના સભ્યો હાજર રહ્યા હતા. તમામ નવદંપતીઓને સોનાના મંગળસૂત્રો, ચાંદીના સિક્કા, ચાંદીના ઘરેણાં, કપડા અને ઘરગથ્થુ વસ્તુઓ ભેટમાં આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં હાજર રહેલા રાજસ્થાન પ્રગતિ મંડળના પ્રમુખ અને સામાજિક કાર્યકર તેમજ મહિલા ક્લબના કાર્યની પ્રશંસા કરી અને કહ્યું કે સમૂહ લગ્ન જેવા કાર્યક્રમો સમાજમાં આર્થિક રીતે નબળા પરિવારો માટે ખૂબ મદદરૂપ થાય છે. તેઓ સામાજિક એકતાને મજબૂત બનાવે છે અને ગરીબ પરિવારોને લગ્નના ખર્ચમાંથી રાહત આપે છે. તેમણે સામાજિક, સાંસ્કૃતિક અને આરોગ્ય ક્ષેત્રે મહિલા ક્લબના કાર્યની પ્રશંસા કરી અને શક્ય તેટલા બધા સહયોગની ખાતરી આપી હતી.

આ પહેલા, વાપી મહિલા ક્લબના પ્રમુખ શિલ્પા અગ્રવાલ, વાપી કોંગ્રેસ પ્રમુખ મહેશ શાહ અને ડોક્ટર રાજીવ પાંડે અને મહિલા પાંખના અધિકારીઓ દ્વારા દીપ પ્રગટાવીને સમારોહનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. મહેશ શાહે પણ આ કાર્યક્રમની પ્રશંસા કરી હતી અને પોતાનો સહયોગ આપ્યો હતો. લગ્ન સમારોહમાં મહેમાનો માટે ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં રાજસ્થાન પ્રગતિ મંડળના બી.કે. દાયમા, દિનેશ દાયમા, હનુમાન શર્મા, આમ આદમી પાર્ટીના વલસાડ લોકસભા બેઠકના -ભારી ડૉ. રાજીવ પાંડે, મહિલા ક્લબના સેક્રેટરી સાધના બાજપાઈ, ખજાનચી સુનંદા જોશી, પ્રોજેક્ટ કોઓર્ડિનેટર સરોજ સુરાણા, સમુન અગ્રવાલ, પુષ્પા ત્રિવેદી અને અન્ય ઘણા લોકો હાજર રહ્યા હતાં.




# ઉદવાડામાં ઠંડા પાણીની પરબ શરુ કરાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી તાલુકાના ઉદવાડા રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ શ્રી ભક્તિ મંડળ ઉદવાડા અને વેપારી મંડળના સંયુક્ત ઉપક્રમે આજે સરદાર ભીલાડવાળા બેન્ક ઉદવાડાની સામે ઠંડાપાણીની પરબ શરૂ કરવામાં આવી હતી. આજકાલ અસહ્ય ગરમી અને દઝાડતી ગરમીમાં લોકો માટે આ પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

જે આશીર્વાદ રૂપ બની રહેશે આ અવસરે બિપીનભાઈ અહમદભાઈ કીર્તિભાઈ શૈલેષભાઈ મહાવીરભાઈ તેમજ સુરેશભાઈ પુરોહિત ઉપસ્થિત રહ્યા હતાં.

ઉલેખનીય છે કે છેલ્લા ચાર વર્ષથી આ સંસ્થા દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવે છે.

# નાની દમણમાં ઈ-શ્રમ અને આયુષ્માન ભારત હેલ્થ કાર્ડ માટે કેમ્પ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સેલવાસ, તા. ૧૩ :** આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ તથા સિમ્પલબેન કાટેલાના જન્મદિવસના ઉપલક્ષમાં દામિની વુમન્સ ફાઉન્ડેશન, દમણ દ્વારા તા. ૧૨ માર્ચ ૨૦૨૬ના રોજ કાટેલા હાઉસ, સર્વોદય સોસાયટી, તીન બત્તી, નાની દમણ ખાતે ઈ-શ્રમ અને ખ્બ્ણખ કાર્ડ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ દરમિયાન મહિલાઓ અને શ્રમિકોને ઈ-શ્રમ કાર્ડ તથા ABHA (આયુષ્માન ભારત હેલ્થ આઈડી) અંગે માહિતી આપી તેમની નોંધણી કરવામાં આવી. મહિલાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવ્યો. આ પ્રસંગે દીકરીઓના ઉજ્જવળ ભવિષ્યને ધ્યાનમાં રાખીને ૧૦ બાળિકાઓના સુકન્યા સમૃદ્ધિ યોજના હેઠળ ખાતા ખોલાવવામાં આવ્યા અને -થમ હપ્તાની રકમ પણ જમા કરવામાં આવી.

આ પ્રસંગે પોસ્ટ ઓફિસ તરફથી ઉમેશભાઈ મહ્યાવંશી (Public Relation Inspector), કૃણાલ આહિર (Marketing Executive), હાર્દિક વ્યાસ (DO PLI) અને પાલક આહિર (BPM Dunetha BO) હાજર રહી બાળિકાઓના સુકન્યા સમૃદ્ધિ ખાતાની પાસબુક આપી અને માર્ગદર્શન આપ્યું. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે દામિની વુમન્સ ફાઉન્ડેશનની સભ્યો તૃપ્તિ પટેલ, જ્યોતિ જોશી, સંગીતા શર્મા, સોનુ પટેલ અને તરુણા પામસી નો વિશેષ સહયોગ રહ્યો. કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો અને ઉપસ્થિત સૌએ આવી સામાજિક પહેલોને આગળ વધારવા માટે શુભેચ્છા પાઠવી હતી.

# ટુકવાડામાં દીપડો પાંજરે પુરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**પારડી, તા. ૧૩ :** પારડી તાલુકાના ટુકવાડા ગામમાં દીપડાને પાડી વન વિભાગની ટીમે પકડવા માટે ગોઠવેલ પાંજરામાં દીપડો પુરાઈ ગયો હતો અને પકડાઈ ગયો હતો આ સાથે વન વિભાગને મોટી સફળતા મળી હતી અને લોકો ભયમુક્ત બન્યા હતા સામાજીક વનિકરણ રેંજ પારડીના કાર્ય વિસ્તારમા આવેલ ટુકવાડા ગામે આહિર ફળીયા ખાતે બાબુભાઈ હણીયાભાઈ આહિરના ઘરેથી વન્યપ્રાણી દિપડાને બકરાનુ તા.૧૦/૦૩/૨૦૨૩ના રોજ મારણ કરવાની ફરીયાદ સરપંચ તેજલબેન દિપેશભાઈ પટેલ ટુકવાડા દ્વારા રેંજ ફોરેસ્ટ ઓફિસર પારડીને જાણ કરતા વન વિભાગનો સ્ટાફ તાત્કાલીક સ્થળની મુલાકાત કરી સ્થળ પર પાંજરૂ ગોઠવણ કરી હતી. ત્યાર બાદ ગઈ કાલ તા.૧૨/૦૩/૨૦૨૩ના રોજ સાંજે આશરે ૦૯:૩૦ કલાકે વન્યપ્રાણી દિપડો પાંજરૂમા પુરાતા વન વિભાગ ટીમ સ્થળ પર પહોંચી પાંજરૂ કબજે લઈને વન્યપ્રાણી દિપડા નર-૧નો કબ્જો મેળવી સુરક્ષિત જગ્યાએ ખસેડી લાવવામા આવેલ છે. જેનુ પશુચિકિત્સક પારડી ધ્વારા મેડીકલ ચેકઅપ કરી, નાયબ વન સંરક્ષક વલસાડના માર્ગદર્શન હેઠળ વન્યપ્રાણીને જંગલ વિસ્તારમા મુક્ત કરવાની આગળની કાર્યવાહી હાથ ધરવામા આવશે અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા છ મહિનાથી ગામડાઓમાં દીપડા લીધે લોકો ભયભીતછે આવા નવા દીપડાઓ આવતા હોય લોકોના ઉપર હુમલો પણ થઈ ચૂક્યો છે ટુંકવાડામાં દીપડો પકડાતા લોકો ભય મુક્ત બન્યા છે અને વન વિભાગની ટીમને અભિનંદન આપ્યા હતાં.

# કરમખલમાં શ્રી કષ્ટભંજન હનુમાન દાદા મંદિર પાટોત્સવ યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૩ :** નાનાપોંઢા તાલુકાના કરમખલ ગામે આવેલ શ્રી કષ્ટભંજન હનુમાન દાદાના મંદિર ખાતે આવતી તા. ૦૨ એપ્રિલ ૨૦૨૬, ગુરુવારના રોજ ચૈત્ર સુદ પૂર્ણિમા નિમિત્તે જયંતી મહોત્સવ તથા મંદિર પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ ધાર્મિક પ્રસંગે ગામના ભક્તો તેમજ આજુબાજુના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહેશે તેવી શક્યતા છે. આ પ્રસંગે સવારે ૭:૩૦ કલાકે યજ્ઞ વિધિનું આયોજન કરવામાં આવશે. ત્યારબાદ સવારે ૧૧:૩૦ કલાકે ભગવાનની મહા આરતી કરવામાં આવશે. બપોરે ૧૨:૦૦ થી ૨:૦૦ વાગ્યા સુધી મહાપ્રસાદનું વિતરણ કરવામાં આવશે, જેમાં તમામ ભક્તોને પ્રસાદ ગ્રહણ કરવા માટે આમંત્રણ આપવામાં આવ્યું છે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શ્રી કષ્ટભંજન હનુમાન દાદા સાર્વજનિક મંડળ, કરમખલ દ્વારા કરવામાં આવ્યું છે. મંડળ દ્વારા તમામ ભાવિક ભક્તોને આ પવિત્ર પ્રસંગે હાજર રહી ધર્મલાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

# કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ અને પ્રતિનિધિ મંડળે મુખ્યમંત્રીની મુલાકાત લીધી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના કપરાડા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીના નેતૃત્વમાં કપરાડા વિસ્તારના લોકપ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓએ વિધાનસભા સત્ર દરમિયાન રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમ્યાન વિસ્તારના વિકાસ અને સ્થાનિક પ્રશ્નોને લગતા મુદ્દાઓ પર સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

આ અવસરે કપરાડા વિધાનસભા વિસ્તારના જિલ્લા પંચાયત સદસ્યઓ, તાલુકા પંચાયત સદસ્યઓ, વિવિધ ગ્રામ પંચાયતના સરપંચઓ તથા કાર્યકર્તાઓ હાજર રહ્યા હતાં. પ્રતિનિધિમંડળે મુખ્યમંત્રીને મળીને તેમને શુભેચ્છાઓ પાઠવી અને કપરાડા વિસ્તારના સર્વાંગી વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયત્નો બદલ આભાર વ્યક્ત કર્યો હતો.

મુલાકાત દરમિયાન ગ્રામ્ય વિસ્તારના માર્ગ, પાણી, શિક્ષણ અને આરોગ્ય જેવી મૂળભૂત સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે ચર્ચા કરવામાં આવી હતી. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે પ્રતિનિધિમંડળને વિશ્વાસ આપ્યો હતો કે રાજ્ય સરકાર ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબદ્ધ છે અને કપરાડા વિધાનસભા વિસ્તારમાં પણ વિકાસકાર્યોને પ્રાથમિકતા આપવામાં આવશે.

ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારના સહયોગથી કપરાડા વિસ્તારમાં વિવિધ વિકાસ કાર્યો ઝડપથી આગળ વધી રહ્યા છે. આવનારા સમયમાં પણ માર્ગ, શિક્ષણ, આરોગ્ય અને પીવાના પાણી જેવી સુવિધાઓમાં વધુ સુધારણા કરવા પ્રયાસ કરવામાં આવશે.

આ મુલાકાત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં પૂર્ણ થઈ હતી અને લોક-તિનિધિઓએ વિસ્તારના વિકાસ માટે સરકાર સાથે મળીને કાર્ય કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# વાપીની કેબીએસ કોલેજમાં રસ્સા ખેંચ સ્પર્ધા યોજાઈ



**વાપી, તા.૧૩ :** અત્રે ચણોદ કોલોની સ્થિત કેશવજી ભારમલ સુમેરીયા એન્ડ નટરાજ પ્રોફેશનલ સાયન્સીસ કોલેજ, વાપી ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત હેઠળ આંતર-કોલેજરસ્સા ખેંચ (ગર્લ્સ) સ્પર્ધા અને પસંદગીનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ભારતીબેન સુમેરિયા મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા અને તેમણે તેમના પ્રેરણાદાયી શબ્દોથી ભાગ લેનારાઓને પ્રોત્સાહિત કર્યા હતાં. યુનિવર્સિટીસંલગ્ન વિવિધ કોલેજોની ટીમોએ સ્પર્ધામાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉત્તેજક અને સ્પર્ધાત્મક રાઉન્ડ પછી, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડ ચેમ્પિયન તરીકે ઉભરી આવી હતી. જયારે એસ.વી. પટેલ કોલેજ, બીલીમોરા રનર્સ-અપ પોઝિશન મેળવી હતી. આ સ્પર્ધા બાદ દરેક ખેલાડી મિત્રોમાંથી ઉત્કૃષ્ટ દેખાવ કરનાર ૧૦ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. જેઓકાલીકટ યુનિવર્સીટી, કેરલા ખાતે આંતર યુનિવર્સીટી સ્પર્ધામાં ભાગ લઈ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતનું પ્રતિનિધિત્વ કરશે. સમગ્ર સ્પર્ધાનું કાર્યક્ષમ આયોજન અને સંચાલન કોલેજની રમતગમત સમિતિ સાથે શારીરિક શિક્ષણના સહાયક પ્રોફેસર ડો. મયુર પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓમાં ઉત્તમ રમતગમત, ટીમવર્ક અને ઉત્સાહ જોવા મળ્યો હતો. આ પ્રસંગે, કોલેજના આચાર્ય ડૉ. પૂનમ બી. ચૌહાણે તમામ ભાગ લેનાર ટીમો, વિજેતાઓ તેમજ પસંદગી પામેલાઓને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ અભિનંદન પાઠવ્યા હતાં.

# કપરાડાની સરકારી વિનયન કોલેજમાં પલાશ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ




**વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાની સરકારી વિનયન અને વિજ્ઞાન કોલેજનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ પલાશ પર્વ - ૨૦૨૬ કોલેજના ઈન્ચાર્જ આચાર્ય મનોજકુમાર પી.પટેલ ના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ હર્ષોલ્લાસભેર ઉજવાયો હતો.

કાર્યક્રમના ઉદ્દઘાટક અને મુખ્ય મહેમાનશ્રી તરીકે ઉપસ્થિત હરેશ પટેલ, ઉચ્ચ શિક્ષણ નિરીક્ષક, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, વલસાડ દ્વારા સરકારની વિવિધ યોજનાઓ અંગે માર્ગદર્શન આપી વિદ્યાર્થીઓને પ્રેરણાદાયક પ્રસંગ દ્વારા પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. અશોકભાઇ ભોયા, આચાર્ય, અરૂણોદય હાઈસ્કૂલ, કપરાડા દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ થકી સિધ્ધિ અને સફળતા વિશે જણાવી ઉત્સાહ વધાર્યો હતો.

આ કાર્યક્રમ દરમિયાન કોલેજના વાર્ષિક મેગેઝિન સરવાણી અને સાયબર જાગૃતિ માટે સાયબર જાગૃત્તિ પુસ્તિકાનું વિમોચન મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરીએ સરવાણી મેગેઝિન માટે શાબ્દિક શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો. સમગ્ર વર્ષમાં થયેલી પ્રવૃત્તિઓમાં વિજેતા અને વિશિષ્ટ સિધ્ધિઓ બદલ વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું અને વર્ષ ૨૦૨૪ - '૨૫માં ટી.વાય.બી.એમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની ઉર્વશીબેન એસ.વાધમાર્યા દ્વારા યુનિવર્સિટી કક્ષાએ ઈતિહાસ વિષયમાં ગોલ્ડ મેળવ્યો હતો તેમનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ઉદ્દઘાટક સત્ર બાદ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સ્ટુડન્ટ ઑફ ધ યર મેલ અને ફિમેલ પણ એનાયત કરવામાં આવ્યા હતા.

કોલેજના આચાર્ય મનોજકુમાર પી.પટેલે મહેમાનઓનું પુસ્તક અને કેસૂડાંના ફૂલથી સ્વાગત કર્યુ હતું. કોલેજનાં સપ્તધારાના અધ્યક્ષ ડૉ. મેઘનાબેન ધારણે એ સપ્તધારા અને સમગ્ર વર્ષ દરમિયાન થતી વિવિધ પ્રવૃત્તિ અંગે વિગતવાર અહેવાલ રજૂ કર્યો હતો.

આ કાર્યક્રમમાં આશાબેન દેસાઈ, મોડેલ સ્કુલ માંડવા, સંજય પટેલ, આચાર્ય, આઈ.ટી.આઈ. કપરાડા, સરકારી વિજ્ઞાન હાઈસ્કુલ, કપરાડાથી કેવિન પટેલ, નીતાબેન ચૌધરી, આચાર્ય, કન્યા સાક્ષારતા સ્કુલ, ક્પરાડા અને ભરતભાઈ ગામીત, મેનેજરશ્રી, એસ.બી.આઈ બેન્ક, કપરાડાની વિશેષ ઉપસ્થિતિ સાથે કોલેજનાં આચાર્ય સહિત, કર્મચારીગણ અને કોલેજનાં વિદ્યાર્થી ભાઈઓ- બહેનો તથા કૉલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# પારનેરા ગામમાં પ્રાકૃતિક ખેતીનો તાલીમ કાર્યક્રમ યોજાયો

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ તાલુકાના પારનેરા પારડી ગામમાં આત્મા પ્રોજેક્ટ દ્વારા પ્રાકૃતિક ખેતીની તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. વલસાડ તાલુકા પ્રોજેકટ મેનેજર શિવાની ગઢવી, કોમ્યુનિટી રિસોર્સ પર્સન (CRP) ઉત્તમભાઈ પટેલ અને કૃષિ સખી ચંદનબેન પટેલ દ્વારા પ્રાકૃતિક ખેતીની માહિતી આપવામાં આવી હતી, જેમાં રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓના ઉપયોગના કારણે લોકોનું સ્વાસ્થ્ય બગડ્યું હોવાનું જણાવાયુ હતું. તેથી -કૃતિક ખેતીથી રસાયણમુક્ત ઉત્પાદન લઈ શકાય છે તથા આવનારી ભવિષ્યની પેઢીને વારસામાં રસાયણમુક્ત અને ઉપજાઉ જમીન આપી શકાય છે તે અંગે ખેડૂતોને માહિતી આપી હતી.




# ઉદવાડા - પારડી રેલવે ટ્રેક વચ્ચે અજાણી મહિલાનું મોત

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ જિલ્લાના પારડી તાલુકાના ઉદવાડાથી પારડી રેલવે સ્ટેશન વચ્ચે તા. ૦૨ માર્ચ ૨૦૨૬ના રોજ રાત્રિના ૨૨/૧૮ કલાકે પલસાણા ગંગાજી રેલવે ઓવર બ્રિજ પાસે થાંભલા નં.૧૮૪/૩૧ પાસે ડાઉન લાઈન ઉપર ટ્રેન નં. ૨૦૯૫૩ ચૈન્નઈ અમદાવાદ એક્સપ્રેસ ટ્રેનની એક અજાણી ૫૫ થી ૬૦ વર્ષીય મહિલા અડફેટે આવી જઈ મોતને ભેટી હતી. જેના વાલી વારસોની શોધખોળ કરી હતી પરંતુ કોઈ પત્તો લાગ્યો ન હતો. જે લાશને પારડી સ્મશાન ભૂમિ ખડકી ખાતે કોલ્ડરૂમમાં રાખવામાં આવી છે. જે કોઈને પણ આ અજાણી મહિલાના વાલી વારસોની ભાળ મળે તો પારડી પોલીસ મથકે જાણ કરવા અખબારી યાદીમાં જણાવાયુ છે.

# સાપુતારામાં કોમર્શિયલ ગેસ સિલિન્ડરની અછત : ટેલ-રેસ્ટોરન્ટ ઉદ્યોગ ચિંતામાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**સાપુતારા, તા.૧૩ :** મધ્ય પૂર્વમાં વધતા જતા તણાવ વચ્ચે ઈરાન અને ઇઝરાયેલ વચ્ચેની પરિસ્થિતિની અસર હવે ગુજરાત સુધી પહોંચી હોવાનું જોવા મળી રહ્યું છે. રાજ્યના છેવાડે આવેલ ડાંગ જિલ્લાનાં એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે કોમર્શિયલ ગેસ સિલિન્ડરનો પુરવઠો ખોરવાતા હોટેલ ઉદ્યોગ અને ટેન્ટ સીટી રિસોર્ટ ઉધોગ ચિંતામાં મુકાયો છે.

મળતી માહિતી મુજબ ગિરિમથક સાપુતારામાં હાલ કોમર્શિયલ ગેસ સિલિન્ડરની ભારે અછત સર્જાઈ છે. વૈશ્વિક પરિસ્થિતિને કારણે સપ્લાય ચેઈન પ્રભાવિત થતા ગેસ સિલિન્ડર સમયસર ઉપલબ્ધ ન થતાં હોટેલ,રિસોર્ટ,રેસ્ટોરન્ટ અને ખાણીપીણીના ધંધા પર સીધી અસર પડી રહી છે. સાપુતારાની મોટી હોટેલોમાં હાલ બે થી ત્રણ દિવસ સુધી ચાલે તેટલો જ ગેસ સ્ટોક બચ્યો હોવાનું જાણવા મળે છે. જેના કારણે હોટેલ મેનેજમેન્ટ દ્વારા ઓછા ગેસના વપરાશ સાથે વ્યવસ્થા ચલાવી શકાય તે માટે કટોકટીય આયોજન હાથ ધરાયું છે.પરંતુ સૌથી વધુ મુશ્કેલી નાના ધંધાર્થીઓને પડી રહી છે. નાસ્તાની લારીઓ, નાના ફૂડ સ્ટોલ, ધાબા અને નાના રેસ્ટોરન્ટ ચલાવતા સ્થાનિક વેપારીઓ માટે ગેસ વગર રસોડું ચલાવવું મુશ્કેલ બની ગયું છે. પરિણામે અનેક સ્થળોએ ધંધા બંધ થવાની સ્થિતિ સર્જાઈ રહી છે. આ પરિસ્થિતિને કારણે સાપુતારાના પ્રવાસન ધંધા સાથે સંકળાયેલા હજારો લોકોની રોજગારી પર પણ સંકટના વાદળ મંડરાઈ રહ્યા છે. હોટેલ એસોસિએશન દ્વારા આ મુદ્દે જિલ્લા કલેકટરને રજૂઆત કરવાની તૈયારી ચાલી રહી છે. જેથી તાત્કાલિક ગેસ પુરવઠો સુચારૂ કરી શકાય.બીજી તરફ રિસોર્ટ, નાના રેસ્ટોરન્ટ અને લારી સંચાલકો પણ સરકાર સમક્ષ તાત્કાલિક ઉકેલ લાવવાની માંગ કરી રહ્યા છે.તેમનું કહેવું છે કે જો ગેસ પુરવઠો વહેલી તકે પુનઃ શરૂ નહીં થાય તો સાપુતારાના પ્રવાસન ધંધા સાથે સંકળાયેલા અનેક નાના વેપારીઓને ભારે આર્થિક નુકસાન ભોગવવું પડી શકે છે.

દમણગંગા ટાઈમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો
www.damangangatimes.com

## કશ્યપ બંધુ - એક સામાજિક સુધારક



ગૈરુ (નૂરપુર ગામ)ના શ્રી તારા ચંદ, જે કશ્યપ બંધુ અને બુલબુલ-એ-કાશ્મીર તરીકે પ્રસિદ્ધ હતા, તેમને કાશ્મીરમાં સામાજિક સુધારકોમાં એટલું જ મહત્વ મળવું જોઈએ હતું જેટલું બંગાળમાં Raja Ram Mohan Royને મળ્યું છે. પરંતુ તેમને વધુ પડતા રાજકીય નેતા તરીકે ઓળખવામાં આવે છે, સામાજિક સુધારક તરીકે નહીં.

કાશ્મીરી પંડિતોના વિચારધારા બદલવા, તેમની સામાજિક રચનામાં સુધારા લાવવા અને સામાજિક બાંધછોડ દૂર કરવા માટે તેમણે કરેલા પ્રયત્નોએ સમાજમાં મોટો બદલાવ લાવ્યો. તેનો અસર આજેય જોવા મળે છે – ખાસ કરીને સ્ત્રીઓના વસ્ત્રોમાં (સાડી) અને સ્ત્રી શિક્ષણના ઝડપી વિકાસમાં.

માર્ચ ૧૮૯૯માં ગૈરુ (નૂરપુર ગામ) માં ઠાકુર ભટના ઘરે તેમનો જન્મ થયો. તેમણે પ્રાથમિક શિક્ષણ સ્થાનિક શાળામાં મેળવ્યું અને પછી શ્રીનગરમાં એન્ટ્રન્સ પરીક્ષા સુધી અભ્યાસ કર્યો. પરીક્ષા પાસ કર્યા પછી નોકરીની શોધ શરૂ થઈ અને ભારે સંઘર્ષ પછી તેમને રેવન્યુ વિભાગમાં શજરાકાશ તરીકે નોકરી મળી.

પરંતુ થોડા સમય પછી તેમણે નોકરી છોડી અને લાહોર ગયા. તે સમય દરમિયાન Arya Samaj, Brahmo Samaj જેવી સંસ્થાઓ સામાજિક સુધારાની વાત કરી રહી હતી. તેઓ આર્ય સમાજના પ્રભાવ હેઠળ આવ્યા અને લાહોરના વૃજનંદ આશ્રમ સાથે જોડાયા. તેમણે સંપૂર્ણ શાકાહારી જીવન અપનાવ્યું.

આશ્રમના પ્રિન્સિપાલ વિશ્વ બંધુએ તેમના સામાજિક સેવા માટે ઉત્સાહને જોઈ તેમને કાશ્મીરની સેવા કરવાની સલાહ આપી અને તેમનું નામ કશ્યપ બંધુ રાખ્યું.

લાહોરમાં તેઓ આર્ય ગઝેટના સંપાદક બન્યા. ત્યાં રહેતા તેમણે શિયાળામાં રોજગાર માટે લાહોર આવતા કાશ્મીરી મજૂરોની દુર્દશા જોઈ. તેમણે તેમને સંગઠિત કર્યા અને કશ્મીરી મજૂર બોર્ડ શરૂ કર્યું, જેમાં તેઓ સચિવ બન્યા.

તેમનો સંપર્ક ક્રાંતિકારીઓ સાથે પણ થયો અને તેઓ Bhagat Singhના જૂથ સાથે જોડાયા. તેમને સેન્ડર્સ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી, પરંતુ પછી મુક્ત કરવામાં આવ્યા.

**કાશ્મીરમાં પરતફેર**

કશ્યપ બંધુ હંમેશા કાશ્મીરની સેવા કરવા આતુર હતા. રાજ્ય બહાર હોવા છતાં તેઓ કાશ્મીરની સ્થિતિ અને ખાસ કરીને કાશ્મીરી પંડિતોની હાલત વિશે માહિતગાર રહેતા.

૧૯૩૦-૩૧ દરમિયાન Muslim Conference ની સ્થાપના થઈ. ૧૯૩૧માં તેના નેતાઓની મુક્તિ માટે શ્રીનગરમાં એક પ્રદર્શન કાઢવામાં આવ્યું. તે દરમિયાન અશાંતિ ફાટી નીકળી અને કાશ્મીરી પંડિતોના ઘરો અને દુકાનો પર હુમલા થયા. કેટલાક લોકો માર્યા ગયા.



**ચસ્મે બદૂર કશ્મીર**


ડો. રાધિકા ટીક્કુ, વલસાડ


આ ઘટનાના થોડા સમય પછી કાશ્યપ બંધુ કાશ્મીર પાછા આવ્યા.

તેમણે પ્રેમ નાથ બઝાઝ, શિવ નારાયણ ફોતેદાર અને જિયા લાલ કિલમ સાથે મળીને યુવક સભા સ્થાપી. તેનું મુખ્ય કાર્યાલય શીતલનાથમાં હતું. અહીંથી જ તેમણે રાજકીય અને સામાજિક સુધારાના કાર્ય શરૂ કર્યા.

કશ્યપ બંધુ દ્વારા શરૂ કરાયેલા મુખ્ય સામાજિક સુધારા

**૧. વિધવા પુનર્વિવાહ**

તે સમયના સમાજમાં વિધવાઓને ફરી લગ્ન કરવાની મંજૂરી નહોતી. ઘણી યુવાન વિધવાઓને આખી જિંદગી મુશ્કેલીમાં જીવવું પડતું. કાશ્યપ બંધુએ આ પ્રથાના વિરોધમાં આંદોલન શરૂ કર્યું. તેમના ઘણા સહયોગીઓએ પોતે વિધવાઓ સાથે લગ્ન કરીને સમાજને ઉદાહરણ આપ્યું.

**૨. લગ્ન અને તહેવારોમાં વ્યર્થ ખર્ચ ઘટાડવો**

લગ્ન અને તહેવારો દરમિયાન દિવસો સુધી ચાલતી ભોજનપ્રથામાં ભારે બગાડ થતો. કાશ્યપ બંધુ અને તેમના સાથીઓએ આવા પ્રસંગો સામે ધરણા કરીને લોકોમાં જાગૃતિ ફેલાવી. તેમણે

- બારાતીઓની સંખ્યા ઘટાડવા
- દહેજ પ્રથા બંધ કરવા
- ભોજનમાં બગાડ ટાળવાની સલાહ આપી.
- છોકરીઓનું શિક્ષણ

કાશ્યપ બંધુનું સૌથી મોટું યોગદાન છોકરીઓના શિક્ષણમાં છે. તે સમય દરમિયાન વસંત ગર્લ્સ સ્કૂલ જેવી શાળાઓ શરૂ થઈ. આજે કાશ્મીરી સ્ત્રીઓ અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહી છે – તેનું શ્રેય મોટા ભાગે તેમને જાય છે.

**૪. સાપ્તાહિક સભાઓ**

હરી પરબત ખાતે સાપ્તાહિક સભાઓ યોજાતી હતી. અહીં યજ્ઞ અને હવન કરવામાં આવતાં અને સમાજમાં એકતા અને ભાઈચારું વધારવાનો પ્રયત્ન કરવામાં આવતો.

**૫. મોચી ફોલ**

વિધવાઓ અને ગરીબોને મદદ કરવા માટે તેમણે દાન એકત્ર કરવાનું શરૂ કર્યું. સ્વયંસેવકો ઘર-ઘર જઈને ચોખા અને અન્ય સામાન એકત્ર કરતા.

તેમણે વિધવાઓ માટે સિલાઈ કેન્દ્ર શરૂ કર્યું જેથી તેઓ પોતાનું જીવન ચલાવી શકે.

**૬. ફેરનથી સાડી સુધી**

આજે કાશ્મીરી સ્ત્રીઓ સાડી અથવા સલવાર કમીઝ પહેરે છે, પરંતુ ૧૯૩૦ના દાયકામાં તે પ્રચલિત નહોતું. તે સમયની સામાન્ય પહેરવેશ ફેરન હતી.

કશ્યપ બંધુએ સ્ત્રીઓને ખાદી સાડી પહેરવા પ્રોત્સાહિત કર્યું. શરૂઆતમાં વિરોધ થયો, પરંતુ તેમના સતત પ્રયત્નો પછી આ પરિવર્તન સ્વીકારવામાં આવ્યું.

**લેખન અને પ્રચાર**

તેમણે પોતાના વિચારો પ્રસારિત કરવા માટે મીડિયાનો ઉપયોગ કર્યો. તેઓ ડેઈલી માર્તંડના પ્રથમ સંપાદક હતા અને કેસરી તથા દેશ જેવા અખબારોમાં પણ લેખ લખતા.

**અંતિમ વિચાર**

આજે દુઃખની વાત છે કે આપણે આ મહાન વ્યક્તિત્વને લગભગ ભૂલી ગયા છીએ.

તેમણે

- દહેજનો વિરોધ કર્યો
- વ્યર્થ ખર્ચ રોકવાનો ઉપદેશ આપ્યો
- સરળ જીવન જીવવાનું કહ્યું

પરંતુ આજના સમયમાં દહેજ અને લગ્નમાં ખર્ચ ઘણી ગણી વધી ગયો છે. તેમને સાચી શ્રદ્ધાંજલિ આપવી હોય તો તેમના વિચારો અને શિક્ષણને જીવનમાં ઉતારવું જોઈએ. તેમના જન્મદિવસને દર વર્ષે સામાજિક સુધાર દિવસ તરીકે ઉજવવો જોઈએ.

## અથશ્રી એન્જિયોપ્લાસ્ટી પ્રકરણમ્




મનું નામ ડો. કિરીટ વેધ-એમ.ડી. અઅટકથી આયુર્વેદિક નિષ્ણાત અને શિક્ષણથી એલોપેથિક નિષ્ણાત ફિઝિશિયન -વાડીલાલ હોસ્પિટલમાં વર્ષો સુધી માનદ પ્રોફેસર અને મેડિસીન વિભાગમાં એમબીબીએસ અને એમ.ડી. થતાં વિદ્યાર્થીઓને સુશિક્ષિત કરવામાં મોટો ફાળો !

એક શિયાળાની સવારે એમના બંગલાના ભગીચામાં બેઠા-બેઠા પ્રકૃતિદર્શન અને સાથેસાથે સ્પેશિયાલ વાહ ચા...! ચાની ચુસકી લેતા હતા, ત્યાં છાતીમાં મુંઝારા જેવું અને શરીરે પરસેવા લાગ્યું. એટલે અડધી ચા કમને મૂકી બેડરૂમમાં ગયા, આડા પડ્યા, પણ ગરમી તો થાય જ! એટલે પંખો-એસી બધું ચાલુ જેવું ખ્યાલ આવ્યો પ સાથી વિદ્યાર્થીઓને ભણાવ્યું છે અને દર્દીઓને જેનાથી બચાવ્યા છે એ આજે મારી સામે છે. હૃદયશૂળ...! એટલે જીભની નીચે મૂકવાની ગોળી લીધી અને આડા પડ્યા. થોડી વારમાં સારું લાગવા માંડ્યું, પણ શ્રીમતીજીનો ઈગો થવાયો કે આટલી સરસ ચા-મસાલા ચા બનાવી હતી અને એઠી મૂકીને ઘરમાં આવતા રહ્યા, પણ પરિસ્થિતિ જોઈને એમણે ચૂપચાપ અમારા સૌના મિત્ર સિનિયર ફિઝિશિયનને ફોન કરી બોલાવી લીધા. ફિઝિશિયનનાં ઘરે ઈસીજી મશીન તો હોય જ. પહેલો ઈસીજી બિલકુલ નોર્મલ અને દુઃખાવો, મુંઝારો, પરસેવો ભધું જ ગાયબ. હવે શું કંઈ નહીં, આજે આરામ કરો, કાલે ફરીથી જોઈશું, પણ ફિઝિશિયન જાતે હોવાથી બ્લડ ટેસ્ટ જે વિશે ચોક્કસપણે કોલો. ટ્રોનીન ટેસ્ટ આપણને આવ્યો નહીં કરાવી લીધો જે થોડોક વધુ હતો. ભીજો ઈસીજી પણ નોર્મલ, તો હવે ટુ-ડી ઈકો કરાવીએ-એ પણ નોર્મલ, ટ્રોપોનીન ટેસ્ટ બીજીવાર કરાવ્યો, તો એ ગઈકાલ કરતાં વધુ હતો. એટલે ભલે બે ઈસીજી અને ટુ-ડી ઈકો નોર્મલ આવ્યા છે, પણ રોગનાં લક્ષણો અને જીભની નીચે મૂકવાની ગોળીથી મટી ગયું એ બતાવે છે કે, હૃદયના પ્રવાહમાં કંઈક ગડભડ જ. કોરોનરી એન્જિઓગ્રાફી કરાવી, જે સાથળમાંથી અથવા કાંડાની નસમાંથી પાતળી નળી દાખલ કરીને હૃદય સુધી લઈ જઈ ત્યાં ડાઈ-દવા ઈન્જેક્ટ કરીને ક્યાં બ્લોકેજ છે એ શોધવા માટેનો ટેસ્ટ છે, હૃદયની બે નળીમાં એકમાં ૯૫ ટકા, બીજીમાં ૫૫ ટકા બ્લોકેજ આવ્યા, એન્જિઓપ્લાસ્ટી અને સ્ટેન્ટ બેસાડી દીધા અને હવે એકદમ મજામાં છે, તરણ સ્પર્ધાઓમાં ગોલ્ડમેડલ જીતી આવ્યા છે. એડવેંચર સ્પોર્ટસમાં ભાગ લીધો છે એન્જિઓપ્લાસ્ટી કરાવ્યા બાદ ! હૃદયની નળીઓમાં બ્લોકેજ અવરોધ ઊભા થવાનાં કારણો કોલેસ્ટેરોલ ખાસ કરીને ખરાબઁ (એલ.ડી.એલ.)નું વધુ પ્રમાણ, હાઈ બ્લડપ્રેશર રહેતું હોય, ડાયાબિટીસ હોય, તમાકુનું સેવન કરતા હો, ઓબેસિટી સ્થૂળતા હોય, કસરતનો અભાવ, ભોજનમાં સ્વાસ્થ્યપ્રદ ન હોય એવું વધારે -ધામાં લેવું, ઊંઘમાં અશ્વ ઉમેર અને કોટુંબિક ઈતિહાસ, સ્ટ્રેસ લેવલ ઊંચું રહેતું હોય આવાં કારણોના લીધે હૃદયની નળીઓમાં ચીકાસવાળો પદાર્થ પ્લેક જમા થાય છે અને લોહીના પ્રવાહને અવરોધે છે, ક્યારેક આ અવરોધ તૂટે-ચીરો પડતાં એની ઉપર લોહીની કોશિકાઓ ચોટી જઈને (આમ તો લોહીને નીકળતું બંધ કરવા માટે ! હેતુ તો શુદ્ધ જ !) અવરોધને અચાનક જોખમી બનાવી દે. આવું થાય ત્યારે છાતીમાં દબાણ જેવો જેવું લાગવું, ઊલટી થથી અથવા ઉભા દુઃખાવો, મુંઝારો, પરસેવો આવવા, શ્વાસ લેવામાં તકલીફ થવી... વગેરે થઈ શકે છે.ઘણીવાર હાથમાં, પીઠમાં, ગળાના પાછળના ભાગમાં કે જડબામાં પણ દુઃખાવો હોઈ શકે. આવું થાય તો સમય લેક્ટર સૌથી પહેલાં તપાસીને ઈ.સી. જી. લે ગુમાવ્યા વગર ડોક્ટરની સલાહ લ્યો. છે, જે હૃદયરૂપી સ્નાયુઓની ઈલેક્ટ્રિક એક્ટિવિટી બતાવે છે. બીજાં સાધનો નહોતાં, ત્યારે દર્દીની ફરિયાદ અને ઈ.સી.જી. જ નિદાન કરવા માટેનાં મુખ્ય સાધનો હતાં!

ત્યારબાદ ટુ-ડી ઈકો દ્વારા હૃદયના સ્નાયુઓમાં આવેલી નબળાઈની તપાસ કરાય છે. (લોહીનો પુરવઠો ઓછો મળે એટલે સ્નાયુ ઓછું કામ કરે અથવા કામ કરતા બંધ થઈ જાય) પછી કેટલાક બ્લડ ટેસ્ટ કરાય. ૧૯૬૦થી ૨૦૧૦ સુધીમાં એમાં ઘણા બધા પરિવર્તનો આવ્યા છે અને હૃદયરોગના વધુ ચોક્કસ રીતે નિદાન માટેઉપયોગી થયાં છે. હાલમાં ટ્રોપોનીન નામનો બ્લડ ટેસ્ટનો ઉપયોગ થાય છે, સચોટ છે. એજિઓગ્રાહી કરાવવાની જરૂર કેમ પડે ?

ક્યારેક એવું બને કે, ચોક્કસ નિદાન બીજા ટેસ્ટથી ન થતું હોય



**ડોક્ટર કહે છે**


- ડો. યોગેશ વેલાણી


તેમજ અવરોધને એન્જિઓપ્લાસ્ટી પણ થઈ શકે. એટલે નિદાન અને પછી સારવાર એમ બંને હેતુ એનો માટે થાય છે. મટે હટાવવા માટે ઉપયોગ અવરોધને હટાવવા માટે ઓપરેશન કરીને નળીને ખોલીને પ્લેકને કાઢવો એ બહુ જ જોખમી-બહુ સમય લેતી પદ્ધતિ હતી. ૧૯૬૦માં હાર્ટએટેક આવે એટલે

દર્દીને દુઃખાવો ન થાય, એનાં ઈન્જેક્શન, ઓક્સિજન અને આરામ-આ જ દવા હતી, પરંતુ ત્યારબાદ ૧૯૭૬માં ડો. માઈકલ ડેવીએ લોહીના ગઠ્ઠા જે અવરોધ કરે છે, લોહીના પ્રવાહને, એને ઓગાળવાની દવાઓ શોધવાની શરૂ કરી અને ૧૯૮૦માં દવા બજારમાં આવી, જેને ક્લોટ બ્લસ્ટરિંગ ડ્રગ નામ આપાવામાં આવ્યું. આને કારવો એ વર્ષોમાં હૃદયરોગનાં કારણે જે મૃત્યુ થતાં હતાં એમાં ૪૦ ટકા જેટલો ઘટાડો નોંધાયો ! જો કે, ડોક્ટરોએ આ ઉપલબ્ધિ પછી પણ સંતોષ નહોતો માન્યો અને ૧૯૯૦માં એન્જિઓપ્લાસ્ટી એટલે તાત્કાલિક અવરોધને હટાવવો-એ પદ્ધતિ માટે સાધનો, સ્ટાઠ, ડોક્ટરોની ટીમવાળી હોસ્પિટલ હોવી જરૂરી છે. એટલે દૂરનાં સ્થળે હાર્ટએટેક થાય તો... અવરોધ ઓગાળવાની દવાઓ જ કારગત નીવડે, પણ એમાં પણ એક તકલીફ હતી. આ દવાઓ આપ્યા પછી લોહી વહેવાનું શરૂ થઈ જાજ. મગજની નસમાંથી પણ - એટલે ક્યારેક આમાં કે, એના બકરું કાપતાં ઊંટ પેસી જાય એવું બને ! તેમ છતાં દૂર દૂરનાં સાળે હાર્ટએટેક માટે અવરોધ ઓગાળવાની દવાઓ આજે પણ ઉપયોગમાં લેવાય છે. ૧૯૬૪માં ચાલ્સ ડોટર એક રેડિયોલોજિસ્ટ, એઓટોગ્રાહી કરતી વખતે કેથેટર દાખલ કરી એક વર્ષના મહિલા દર્દીમાં જેમને પગમાં લોહી ઓછું જવાથી પગની આંગળીઓમાં ગેંગરીન થયું હતું અને ડોક્ટરોની સલાહ પગ કાપવાની જ હતી. અકસ્માતે ચાલ્સ સાહેબની કેથેટર એ બ્લોક્ડ નળીમાંથી પસાર થઈ અને જ્યારે કેથેટર કાપ્યું ત્યારે બ્લોક ખૂલી ગયો હતો અને મહિલા દર્દીના પગમાં કરીથી લોહી પરિભ્રમણ થવા માંડયું હતું. એક વખત જેને પગ કાપવાની સલાહ અપાઈ હતી - હવે બિલકુલ સ્વસ્થ પગ ચાલી શક્તા હતા. ભારતમાં હૃદયરોગનું પ્રમાણ વધી રહ્યું છે, ખાસ કરીને યુવાનોમાં તો આપણે એ બાબતે વધુ સતેજ રહેવાની જરૂર છે પગની નસનો અવરોધ આ રીતે દૂર કરી શકાય તો હૃદયની નળીનો અવરોધ શો માટે ન કરી શકાય ૧૯૭૭માં ડો. એન્ડ્રીઆસ યુનિમાં ચુનઝિર્ગ બલૂન ફૂલાવીને હૃદયના અવરોધને લોહીની નળીઓની સાથે ચીપકાવીને અવરોધ હટાવી દીધો અને રક્તપ્રવાહ ફરીથી શરૂ થઈ ગયો.બલૂન એન્જિઓપ્લાસ્ટીની તકલીફ એ હતી કે, અવરોધવાળી જગ્યાને ફૂલાવ્યા પછી જયારે બલૂન કાઢીએ ત્યારે ફરીથી અવરોધ આવી જતો, ફરીથી રક્તપ્રવાહ રોકાતો. એના માટે ત્યાં એવું કંઈક મૂકીએ જેથી એ પાછી સંકોચાઈ ન જાય અને ૧૯૮૬માં પોતાની મેળે ફૂલતા સ્ટેન્ટ બજારમાં આવી ગયા. એમાં પણ એક તકલીફ હતી કે, સ્ટેન્ટની આસપાસ ફરીથી અવરોધ જામતા અને લોહીની નળીઓ આને પરદેશી ગણીને ત્યાં એની સામે બંડ પોકારતી, રિએક્શન આવતું જેથી ફરીથી રક્તપ્રવાહ અટક્તો. ૧૯૯૯-૨૦૦૨માં એવા સ્ટેન્ટઆવ્યા, જેની ઉપર દવાઓનો લેપ હતો. આ દવાઓ અવરોધને ઓગાળવા માટે ઉપયોગી હતી અને ત્યારબાદ બીજા એવા સ્ટેન્ટ પણ આવ્યા જે ઈમ્યુનોલોજિકલ રિએક્શનને રોક્તા હતા. આમ છતાં આ સ્ટેન્ટ મેટલના હતા અને લાંબો સમય લોહીની નળીમાં રહેવાથી એનું રિએક્શન આવી શકે એવી શક્યતા તો રહેતી જ હતી.

આને માટે ભાયોડિગ્રેડેબલ સ્ટેન્ટની શોધ થઈ, જે સાંકળી નળી અવરોધને પહોળાતો કરતા જ હતા, અવરોધને ઓગાળવાની દવાઓ પણ એમાં હતી તેમજ રિએક્શનની શક્યતાઓ પણ ઓછીઘણીવાર એવું બને કે, જે બલૂનને અવરોધને દબાવવા માટે ઉપયોગમાં લેવાયું હોય એ બલૂન ફૂલાવ્યા બાદ પણ અવરોધને દબાવી શકવા માટે શક્તિમાન ન થઈ શકે, કેમ કે, અવરોધ ઘણો જ કઠણ હોય-એમાં કેલ્સિયમનો ભાગ વધુ પડતો હોય તો હવે શું કરવું કેથેટરમાંથી લેસરના તાંતણાને અવરોધ સુધી મોકલીને લેસર એનર્જીથી એને ઓગાળી નાખીએ તો કેવું રહે. આમ પણ લેસરનો ઉપયોગ બીજે બધે તો બહુ જ થાય છે. લેસરનો ઉપયોગ કરીને કઠણ અવરોધ દૂર કરીને પછી ત્યાં સ્ટેન્ટ મૂકી દેવાય એટલે પાછી નળી અવરોધાય નહીં. આમ લેસર એ સ્ટેન્ટનો વિકલ્પ નથી, પણ જ્યાં બલૂન કામ ન આપી શકે ત્યાં લેસરનો ઉપયોગ કરાય.ભારતમાં વર્ષમાં એન્જિઓપ્લાસ્ટીને ૪.પથી પાંચ લાખ દર્દીઓ લાભ લે છે, જ્યારે વિશ્વમાં કુલે ૨૦ લાખ લોકો ! કુલે હૃદયની નળીઓમાં અવરોધ આવે જ નહીં એવું તો ન કહી શકાય, પણ ધ્યાન રાખીએ તો થવાની શક્યતાઓ ઘટે ખરી ! નમક, સુગર, સેચ્યુરેટેડ ચરબી (ઓમેગા-૬) ઓછાં, ફળો, લીલાં શાકભાજી, વધુ ફાઈબરવાળો ખોરાક, નિયમિત કસરત, પૂરતી ઊંઘ, સ્ટ્રેસ ઉપર કન્ટ્રોલ, મેડિટેશન અને વધુ પ્રોટીન-કઠોળનો ઉપયોગ. વિશ્વમાં કાર્ડિઓવાસ્કુલર કારણોને કારણે થતાં મૃત્યુ (ઉંમર ૭૦ વર્ષથી પહેલાંમાં)નું પ્રમાશ ૨૩ ટકા જેટલું છે, જ્યારે ભારતમાં આનું પ્રમાણ ૫૨ ટકા જેટલું છે. ભારતમાં કુલ મૃત્યુનાં કારણોમાં ૨૪ ટકા જેટલું પ્રમાણ આ વિલનનું છે, એટલે આપણે વધુ સતેજ રહેવાની જરૂર છે.

## આઝાદી પછીનાં યુદ્ધો

આઝાદીની સાથે જ આપણને ગાંધીચિંતન પણ વારસામાં મળ્યું. આ ચિંતનનો ત્યારે ભારે પ્રભાવ હતો. તેથી વર્ષો સુધી આપણું અર્થતંત્ર, રક્ષાતંત્ર, ગૃહરક્ષા વગેરે ગાંધીવિચાર પ્રમાણે ચાલતાં રહ્યાં. ક્રમે ક્રમે શાસકોને સમજાવા લાગ્યું કે આ વિચારોથી રાષ્ટ્રના પાયાના પ્રશ્નો ઉકેલી શકાતા નથી, તેથી ગાંધીવિચારોથી શાસકો દૂર હટવા લાગ્યા તોપણ તેની પ્રેરણા અને પકડ તો બની જ રહી. ગાંધીવિચારો-માં આક્રમણ તો હતું જ નહિ, પ્રત્યાક્રમણ પણ નહોતું. આપણે અહિંસા-લડતથી આઝાદી મેળવી હતી અને તેનો ભારે નશો ગાંધીવાદીઓને હતો. પણ નિઝામ, જૂનાગઢ, કાશ્મીર, ગોવા વગેરે સ્થળે અહિંસા જરાય ન ચાલી. સેના જ કામમાં આવી. એનો અર્થ એવો થયો કે અહિંસા માત્ર અંગ્રેજો સામે જ ચાલી શકે છે. બીજે નહિ, ગાંધીજીએ હિન્દ સ્વરાજમાં જે લખ્યું છે તેની થોડી ઝલક જોઈએ.

દારૂગોળો એ હિન્દને સદે તેવી વસ્તુ નથી. ગાયની રક્ષા કરવાનો ઉપાય એક જ છે, મારે મારા મુસલમાન ભાઈની પાસે હાથ જોડવા ને તેને દેશની ખાતર ગાયને ઉગારવા સમજાવવું. જો તે ન સમજે તો ગાયને જતી કરવી* મને એ ગાયની ઉપર અત્યંત દયા આવતી હોય તો મારે મારા પ્રાણ દેવા પણ કોઈ મુસલમાનનો પ્રાણ લેવો નહિ. (હિન્દ સ્વરાજ, પૃ. ૨૭)

આ અહિંસામાર્ગ અને તેમાંથી પ્રગટેલી શરણાગતિ કહેવાય. પણ માનો કે ગાયની જગ્યાએ કોઈ ગુંડો મારી દીકરીને બળાત્કાર માટે લઈ જતો હોય તો? મારે હાથ જોડવા? અને ગુંડો ન માને તો વલવલતી દીકરીને જતી કરવી?

જેને વૈર નહિ તેને તલવાર નહિ.

આવા બધા અનેક વિચારો ગાંધીજીએ આપણને આપ્યા હતા તેના ગર્વમાં નેતાઓ છાતી ઠોકી ઠોકીને કહેતા હતા કે આ દેશ ભગવાન બુદ્ધ અને મહાત્મા ગાંધીનો દેશ છે. અર્થાત્ આ દેશ અહિંસાવાદી દેશ છે. આ પરિપ્રેક્ષ્યમાં આઝાદી મળી એટલે સેના, શસ્ત્રો અને સેનાનાયકોની ઘોર ઉપેક્ષા થઈ. કારણ કે આક્રમણ કરવું જ ન હતું કશી જ તૈવારી ન કરી. પણ બધી ધારણાઓ ખોટી ઠરી, વગર વેરે પાકિસ્તાને ચાર-પાંચ વાર આક્રમણ કર્યા, ચીને એક વાર આક્રમણ કર્યું. ગાંધીવિચારો અપ્રસ્તુત થઈ ગયા. હવે જે વૃદ્ધ થશે તે ચીન અને પાકિસ્તાન બન્નેની સાથે એકસાથે થશે. જરૂર થવાનું છે. ગમે તેટલી આજીજી-પ્રાર્થના-વિરોધપત્રો મોકલો, યુદ્ધ થવાનું જ છે. પેલા પૂરી તૈયારી કરી રહ્યા છે. આપણે હજી પણ ઘેનમાં છીએ. ભાનમાં નથી, ભવિષ્યમાં થનારા આ યુદ્ધથી થથરી જવાય છે. કારણ આપણે હજી પણ શસ્ત્રો, સેના અને વ્યૂહની રીતે તૈયાર નથી, ૧૯૬૨માં જે ધબડકો કર્યો હતો તેવો જ ફરીથી થશે તેવું દેખાય છે. ભગવાન બચાવે અને સાચું ચિંતન આપે.

હવે આપણે આ બન્ને પાડોશીઓ સાથે અનેક મોરચે લડવાનું છે. સ્થિતિ તો એવી છે કે કોઈ એક સાથે પણ આપણે લાંબો સમય વિજયી યુદ્ધ લડી શકીએ તેમ નથી. વહેલી તકે પરિસ્થિતિ સુધારવી જોઈએ. જેમાં મિત્રો બનાવવા, પ્રચુર આધુનિક શસ્ત્રો મેળવવાં, આક્રમક વ્યૂહ રચવો અને સેનાને તૈયાર રાખવી આ બધું તરત જ કરવા જેવું છે.

હવે આગળ વાંચો...



**વાસ્તવિકતા**


સ્વામી સચ્ચિદાનંદ


અત્યાર સુધીના કાળને ત્રણ ભાગમાં વહેંચી ત્રણ તારણ કાઢી શકાય : ૧. હિન્દુકાળ, ૨. મુસ્લિમકાળ અને ૩. અંગ્રેજકાળ.

૧ હિન્દુકાળમાં આપણે ક્યાંય આક્રમણ કર્યા નહિ. અરે, પ્રત્યાક્રમણ પણ કર્યો નહિ, તેથી ભારત ઉપર સતત આક્રમણો થતાં રહ્યાં અને આકાન્તાઓ જીતતા રહ્યાઁ માત્ર દક્ષિણ ભારતના ચૌલ અને પાંડયવંશના રાજાઓ તથા ઉડિસાના રાજાઓ જે શ્રમણ-ભાવમાં ન હતા તેઓ પૂર્વમાં ઈન્ડોનેશિયા, કંબોડિયા, લાઓસ વગેરે દૂર દૂરના દેશો ઉપર પહોંચ્યા અને ભારતીય સંસ્કૃતિની સ્થાપના કરી. કાળાન્તરમાં તે બધા બૌદ્ધ થયા અને પછી મુસ્લિમ થઈ ગયા.

૨. મુસ્લિમકાળમાં તુર્કો, અફઘાનો અને મોગલો ભારત ઉપર એક પછી એક ચઢી આવ્યા. પ્રથમ હિન્દુરાજાઓ અને પછી મુસ્લિમો એકબીજાને હરાવતા રહ્યા. અફઘાનોએ તુર્કોને અને મોગલોએ અફઘાનોને હરાવી ભારત ઉપર રાજ કર્યું આ સમયમાં મુખ્ય લડાઈઓ મુસ્લિમોમાં અંદરોઅંદર થઈ. હિન્દુઓ પ્રભાવહીન થઈ ગયા. મોગલકાળમાં બે શક્તિઓએ માથું ઊંચક્યું. ૧. મરાઠા, અને ૨. શીખ. બાકી ખાસ કાંઈ પ્રતિક્રિયા થતી દેખાઈ નહિ. હિન્દુઓ પાસે માત્ર ૨-૪ જાતિઓમાં જ યોદ્ધાઓ થતા બાકીની બધી પ્રજા યોદ્ધા વિનાની હતી. ૨-૪ જાતિઓમાંથી રાજપૂત જાતિના કેટલાક રાજાઓ મોગલો સાથે ભળી ગયા અને તેમના સેનાપતિ થઈને તેમની તરફથી લડતા રહ્યા મુસ્લિમકાળમાં ભારત બહાર ખાસ આક્રમણો થયાં નથી, તેમ જ સમુદ્રી આક્રમણો પણ થયાં નથી, ભારતની અંદર જ વધુ લડાઈઓ થઈ.

૩. અંગ્રેજકાળમાં અંગ્રેજોએ ભારતની અંદરની લડાઈઓ પૂરી કરી, તેઓ અર્થપૂર્ણ લડાઈ લડતા. હારેલા શત્રુને પાછળથી મિત્ર બનાવી પોતાની સાથે કાયમી રીતે જોડી દેતા. મુસ્લિમોની મોટા ભાગની લડાઈઓ વિદ્રોહને દબાવવાની થતી. જ્યારે અંગ્રેજો એવી સંધિ કરતા કે વિદ્રોહ કરવાનું કારણ રહેતું નહિ. અંગ્રેજોએ ભારત બહાર દેશ આક્રમણો કર્યાં. (વધુ આવતા અંકે)

## બાળકને વાંચન અભિમુખ કરો

ગુજરાતીઓ માટે એક પ્રચલિત માન્યતા છે કે તેઓ પુસ્તક ખરીદીને વાંચતા નથી.હા, મિત્રો પાસેથી, આજુબાજુના પાડોશીઓ પાસે કે લાયબ્રેરીમાંથી લાવીને વાંચવાનો શોખ કરો! મનોરંજન પાછળ ખર્ચ કરાય, અઠવાડિયે એક વખત બહાર જમવાનો ખર્ચ પણ જાણે ઘણાં કુટુંબોમાં રૂટીન ખર્ચ થઈ ગયો. ગુજરાતીઓમાં વાંચન ભૂખ નથી, એ મમ્હેણું ભાંગવુ પડશે. અલબત્ત, ગુજરાતી વિદ્યાર્થીઓમાં વાંચન ભૂખ ઉઘાડવાના નિયમિત પ્રયત્નો થયા છે? એવો પ્રશ્ન પૂછાઈ રહયો છે. વિચારવું પડશે.

ગુજરાતની પાંચ કરોડ ઉપરની વસ્તી છે. ૧૮૫૦૦થી વધુ ગામો છે. મોટે ભાગના લોકો ગ્રામ્ય વિસ્તારમાં વસે છે. ગુજરાતમાં ૭૦૦૦ જેટલી લાયબ્રેરીઓ છે એનો અર્થ એ થયો કે ૧૧૫૦૦ ગામો લાયબ્રેરી વિહોણાં છે. આમ છતાં ગુજરાતની લાયબ્રેરીઓમાં અસંખ્ય પુસ્તકો છે કે જે પુસ્તકો વાચકોની પ્રતીક્ષા કરી રહ્યા છે. સમગ્ર ભારત દેશમાં જુદા જુદા ધર્મના સંપ્રદાયો દ્વારા મંદિર, મસ્જિદ બંધાતા જાય છે. પરંતુ ક્ષ્પુસ્તક મંદિર (TEMPLE OF BOOKS)ના સર્જન માટે દાતાઓ આગળ આવતા નથી. આર્થિક દાતાઓ હવે એક નવા મંદિર માટે દાનનો પ્રવાહ વહાવે એ સમયની હવે માંગ છે. એક ખૂબ જ ચર્ચાતો અને પૂછાતો પ્રશ્ન એ પણ છે કે કઈ ઉમરથી વાંચવાની શરૂઆત કરવી જોઈએ? બાલ્યાવસ્થાથી જ વાંચનની શરૂઆત માતા-પિતા બાળકોને કરાવી શકે, વાંચન માટે પ્રેરી શકે. બાળ મનોવિજ્ઞાનીઓ કહે છે કે બાળક અઢી-ત્રણ વર્ષનું થાય એટલે માતા-પિતા દ્વારા કે પ્લેગૃપ કે જુનિયર કે.જી.ના શિક્ષકો દ્વારા બાળકને રંગીન ચિત્રો બતાવવા જોઈએ. મોટા અક્ષરોવાળા ચોપડીઓ બાળકોને વાંચી સંભળાવવી જોઈએ. બાળક મોટું થતુ જાય, સમજતું થાય, પાંચમા-છઠ્ઠા ધોરણમાં પહોંચે એટલે માતા-પિતા-શિક્ષકોએ બાળકોને પુસ્તકોની દુનિયામાં પ્રવેશ કરાવવા માટે ગામની કે શહેરની લાયબ્રેરીની મુલાકાતે લઈ જવા જોઈએ. પુસ્તક પ્રદર્શન કે પુસ્તક મેળાની મુલાકાત કરાવવી જોઈએ, શહેરની પુસ્તકોની દુકાનમાં અવર્નરવર લઈ જઈ શકાય. બાળકને એના કપડાં કે અન્ય જરૂરીયાત માટે બજારમાં લઈ જઈએ તે રીતે એને મનગમતું પુસ્તક ખરીદવા પુસ્તકની દુકાનમાં પણ લઈ જવા જોઈએ. માતા-પિતાની આ એક અનિવાર્ય ફરજ છે. બાળકને દિશા આપવી પડશે, સારા નરસાની સમજ પડે તે માટે વડીલોએ જાગ્રત પ્રયત્નો કરવા પડશે. કિશોરવસ્થામાં બાળક જયારે માધ્યમિક શિક્ષણ માટે સેકન્ડરી સ્કુલમાં પ્રવેશ મેળવે પછી બાળકની અભિરૂચિને અનુરૂપ એના રસને ધ્યાનમાં લઈને કે એને વાંચન અભિમુખ કરવા માટે એને વિજ્ઞાન કથાઓ, સાહસ કથાઓ વાંચવા માટે પ્રેરી શકાય. મહાન પુરૂષોના જીવનચરિત્રો વાંચીને વિદ્યાર્થી પ્રેરણા મેળવે તે માટેના પ્રયત્નો શિક્ષકો દ્વારા હાથ ધરવા જોઈએ. ઈતિહાસ ગાથાઓ કે પર્યાવરણને લગતાં વાંચવા માટે એમને માર્ગદર્શન પૂરું પાડવું જોઈએ.



**અભિવ્યક્તિ**


ડો. જે.એમ. નાયક (નવસારી)

પૂર્વ આચાર્ય,

શાહ એન. એચ. કોમર્સ કોલેજ, વલસાડ


આ રીતે માધ્યમિક શિક્ષણ વિદ્યાર્થી પૂરું કરે ત્યાં સુધીમાં પુસ્તકની વિશાળ દુનિયાનો પરિચય કરાવવા આપણી ફરજ છે. ટૂંકમાં, નાનપણથી જ વાંચનનો શોખ બાળકોમાં કેળવાય એ જરૂરી આવશ્યક છે. બાળપણથી બાળકના મગજમાં પુસ્તકોનો -વેશ કરાવાય એ ખૂબ જ જરૂરી છે. બાળકોમાં પુસ્તકો વાંચનની સારી ટેવ પડે એ મા-બાપ, શિક્ષકો, આચાર્યોની ફરજ બને છે. કોઈ પણ દેશની સરકાર કે ટી.વી., દૈનિક મેગેઝીન જેવા મિડીયાએ પણ જાહેર જનતામાં વાંચનની ટેવ કેળવાય એ માટે ગંભીર ભૂમિકા ભજવવી જોઈએ.

અલબત્તા, બાળકો બિલકુલ જ વાંચતા નથી, એવું પણ નથી, દિલ્હીની રીસર્ચ એજન્સી બ્રિજીંગ બોર્ડસ્ દ્વારા ૮ વર્ષથી ૧૮ વર્ષ સુધીના ૫૦૦૦ જેટલા વિદ્યાર્થીઓનો સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. એ મોજણીના તારણો દર્શાવે છે કે ૩૬ ટકા બાળકો ફુરસદના સમયે વાંચનને મહત્વ આપે છે, ૩૨ ટકા જેટલા બાળકો મનોરંજન માટે ટેલીવિઝનનો ઉપયોગ કરે છે, મોટે ભાગના બાળકો હળવું વાંચન પસંદ કરે છે. બાળકો વાંચે તો છે ત્યારે પ્રશ્નએ થાય છે કે બાળકો આજકાલ શું વાંચી રહયા છે. ૨૦ જેટલા બાળકો કોમિકસ વાંચવાનું પસંદ કરે છે. આજ સર્વે જણાવે છે કે ૧૫ જેટલા બાળકો સાહસને લગતાં, રમતગમતને લગતાં પુસ્તકો વાંચે છે, ૧૪ બાળકો નવલકથા વાંચનને પસંદગી આપે છે. જયારે ૧૨ ટકા ડિટેકટીવ સ્ટોરીઝને વાંચવાનું, ૧૦ ટકા જેટલા બાળકો કવીઝને લગતાં પુસ્તકો વાંચવાનું પસંદ કરે છે. ૭ ટકા બાળકો એવા પણ છે જે મોટેરાંને માફક ગંભીર લિટરેચર વાંચે છે.

સામાન્ય રીતે મા બાપ, વડીલો કે શિક્ષકો પણ ફરિયાદ કરે છે કે આજ કાલ બાળક ઈતર વાંચન કરવા તૈયાર થતું જ નથી કે પછી વાંચવાનું કહીએ ત્યારે વાંચવાની આનાકાની કરે છે કે પછી બાળક જણાવે છે કે વાંચવાની ઈચ્છા જ નથી થતી. વડીલો દલીલ કરે છે કે બાળકને વાંચવાનું જણાવીએ ત્યારે બહાનાબાજી શરૂ કરે છે અથવા ખૂબ જ દબાણ કરીએ કે ધમકાવીએ ત્યારે વાંચવાનો દેખાવ કરે પરંતુ એનું ચિત્ત તો બીજે જ હોય એવું બને છે. આ સંજોગોમાં મા બાપનો સાહજીકપણે પ્રશ્ન હોય છે કે બાળકને વાંચતા કરવાનો સરળ અને સહેલો કિમીયો રસ્તો કયો છે? ફકત ફરિયાદ કરવાથી અર્થ સરતો નથી. કંઈક નકકર ભૂમિકા ભૂમિકા માબાપે ભજવવી પડશે. બાળકને ક્યારેક શિક્ષા કરીને ધમકાવવો નહીં, ક્યારેય એને પ્રલોભન આપીને વાંચવા માટે દબાણ કરવું નહીં, એને પ્રોત્સાહન પૂરું પાડો, એને વાંચવા યોગ્ય વાતાવરણનું સર્જન કરવું પડશે. બાળક ત્યારે વાંચશે જયારે વડીલો પણ ઘરમાં વાંચતા હોય, બાળક ચોકકસપણે મા બાપ શિક્ષકનું અનુકરણ કરીને વાંચવા માટે પ્રેરાશે. વાંચનની ટેવ પાડવા માટે પરિવારના સભ્યોની સામેલગીરી અને વાતાવરણ (Environment) પણ જરૂરી છે. કેટલીકવાર મા-બાપ વાંચવા માટે બાળક સુઈ જાય પછી વાંચવાનું પસંદ કરે છે, પરંતુ એ યોગ્ય નથી. એની હાજરીમાં જ વાંચતા રહો. વડીલોના એ માટેના સભાન પ્રયત્નો ચોકકસપણે બાળકને વાંચન તરફ અભિમુખ કરશે.

અંતે, નવરસનો વૈભવ મળશે પુસ્તકમાંથી, સપનાઓ આકાર થશે પુસ્તકમાંથી.

# મિસ્ડ કૌલ



**વીણેલા ફૂલ**
- આશા વીરેન્દ્ર - વલસાડ

પ્રિયાને આ કોર્પોરેટ કૉલેજમાં રિસેપ્શનીસ્ટ તરીકે રહ્યાને ચાર દિવસ જ થયા છે. હજી શરૂઆત છે એટલે વાતાવરણ સાથે બરાબર ગોઠવાઈ નથી શકી. પણ ખાસ વાંધો નહીં આવે કેમ કે, એની સાથે કામ કરતી વિશાખા ભારે બોલકણી છે. 'ઓ મેડમ, લંચ ટાઈમ થયો. ભૂખ લાગી છે કે નહીં? આમ કહેતાં એ પોતાનો પરાઠા-શાકનો ડબ્બો પ્રિયા સામે ધરતી.

વિશાખા, મને અહીંની દુનિયા સાવ જુદી જ લાગે છે. બારમું ધોરણ પાસ કરીને આવેલા કિશોરોએ એક વર્ષ માટે અહીં જ કૉલેજ, અહીં જ ઘર અને અહીં જ સગા સંબંધી માનીને રહેવું, કેવું લાગતું હશે એમને?

'આવા બધા વિચારો કરીને બહુ ઈમોશનલ નહીં બનવાનું, આ વિદ્યાર્થીઓ એક વર્ષ માટે જ આ કેમ્પસમાં છે. આવતે વર્ષે આ લોકો બીજા કેમ્પસમાં જશે અને એમની જગ્યાએ બીજા નવા છોકરાઓ આવશે. અહીં તો આવન-જાવન ચાલ્યા જ કરે એટલે કોઈની સાથે બહુ લગાવ ન રાખવો. વિશાખાએ સલાહ આપી. 'તારી વાત તો બરાબર છે. વિશાખા પણ મને રહી રહીને વિચાર આવે છે કે, મા-બાપથી, ઘરથી દૂર રહેતા આ કિશોરોને ઘર કેટલું યાદ આવતું હશે? 'એમનાથી ભલે ઘરે ન જઈ શકાય પણ એમના માતા-પિતા, ભાઈબહેન, કોઈપણ, દર બીજા અને ચોથા રવિવારે બપોરે ત્રણથી પાંચમાં અહીં આવીને એમને મળી શકે છે.

વિશાખાએ ભલે કહ્યું પણ પ્રિયાના મનમાં કેટલાય સવાલ ઊઠતા હતા ! કૉલેજ શહેરથી પંદરેક કિ.મી. દૂર છે. દર પંદર દિવસે કોના સંબંધી આવી શકે ? ને જેનું કોઈ ન આવતું હોય એ વિદ્યાર્થી કેટલો ઉદાસ થઈ જતો હશે?

એમ કરતાં રવિવાર આવી પહોંચ્યો. મોટા બધા રિસેપ્શન હૉલની એકેએક ખુરશી મુલાકાતીઓ અને વિદ્યાર્થીઓથી ભરાઈ ગઈ હતી. કોઈને માટે ડબ્બામાં નાસ્તો આવ્યો હતો તો કોઈને માટે મીઠાઈ. કોઈ મા-બાપ પોતાના સંતાન માટે કેન્ટીનમાંથી આઈસ્ક્રીમ લાવ્યા હતા. બધાના ચહેરા પર આનંદ છલકાતો હતો. વિશાખાએ ભલે લગાવવધારવાની ના પાડી હોય પણ પ્રિયા તો ઝીણી નજરે બધાના ચહેરાના હાવભાવનું નિરીક્ષણ કરી રહી હતી.

વિશાખા, મને લાગે છે કે, કંઈ બધા જ વિદ્યાર્થીઓના મુલાકાતી નથી આવ્યા. તો ચે બધા જ કેમ હૉલમાં આવી ગયા છે ? એ તો એવું છે કે, જેના મુલાકાતી આવ્યા હોય એ પોતાના દોસ્તને પણ ખેંચી લાવે અને મા-બાપ પણ પોતાનો દીકરો છે કે બીજાનો એ ભૂલીને પ્રેમથી એને ખવડાવે. અહીંની આ જ તો મજા છે. આને કહેવાય 'વસુધૈવ કુટુંબક'. વિશાખાએ નાનકડું લેક્ચર આપી દીધું.

હા, એ તો મને સમજાયું પણ અહીં દૂરથી મને સંભળાતું નથી કે, જેનું કોઈ નથી આવ્યું એ છોકરાઓ મુલાકાતીઓ પાસે જઈને કશીક માગણી કરતા હોય એવું લાગે છે. એ લોકો શું માંગે છે ?

હંમેશા મજાક કર્યા કરતી વિશાખા થોડી ગંભીર થઈ ગઈ, 'જેને મળવા કોઈ ન આવ્યું હોય એવા વિદ્યાર્થીઓ આ સમયમાં પોતાનાં ઘરે ફોન કરી સ્વજનોનો અવાજ સાંભળીને સંતોષ માનતા હોય છે.'બિચ્ચારા છોકરાઓ... પ્રિયાથી નિ:સાસો નાખતાં બોલાઈ ગયું.

હા, સાચે જ બિચારા કહેવાય. કેમ કે, સિક્કા નાખીને વાત કરી શકાય એવાં ફોન બોક્સ અહીં માત્ર ચાર જ છે. પંદરસો છોકરાઓને ચાર ફોન. લાંબી લાંબી લાઈનમાં વારો આવતાં જ કલાકો નીકળી જાય. પછી પણ પાછળ ઊભેલો છોકરો 'જલદી કર', 'જલદી કર' કર્યા કરતો હોય. એટલે આ લોકો મુલાકાતીઓ પાસે સેલ ફોન માગી પોતાનાં ઘરે મિસ્ડકૉલ આપે એટલે પછી એમનાં દ્વારેથી જવાબમાં ફોન આવે ને એ લોકો વાત કરી શકે.'

'હા, બરાબર. સામેથી જ ફોન આવે એટલે જેનો ફોન હોય એને ચાર્જ પણ ન લાગે.' પ્રિયાએ કહ્યું.

આ પછી દરેક વીઝિટીંગ સન્ડેએ પ્રિયા પોતાની કાચની કેબીનમાંથી રિસેપ્શન હૉલ તરફ જોઈ રહેતી. એક્સક્યૂઝ મી અંકલ, મિસ્ડ કૉલ ? આન્ટી પ્લીઝ, વન મિસ્ડ કૉલ ? કહેતાં કહેતાં ફોનની માગણી કરતાં છોકરાઓ જાણે બટકું રોટલા માટે ટળવળતા ભિખારી જેવા લાગતા. અનુકંપાથી એનું હૈયું ભરાઈ જતું.

એ જોતી કે, કોઈ તરત એમને પોતાનો ફોન આપી દેતું તો કોઈ લાંબો વિચાર કર્યા પછી તો વળી કોઈ મોઢા પર અણગમાનો ભાવ લાવીને જાણે મોટી મહેરબાની કરતા હોય એમ જલદી ફોન પતાવવાની તાકીદ કરીને ફોન આપતા તો ક્યારેક વળી કોઈ સાફ ના પણ પાડી દેતા.

એક રવિવારે એને સાવ જુદું જ દશ્ય જોવા મળ્યું. દુબળો-પાતળો વિદ્યાર્થી કોની પાસે ફોન માંગવો એની મૂંઝવણમાં ઊભો હતો ત્યાં એક સ્ત્રીએ એને સામેથી પોતાની પાસે બોલાવ્યો ને પછી ફોન આપ્યો. આ સ્ત્રી એકલી જ બેઠી હતી. એને કોઈ વિદ્યાર્થી મળવા નહોતો આવ્યો. પ્રિયાએ કેબીનમાંથી નીકળી એની પાસે જઈને પૂછ્યું, 'આપ કોને મળવા આવ્યાં છો ?

'ગયે વર્ષે મારો દીકરો આ જ કેમ્પસમાં હતો. એણે કહ્યું. ઓહ્, તો તો આ વર્ષે એ બાજુના કેમ્પસમાં હશે. અહીં નહીં. મને ખબર છે કે મારો દીકરો મને આ કેમ્પસમાં નહીં મળે. કેમ્પસમાં તો શું પણ હવે મને એ આ દુનિયામાં પણ નહીં મળે.'

પ્રિયાને જોરદાર આંચકો લાગ્યો. 'તો શું? તમે આટલે દૂરથી ફક્ત છોકરાઓને તમારો ફોન આપવા માટે જ આવો છો ? હા, એના ગયા પછી મને ક્યાંય ચેન પડતું નહોતું. પછી મને વિચાર આવ્યો કે, લોકો પોતાના દિવંગત સ્વજનોની સ્મૃતિ જીવંત રાખવા કેવાં જાતજાતનાં કામ કરે છે ? મારે પણ કંઈક કરવું જોઈએ. મને યાદ આવ્યું કે, મારો દીકરો રવિવારે અમને મિસ્ડ કૉલ આપવા માટે કેટલાં ફાંફાં મારતો ! બીજા દીકરાઓને એવાં ફાંફાં ન મારવાં પડે એટલે....

બોલતાં બોલતાં એણે મોઢું ફેરવી લીધું. (પાલપર્તિ જ્યોતિષ્મતિની તેલુગુ વાર્તા પર આધારિત)

# શનિવારની સાંજ

## રવિવારની રજા કરતાં પણ વધુ મીઠી કેમ?

**નોખી-અનોખી**
- કિંજલ પંડ્યા, પારડી

કહેવાય છે કે પ્રતીક્ષાનો આનંદ મિલન કરતાં પણ વધુ હોય છે. કંઈક આવું જ ગણિત શનિવારની સાંજ અને રવિવારની રજા વચ્ચે છુપાયેલું છે. જો તમે કોઈને પૂછો કે અઠવાડિયાનો સૌથી સુંદર સમય કયો? તો મોટાભાગના લોકોનો જવાબ હશે શનિવારની સાંજ. રવિવારે તો રજા છે, પણ એ રજાની જે 'શરૂઆત' છે, જે આઝાદીનો અહેસાસ છે, તે શનિવારની ઢળતી સાંજમાં જ સમાયેલો છે.

વ્યવહારુ રીતે વિચારીએ તો શનિવારની સાંજ એટલે 'નો ટેન્શન' ઝોન. સોમવારથી શુક્રવાર સુધીના કામના બોજ, મીટિંગ્સ અને ડેડલાઇન્સ પછી જ્યારે શનિવારે ઓફિસનું બેગ ખૂણામાં મૂકાય છે, ત્યારે જે હાશકારો મળે છે તે અદ્ભુત હોય છે.

રવિવારની સાંજ તો પાછી સોમવારની ચિંતા લઈને આવે છે. કાલે વહેલા ઉઠવું પડશે, રસોઈ શું બનાવવી, કામ પર શું કરવાનું છે, આ બધું જ રવિવારની સાંજને ભારે કરી મૂકે છે. જ્યારે શનિવારની સાંજ પાસે હજુ પૂરા ૨૪ કલાકની નિશ્ચિતતા હોય છે. એમાં એક એવી હળવાશ છે જે રવિવારમાં નથી હોતી.

યુગલો માટે શનિવારની સાંજ એ પ્રેમનો પર્યાય છે. આ એ સાંજ છે જ્યાં કોઈને ઉતાવળ નથી હોતી. ફોનની રિંગટોન ધીમી કરી શકાય છે અને મનગમતી વ્યક્તિ સાથે કેન્ડલ લાઈટ ડિનર કે પછી લાંબી ડ્રાઈવ પર નીકળી શકાય છે.

રવિવારના તડકા કરતા શનિવારની ચાંદનીમાં વધુ રોમાંસ હોય છે, કારણ કે એમાં આવતીકાલે વહેલા જાગવાની કોઈ શરત હોતી નથી.

પ્રેમમાં પડેલા હૃદય માટે શનિવારની સાંજ એટલે વચનો નિભાવવાનો અને સ્મૃતિઓ બનાવવાનો સમય. પતિ-પત્ની જે આખું અઠવાડિયું ઘર-ઓફિસની ઘટમાળમાં વ્યસ્ત રહ્યા હોય, તેઓ આ સાંજે ફરી એકવાર એકબીજાની આંખોમાં આંખ પરોવીને બેસી શકે છે. એ સાંજમાં ઉતાવળ નથી હોતી, બસ એક શાંત ઠહેરાવ હોય છે.

જો પ્રેક્ટિકલ રીતે જોઈએ તો આપણા સામાજિક સંબંધો શનિવારની સાંજે જ ખીલે છે. મિત્રો સાથેની મહેફિલ હોય, કોઈ જૂના સગાના ઘરે જવાનું હોય કે પછી મોડી રાત સુધી ચાલતી સિનેમા, શનિવાર દરેકને માટે દરવાજા ખોલે છે. રવિવારે તો ઘણીવાર આરામના નામે આપણે સુઈ રહીએ છીએ અથવા ઘરકામમાં ગૂંચવાયેલા રહીએ છીએ, પણ શનિવાર આપણને જીવવા માટે પ્રેરે છે.



આજના ભાગદોડવાળા સમયમાં માણસ મશીન બની ગયો છે. ૯-થી-૬ની નોકરી હવે ૯-થી-૯ની થઈ ગઈ છે. આવા સમયે શનિવારની સાંજ એક મેન્ટલ ડિટોક્સ જેવું કામ કરે છે. સોશિયલ મીડિયાના યુગમાં ભલે આપણે ફોટા મૂકવા માટે શનિવારની પાર્ટીઓમાં જઈએ, પણ અંતરઆત્મા તો એ જ શાંતિ ઝંખે છે જે શનિવારની સાંજ આપે છે.

ઘણીવાર આપણે રવિવારને હાઈપ કરીએ છીએ, પણ સાચું પૂછો તો રવિવાર તો રસોડામાં અને કપડાં ધોવામાં જ પૂરો થઈ જાય છે!

એટલે જ સ્ત્રીઓ માટે પણ શનિવારની સાંજ જ સાચી રજા છે, કારણ કે રવિવારે સવારે રસોઈ બનાવવાની જે માનસિક શાંતિ મળે છે તે શનિવારની રાત્રે જ મળી જાય છે.

શનિવારની સાંજ આપણને શીખવે છે કે ગંતવ્ય. મંઝિલ કરતા પ્રવાસ વધુ સુંદર હોય છે. રવિવાર એ ગંતવ્ય છે, પણ શનિવાર એ પ્રવાસની એ પળ છે જ્યાં ઉત્સાહ ટોચ પર હોય છે. જીવન પણ આવું જ છે, જ્યારે આપણે કોઈ મોટા ધ્યેયની રાહ જોતા હોઈએ, ત્યારે એ રાહ જોવાની પ્રક્રિયાનો આનંદ લેતા શીખવું જોઈએ.

તો આજે સાંજે જ્યારે સૂર્ય આથમતો હોય અને આકાશમાં લાલિમા છવાયેલી હોય, ત્યારે ઘડિયાળના કાંટા સામે જોવાનું છોડી દેજો. આજની સાંજને જીવી લેજો.

રવિવાર તો આવશે અને જશે, પણ શનિવારની એ સાંજ તમારી છે, તમારા સપનાની છે અને તમારી શાંતિની છે.

જીવનમાં કામ તો ચાલ્યા જ કરવાનું, પણ શનિવારની સાંજને જો પ્રેમથી જીવી લીધી, તો સમજો કે આખું અઠવાડિયું સફળ ગયું!



# જીવનની મોજ અને સંઘર્ષ - સમજ સાથે જીવવાની કલા

**પ્રીતનું ઝરણું**
જ્યોતિ ઉત્પલ પંડ્યા,

જીવન ક્યારેય સંપૂર્ણ આસાન નથી હોતું. દરેક વ્યક્તિ પોતાના જીવનમાં કોઈને કોઈ સંઘર્ષ અને મુશ્કેલીઓનો સામનો કરે છે. આજના સમયમાં તો ખાસ કરીને માણસ પોતાની ભાગદોડભરી જિંદગીમાં એટલો વ્યસ્ત થઈ ગયો છે કે તેને જીવનની સાચી મજા માણવાનો સમય પણ મળતો નથી. ઘણી વખત આપણે માનીએ છીએ કે મોજથી જીવવું એટલે ફક્ત મનોરંજન, શોખ અને લક્ઝરીમાં જીવવું. પરંતુ હકીકતમાં મોજથી જીવવાનું અર્થ એ નથી. મોજથી જીવવું એટલે જીવનને સમજ સાથે સ્વીકારવું, પરિસ્થિતિઓનો સામનો કરવો અને નાની નાની ખુશીઓમાં આનંદ શોધવો. દરેક વ્યક્તિની પરિસ્થિતિ અલગ હોઈ શકે છે. કોઈ આર્થિક સમસ્યાઓનો સામનો કરે છે, કોઈ સામાજિક દબાણમાં જીવતો હોય છે તો કોઈ માનસિક તણાવથી ઘેરાયેલો હોય છે. પરંતુ એક વાત ચોક્કસ છે કે સમસ્યાઓ કોઈને છોડતી નથી. જીવનમાં એક સમસ્યા પૂરી થાય તે પહેલાં બીજી તૈયાર ઉભી હોય છે. જાણે સંઘર્ષના ડુંગરાઓ ક્યારેય ઓછા થવાના જ નથી. આ બધાં દબાણ વચ્ચે ઘણી વખત વ્યક્તિનો આત્મવિશ્વાસ પણ ડગમગી જાય છે. પરંતુ આપણે આ વાત પણ સ્વીકારવી પડશે કે ઘણી વખત આપણા જીવનની કેટલીક સમસ્યાઓ આપણે પોતે જ ઊભી કરીએ છીએ. આપણે ભૂતકાળની ઘટનાઓને વારંવાર યાદ કરી પોતાના મનને દુ:ખ આપીએ છીએ અને આસપાસના લોકો પર પણ તેનો -ભાવ પડે છે. વીતેલો સમય પાછો આવવાનો નથી, છતાં આપણે તેની વાતો કરીને પોતાના મનને અને પરિવારને દુ:ખી બનાવીએ છીએ.આજના સમયમાં એક બીજી વિસંગતિ પણ જોવા મળે છે. લોકો પોતાના મોબાઈલના સ્ટેટસમાં સુવિચાર મૂકે છે, પ્રેરણાદાયક વાતો શેર કરે છે, પરંતુ એ વિચારોને પોતાના જીવનમાં ઉતારતા નથી. માતા-પિતાને સમ્માન આપવા માટે સોશિયલ મીડિયામાં પોસ્ટ મૂકીએ છીએ, મધર્સ ડે અને ફાધર્સ ડે ઉજવીએ છીએ, પરંતુ ઘણી વખત વાસ્તવિક જીવનમાં તેમને પૂરતું માન અને પ્રેમ આપવાનું ભૂલી જઈએ છીએ. પરિણામે વૃદ્ધાશ્રમોની સંખ્યા દિવસેને દિવસે વધી રહી છે.

સાચું જીવન તો ત્યારે જીવાય છે જ્યારે આપણે સંબંધોને સાચવી શકીએ. મોટા-નાના દરેકને સમજીએ, એકબીજાને માન આપીએ અને પ્રેમથી આગળ વધીએ. જો માતા-પિતાનું સ્થાન આપણા હૃદયમાં સાચું હોય તો જીવનમાં સંતોષ અને આનંદ આપોઆપ આવી જાય છે.

મોજથી જીવવું એટલે લક્ઝરીમાં જીવવું નહીં, પરંતુ આદર, સમજણ અને પ્રતિબદ્ધતા સાથે જીવન જીવવું. રોજ આવતી સમસ્યાઓ, મુશ્કેલીઓ, અડચણો અને તણાવને સમજવા સાથે સકારાત્મક વલણ અપનાવવું એ સાચી જીવનકળા છે. નાની નાની ખુશીઓમાં આનંદ શોધવો, વર્તમાનમાં જીવવું અને ભૂતકાળની ઝંઝટમાંથી બહાર આવવું - એ જ સાચી મોજ છે. કારણ કે જીવનમાં સંઘર્ષના ડુંગરાઓ કદાચ ક્યારેય ઓછા નહીં થાય. દરરોજ સૂર્ય ઉગે છે, દિવસ શરૂ થાય છે અને ફરી સાંજ થાય છે. બીજા દિવસે ફરી સૂર્ય ઉગે છે અને જીવનનો સંઘર્ષ ફરી શરૂ થાય છે. આ ચક્ર ચાલતું જ રહેવાનું છે. એટલે જ તો કહેવામાં આવે છે કે જીવનમાં મોજ અને સંઘર્ષ બંને સાથે ચાલે છે. પ્રશ્ન એ નથી કે સમસ્યાઓ છે કે નહીં, પ્રશ્ન એ છે કે આપણે તેને કેવી રીતે સ્વીકારીએ છીએ. જો સમજ અને સંતોષ સાથે જીવન જીવવાનું શીખી જઈએ તો મુશ્કેલીઓ વચ્ચે પણ આનંદ શોધી શકીએ. એટલે જ કહેવાય છે. માણીએ તો મોજ છે, નહિતર સમસ્યાઓ તો રોજ છે.

# જીત તારી થાય કારણ એટલું, સામે ચાલીને હરાવી જાતને



*કંકુ ચોખાથી વધાવી જાતને,*
*શૂન્ય હૈયામાં સમાવી જાતને.*
*કોણ બોલે છે હજીયે કાનમાં,*
*અર્થમાંથી તો હટાવી જાતને.*
*જીત તારી થાય કારણ એટલું,*
*સામે ચાલીને હરાવી જાતને.*
*આંગણામાં ખૂબ ગરમી છે છતાં,*
*રાખ પાસે જઈ તપાવી જાતને.*
*આંગણે લાવ્યો હરણ જેના થકી,*
*એ જ મૃગજળમાં વહાવી જાતને.*

**-ઉમેશ જોશી**

**સંવેદન**
- ડૉ. બાબુ ચૌધરી, નાનાપોંઢા

ગુજરાતી કાવ્યસાહિત્યમાં ગઝલ એક એવી કાવ્યવિધા છે જેમાં થોડા શબ્દોમાં ઊંડા જીવનસત્ય, અનુભૂતિ અને તત્ત્વજ્ઞાન વ્યક્ત થાય છે. પ્રખ્યાત કવિ ઉમેશ જોશી ની રજૂ થયેલી ગઝલમાં 'જાત' એટલે કે પોતાના અસ્તિત્વ, સ્વભાવ, અહંકાર અને આત્મસંઘર્ષનું અત્યંત સુંદર અને ગહન ચિત્રણ કરવામાં આવ્યું છે. દરેક શેરમાં કવિ માણસના આંતરિક જીવન, આત્મજાગૃતિ અને ભ્રમ વચ્ચેના સંઘર્ષને પ્રતીકો દ્વારા રજૂ કરે છે.

***કંકુ ચોખાથી વધાવી જાતને,***
***શૂન્ય હૈયામાં સમાવી જાતને.***

ગુજરાતી સંસ્કૃતિમાં કંકુ અને ચોખા શુભતા અને આવકારના પ્રતિક છે. કોઈનું સન્માન કે સ્વાગત કરવા માટે કંકુ-ચોખાથી વધામણી કરવામાં આવે છે. કવિ અહીં કહે છે કે માણસ પોતાની જાતને જ આ રીતે વધાવી રહ્યો છે, એટલે કે પોતાને જ મહત્વ આપી રહ્યો છે. પરંતુ બીજી પંક્તિમાં કહે છે કે આ બધું હોવા છતાં હૃદય અંદરથી ખાલી છે. એટલે બહારથી માણસ પોતાને મહાન માને છે, પોતાનો આદર કરે છે, પરંતુ અંતરમાં એક શૂન્યતા અનુભવાય છે. આ શેર માણસના અહંકાર અને આંતરિક ખાલીપાને વ્યક્ત કરે છે.

***કોણ બોલે છે હજીયે કાનમાં,***
***અર્થમાંથી તો હટાવી જાતને.***

આ શેરમાં કવિ આંતરિક અવાજ અથવા અંતરાત્માની વાત કરે છે. ઘણીવાર માણસ પોતાના સ્વાર્થ, અહંકાર કે ભ્રમના કારણે સાચા અર્થથી દૂર થઈ જાય છે. છતાં અંતરમાંથી કોઈ અવાજ સતત તેને સાચી દિશા બતાવવાનો પ્રયત્ન કરે છે. કવિ પ્રશ્ન કરે છે કે જ્યારે માણસ અર્થ અને સત્યમાંથી પોતાને દૂર કરી દે છે, ત્યારે પણ તેના કાનમાં કોણ બોલે છે? આ 'કોણ' એટલે અંતરાત્મા. આ શેર માણસની અંદર રહેલા નૈતિક અવાજને વ્યક્ત કરે છે.

***જીત તારી થાય કારણ એટલું,***
***સામે ચાલીને હરાવી જાતને.***

આ શેર અત્યંત પ્રેરણાદાયક છે. અહીં કવિ કહે છે કે સાચી જીત ત્યારે મળે છે જ્યારે માણસ પોતાની જાતને હરાવી શકે. જીવનમાં સૌથી મોટો વિરોધી બીજો કોઈ નથી, પરંતુ પોતાની કમજોરીઓ, અહંકાર, આળસ અને ભય છે. જ્યારે માણસ પોતાની ખામીઓ સામે ઉભો રહીને તેને હરાવે છે ત્યારે જ સાચી જીત મળે છે. આ શેર આત્મસંઘર્ષ અને આત્મવિજયનું સુંદર ચિત્ર રજૂ કરે છે.

***આંગણામાં ખૂબ ગરમી છે છતાં,***
***રાખ પાસે જઈ તપાવી જાતને.***

આ શેરમાં કવિ પ્રતીકાત્મક ભાષાનો ઉપયોગ કરે છે. આંગણામાં પહેલેથી જ ગરમી છે, એટલે કે પરિસ્થિતિઓ મુશ્કેલ છે, જીવનમાં તાપ છે. છતાં માણસ રાખ પાસે જઈને પોતાને વધુ તપાવે છે. રાખ સામાન્ય રીતે બુઝાઈ ગયેલી આગનું પ્રતિક છે. એટલે કવિ બતાવે છે કે માણસ ઘણીવાર પોતાની સમસ્યાઓને વધુ જટિલ બનાવે છે. જ્યાં પહેલેથી જ મુશ્કેલી છે ત્યાં પણ માણસ પોતાની જાતને વધુ કષ્ટ આપે છે. આ શેર માનવીના સ્વભાવની એક વિસંગતિ દર્શાવે છે.

***આંગણે લાવ્યો હરણ જેના થકી,***
***એ જ મૃગજળમાં વહાવી જાતને.***

આ શેરમાં 'હરણ' અને 'મૃગજળ' બે પ્રતિકો ખૂબ મહત્વના છે. હરણ મૃગજળના ભ્રમમાં દોડે છે અને પાણીની આશામાં ભટકતું રહે છે. કવિ કહે છે કે માણસ જે વસ્તુ અથવા ભ્રમને પોતે જીવનમાં લાવે છે, એ જ ભ્રમમાં પછી પોતે જ ફસાઈ જાય છે. એટલે માણસ ઘણીવાર પોતાના સ્વપ્નો, લાલચ અથવા કલ્પનાઓમાં એટલો ખોવાઈ જાય છે કે તે વાસ્તવિકતાથી દૂર થઈ જાય છે. મૃગજળ જીવનના ભ્રમ, મોહ અને અસત્ય આશાઓનું પ્રતિક છે.

આ ગઝલનો મુખ્ય તત્વ 'જાતને' શબ્દમાં છુપાયેલો છે. દરેક શેરમાં કવિ પોતાની જાત સાથેના સંવાદને રજૂ કરે છે. માણસ બહારની દુનિયામાં ઘણી લડાઈઓ લડે છે, પરંતુ સૌથી મોટી લડાઈ પોતાની અંદર ચાલી રહી હોય છે. આ ગઝલમાં કવિએ આત્મચિંતન, આત્મજાગૃતિ અને આત્મસંઘર્ષની વાત ખૂબ જ સરળ પરંતુ અસરકારક રીતે કરી છે. ગઝલમાં પ્રતીકોનો ઉપયોગ પણ નોંધપાત્ર છે. કંકુ-ચોખા, શૂન્ય હૈયું, અંતરાત્માનો અવાજ, રાખ, હરણ અને મૃગજળ જેવા પ્રતીકો જીવનના વિવિધ તત્ત્વોને દર્શાવે છે. આ પ્રતીકો દ્વારા કવિ માણસના મનની સ્થિતિ અને જીવનની હકીકતોને વ્યક્ત કરે છે. આ ગઝલ આપણને એક મહત્વપૂર્ણ સંદેશ આપે છે કે માણસે બહારની દુનિયા કરતાં પોતાની અંદર ઝાંખી કરવી વધુ જરૂરી છે. જો માણસ પોતાની જાતને ઓળખે, પોતાની ખામીઓને સ્વીકારે અને પોતાની અંદરના ભ્રમોને દૂર કરે તો જીવનમાં સાચી શાંતિ અને સફળતા મેળવી શકે છે. અંતમાં કહી શકાય કે ઉમેશ જોશી ની આ ગઝલ માનવીના આંતરિક જીવનનું દર્પણ છે. તેમાં આત્મમંથન, જીવનદર્શન અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય જોવા મળે છે. સરળ ભાષા, ગહન અર્થ અને પ્રતીકોના સચોટ ઉપયોગને કારણે આ ગઝલ વાચકને વિચારવા માટે પ્રેરણા આપે છે.

આ ગઝલ માત્ર કાવ્યરચના નથી, પરંતુ માણસને પોતાની જાતને ઓળખવાનો અને પોતાના અંતરમાં ઝાંખી કરવાનો એક સુંદર પ્રયાસ છે.

# પ્રિયજન વિશેષ



**શબ્દથી શબ્દ સુધી**
રમેશ પટેલ, સુરત

તને જોઈ પ્રકૃતિ પણ ટહુકો કરી ઊઠે છે.તારા ગુલાબી ગાલ જોઈ ગુલાબ કહે તને હું તને પ્રેમ કરું છું!

તારા ગાલ પરનો તલ એ મેં કરેલા ચુંબનની નિશાની છે.વાળની તારી ઊડતી લટ જોઈ પવન પાગલ બને છે. તારી ધવલ દંતાવલી જોઈ ડાડમ પણ શરમાઈ જાય છે.

તારી લટક - મટકતી ચાલ જોઈ શેરી પણ તને એક નજર જોયા કરે છે ! તારા કોમળ હોઠ જોઈ કમળ પણ દંગ રહી જાય છે.

તારો પ્રાણી પ્રેમ જોઈ ઈશ્વર પણ આનંદ અનુભવે છે. તને જોઈ વૃક્ષોના પર્ણો પણ તાળી પાડી ઊઠે છે.

તને સમુદ્ર કિનારે રેતીમાં બેઠેલી જોઈ દરિયો પણ મોજાં બની ઉછળી ઉછળીને તારી નજીક આવી; તને ભીનું ભીનું સુંવાળું... પંપાળે છે.

તારો રેશમિયા સ્વભાવ શરુવૃક્ષોને પણ ગમી ગયો છે ..ભાવી ગયો છે. તારી કોમળતા ... જોઈ ફૂલ પણ મહેકી ઊઠે છે. તારા ... કાનમાં પક્ષીઓને માળો કરી રહેવાનું ... મન થાય છે!

હું ચિત્રકાર ... હોઉં તો તારું ચિત્ર મોનાલીસાના ... સ્મિતને પણ ભુલવી શકે એવું દોરી શકું છું!

મને તારો અવાજ મંદિરમાં થતી ઘંટડીના અવાજ જેવો જ કર્ણપ્રિય લાગે છે. મને તારું મૌન કાવ્યમય લાગે છે.

હું તને જોઈ મારું મન મલકાત અનુભવે છે. તું મને લાલ ગુલાબનું ફૂલ ભેટ આપે છે પણ એમાં હું આપણું હૃદય ધબકતું સાંભળી શકું છું.

મેં લખેલી કવિતા કદાચ તું જ હોઈ શકે! હું જાણું છું કે તું મને અપાર અને અનહદ ચાહે છે... પણ હજી સુધી આપણે રૂબરૂ મળી શક્યા નથી... એમાં પણ કોઈ ઈશ્વરનો જ સંકેત હોઈ શકે છે!

આપણે ભલે દૂ..ર દૂ..ર હોઈશું પણ ;તું સદાય મારી નજીક જ હોય એવી અનુભૂતિ હું સતત કરું છું! હું તારા હૃદયમાં અને તું મારા હૃદયમાં વસે છે.

તને ઝરૂખામાં બેઠેલી જોવા પૂનમનો ચંદ્ર પણ નભમાં આનંદ અનુભવતો જણાય છે!

તારી આંખના અરીસામાં માત્ર હું મારું નહીં ,પણ કોક અતિ સુંદર પરિનું જ પ્રતિબિંબ જોઈ શકું છું! મારા સ્વપ્નમાં તું અને તું મારા સ્વપ્નમાં હંમેશ હોય છે. તું અને હું હવે અભિન્ન નથી પણ એક જ અંગ છીએ! તારું રૂપ અને સૌંદર્ય અનુપમ અને અજોડ છે. તુંજ પ્રકૃતિ છે અને તું જ ઈશ્વર છે! તારી હાજરી ફૂલો ઉપર ઊડતાં પતંગિયાં જેવી છે. ફૂલો ઉપરનું ઝાકળ એ તારી વેદનાનો જલજ પડઘો છે!

આપણે નહીં વરસતા વરસાદે પણ ધોધમાર પલળતા હોઈએ છીએ ...અપાર... અજરામર પ્રેમ ભાવથી! આ બધું વાંચી લોક ભલે ચર્ચા કરે પણ આપણને એની કોઈ લપન્ન-છપ્પન નથી! આપણા પ્રેમની નિશાની આ પ્રકૃતિ છે!

# વા વૈશાખી પ્રબળ ઊડતા... ઉડતી અગ્નિજવાળો...

**સતરંગી શમણાં**
નીતા પી. જાદવ

ભૌગોલિકવિવિધતાથી ભરપૂર ભારતદેશને પ્રકૃતિએ પોતાના દરેકરંગોથી સજાવ્યું છે. ઊંડા મહાસાગર, બરફથી આચ્છાદિત હિમાલયમાળા, રાજસ્થાન અને કચ્છનું રણ, બંગાળની ખાડી, બારેમાસ વહેતી નદીઓ,આસામના જંગલો,કેરળની હરિયાળી.... જ્યાં નજર કરો ત્યાં નવીનતા અને નવું વાતાવરણ. એમાં પણ ત્રણ ઋતુઓ એમાં ચારચાંદલગાવે છે. દરેક ઋતુની પોતાની આગવી વિશેષતા હોય છે. શિયાળો, ઉનાળો ને ચોમાસુ.

માણસ સતત એકધારી દિનચર્યાથી કંટાળી ન જાય એ માટે કુદરતે ભારતને વિશેષ વ્યવસ્થા કરી આપી હોય એમ શિયાળાની ગુલાબી ઠંડી, ઉનાળાનો લાલચોળ તડકો ને ચોમાસાની લીલા હરિયાળી મનુષ્યનામનને જીવનને અલગ અલગ અનુભવોથી ભરી દે છે. દરેક ઋતુપહેલા એના નિયતકાળમાં ચાલતી, પણ ગ્લોબલ વૉર્મિંગના કારણે હવે આ ઋતુચક્ર ખોરવાઈ ગયું છે. લોકોએ વૃક્ષો કાપી સિમેન્ટના જંગલો ઊભા કર્યા. નદીઓ પ્રદૂષિત કરી, હવામાંઝેરી વાયુઓ ભેળવી નાખ્યા.મોબાઈલના ટાવરો દ્વારા અન્ય જીવસૃષ્ટિ પરસંકટઊભુંથયું. એટલું જ નહિ, માણસ પોતે પણ એના ઉભા કરેલા જોખમમાં સપડાઈ ગયો છે.

અતિશય ઠંડી તો જેમ તેમ સહન કરી જતી માનવજાતિ અસહ્ય ગરમી સામેહારી જાય છે. ચોમાસે આવતા પૂર અને સર્જાતી હોનારતમાણસને એની ભૂલ બતાવીને ચેતવી રહી છે. પહેલાના સમયમાં ઉઘાડા પગે ભરબપોરે આખું ગામ રખડી લેતા લોકોને સવારના નવ વાગ્યે સૂરજસામે આંખ ઉઘાડી શકાય એમ નથી. AC ચાલુ કરી કૃત્રિમ ઠંડક લેતો માણસ જેવો બહાર નીકળે કે, જાણે દાઝી રહયો હોય એમ લાગે છે. કૃત્રિમ સુવિધા પાછળ પાગલ માણસે પ્રકૃતિનું અપાર નુકસાન કર્યું છે, જેના પરિણામે આજે ૪૫ ડિગ્રી પાર જતો ગરમીનો આંકડો લાલ બત્તીસૂચવે છે. આનાથી બચવા હજી પણ ચેતી જવાનો સમય છે. ઘર, દુકાન, ઓફિસની આજુબાજુ વૃક્ષો વાવો, ઝેરી નકલી ઠંડા પીણાને બદલે લીંબુ શરબત, શેરડીનો રસ કે તાજા ફળોનો રસ પીવાનું શરૂ કરો. દિવસમાં કમ સે કમ ૧૨ થી ૧૫ ગ્લાસ પાણી પીવો. ગરમીથી બચવા શરીર ઢંકાય એવા કપડાં પહેરો. નાના બાળકોને સનસ્ટ્રોકથી બચાવો. બિનજરુરી રીતે બહાર નીકળવાનું કે રખડવાનું ટાળો. ચાલીને કે સાઈકલ ચલાવીને જવાનો આગ્રહ રાખો, જેથી ઈંધણના ધુમાડાને લીધે થતી ગરમીનું પ્રમાણ ઘટાડી શકાય.

'ચેતતા નાર સદા સુખી' માટે ભૂતકાળમાં કરેલી ભૂલોને દોહરાવીને દુ:ખી થવાને બદલે એક કદમ પર્યાવરણ અને માનવકલ્યાણ તરફ અને ખુદની સુખાકારી તરફ વધારીએ. પર્યાવરણની અમૂલ્ય ભેંટ સાચવીને આગલી પેઢીને સોંપીએ ત્યારે એનો નાશ ન થાય એ જોવાની જવાબદારી સામૂહિક હોય છે. માટે આ ઉનાળાની શરૂઆતમાં જ જરૂરી સાવધાની રાખી ચાલીએ તો પ્રકૃતિના પ્રકોપથી બચી શકાશે.


દમણગંગા ટાઇમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.

ફોન: ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫

ઈમેલ- editor.dgt@gmail.com

દમણગંગા ટાઇમ્સ

EDITORIAL: DAMANGANGA TIMES

Saturday 14, March 2026


## ગભરાટનો ગેસ

ક્રૂડતેલના દરો અને શેરબજારો સેન્ટિમેન્ટ પર ચાલે છે, એ વધુ એકવાર પુરવાર થઈ ગયું, કેમ કે, ઈરાન યુદ્ધ ટૂંક સમયમાં પૂરું થઈ શકે છે, એવા ડોનાલ્ડ ટ્રમ્પનાં એક નિવેદનથી ક્રૂડના બેરલ દીઠ ૧૨૦ ડોલર સુધી પહોંચી ગયેલા ભાવ ૯૦ પર આવી ગયા અને શેરબજારોમાં અફરાતફરી અટકી છે. યુદ્ધના અગિયાર દિવસોમાં જ ગેસની અછતને કારણે ભારત ગેસ પર આવી ગયું છે. કેન્દ્ર સરકારે એસેન્શિયલ સર્વિસીસ મેન્ટેનન્સ એક્ટ (એસ્મા) લાગુ કર્યો છે, જેથી સંગ્રહખોરી અને કાળાબજાર ન થાય. યુદ્ધ શરૂ થયું ત્યારથી જ ગેસની ખેંચ થશે એવી ચર્ચા શરૂ થઈ ગઈ હતી. સરકારે સ્પષ્ટતા કરી છે કે, ઘરગથ્થુ ઉપયોગ માટેના એલપીજી ગેસની અછત નથી. કમર્શિયલ વપરાશ માટેના ગેસ સિલિન્ડરો પર કાપ મુકાવાને કારણે ગભરાટ ફેલાયો છે. આવામાં, સરકાર સામે આ ગભરાટને વધુ ફેલાતો રોકવાનો પડકાર મોટો છે. સરકારે ઘરવપરાશ માટેના પીએનજી અને વાહનોમાં ઈંધણ તરીકે વપરાતા સીએનજીને પ્રાથમિકતા આપવા સાથે એલએનજી અને એલપીજીના ઔદ્યોગિક અને કમર્શિયલ ઉપયોગ પર નિયંત્રણ લાદવામાં આવ્યાં છે. ભારતની કુદરતી ગેસની કુલ જરૂરિયાતોમાંથી ૬૦ ટકા અને એલપીજી માંગમાંથી અડધોઅડધની આયાત થાય છે, જેના માટે કતાર તથા પ?િમ એશિયાના અન્ય દેશો પર આપણે નિર્ભર છીએ. અત્યારે આ દેશોમાંથી ટેન્કર્સ આવી શકે એમ નથી. વળી, ક્રૂડતેલના સંગ્રહ કરતાં આ ગેસના સંગ્રહમાં વધુ ખર્ચ થતો હોય છે. વળી, આપણી પાસે ઝાઝાં અઠવાડિયાં ચાલે એટલો સ્ટોક નથી. સરકાર સતત ભરોસો બંધાવી રહી છે કે, પેટ્રોલ અને ડીઝલ જેવાં ઈંધણોના ભાવ નહીં વધવા દેવાય, જે ધરપતની વાત છે. ગુજરાતના સિરામિક ઉદ્યોગથી લઈને મહાનગરોમાં હોટેલ અને રેસ્ટોરાં જેવાં ક્ષેત્રો પર અસર થવાનું શરૂ થઈ ગયું છે. ઉપલબ્ધ હશે તો ઉદ્યોગોને ગેસ મળશે એવી જાહેરાતથી પણ ગભરાટ ફેલાવા માંડયો છે. જો કે, આવશ્યક અને બિનઆવશ્યક સેવા કઈ એ વિશે સરકારે સંતુલિત અભિગમ લેવો પડશે. ઘરગથ્થુ ઉપયોગ ગેસ વિતરણ બાબતે પ્રાથમિકતા હોય એ સર્વથા યોગ્ય જ છે, પણ મુંબઈ તથા અન્ય મહાનગરોમાં કર્મચારીઓને ફરજિયાતપણે બહાર જમવું પડે છે, આથી અહીં ઈટિંગ આઉટ લક્ઝરી નહીં, પણ જરૂરિયાત છે. અનેક વ્યવસાયો એવા છે, જેના માટે લોકોએ વહેલી સવારે ઘરેથી નીકળવું પડે છે અને તેમના માટે કેન્ટીન જ ભોજનનો એકમાત્ર વિકલ્પ અને સહારો હોય છે, તો ટ્રક-ટેક્સી-રિક્ષાચાલકો માટે પણ બહાર જમવું અનિવાર્ય હોય છે. આથી આ લોકોનો વિચાર પણ કરવો રહ્યો. પરિસ્થિતિ ચિંતાજનક છે, પણ ચિંતા કરતાં ચિંતન કરી માર્ગ શોધવાની જરૂર છે.

# ભારતે અમેરિકા, નોર્વે, કેનેડા, રશિયા જેવા દેશોમાંથી LPG આયાત વધારી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩ : ઈરાન, ઇઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા તણાવ અને યુદ્ધની પરિસ્થિતિને કારણે ખાડી પ્રદેશમાં અસ્થિરતા સર્જાઈ છે. તેના કારણે કાચા તેલ અને કુદરતી ગેસના પરિવહન પર અસર પડી છે, જેના પરિણામે ભારતમાં LPG ગેસના પુરવઠા અંગે ચિંતા ઉભી થઈ હતી. જોકે હવે સરકારે આ સમસ્યાને ઉકેલવા માટે મહત્વપૂર્ણ પગલાં લીધા હોવાનું જણાવ્યું છે.

અહેવાલો મુજબ, કેન્દ્ર સરકારે હવે અમેરિકા, નોર્વે, કેનેડા અને રશિયા જેવા નવા દેશોમાંથી વધારાના LPG શિપમેન્ટ મંગાવવાનું શરૂ કર્યું છે. સાથે જ જ્યાં પુરવઠો ઉપલબ્ધ છે તેવા ખાડી દેશોમાંથી પણ LPGની ખરીદી ચાલુ રાખવામાં આવી રહી છે. સરકારના આ પગલાંને કારણે દેશમાં LPG સિલિન્ડર અંગે ઉભી થયેલી અછતની ચિંતા ટૂંક સમયમાં દૂર થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

દેશના ઘણા વિસ્તારોમાં LPG સિલિન્ડરની અછત અંગે ચર્ચા વચ્ચે કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ મહત્વપૂર્ણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે વિશ્વના બીજા ક્રમના સૌથી મોટા LPG આયાતકાર તરીકે ભારત હાલમાં મર્યાદિત પુરવઠાના પડકારનો સામનો કરી રહ્યું છે. તેમ છતાં, સરકાર દ્વારા પુરવઠો જાળવી રાખવા માટે વિવિધ સ્રોતોમાંથી આયાત વધારવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

આ ઉપરાંત કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સલાહ આપી છે કે હોટલ અને રેસ્ટોરન્ટ ક્ષેત્રમાં LPGનો ઉપયોગ ઓછો કરવા માટે બાયોમાસ, કેરોસીન અને કોલસા જેવા વૈકલ્પિક ઈંધણના ઉપયોગને મંજૂરી આપવામાં આવે. આ પગલાંનો મુખ્ય હેતુ ઘરેલુ ગ્રાહકોને ગેસનો પૂરતો પુરવઠો મળી રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

હરદીપ સિંહ પુરીએ સંસદમાં જણાવ્યું હતું કે ભારત અગાઉ તેની LPG જરૂરિયાતોના લગભગ ૬૦ ટકા પુરવઠા માટે ગલ્ફ દેશો પર નિર્ભર હતું. પરંતુ હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારે આયાતના સ્રોતોનો વિસ્તાર કર્યો છે. સાથે જ કટોકટીની જોગવાઈઓનો ઉપયોગ કરીને રિફાઈનરીઓને LPG ઉત્પાદન વધારવા અને ઉદ્યોગોને વેચાણ મર્યાદિત કરવાની સૂચના આપવામાં આવી છે. સરકારના આ પગલાંથી દેશના લગભગ ૩૩૩ મિલિયન ઘરેલુ ગ્રાહકોને ગેસની અછતનો સામનો ન કરવો પડે તે સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. પેટ્રોલિયમ મંત્રીના જણાવ્યા અનુસાર ઘરેલુ LPG પુરવઠો હાલ પહેલાની જેમ ચાલુ છે, જોકે અછતની અફવાઓને કારણે ઘણા ગ્રાહકોમાં ચિંતા જોવા મળી રહી છે. યુનાઈટેડ સ્ટેટ્સ અને ઇઝરાયલ દ્વારા ઈરાન પર થતા હુમલાઓને કારણે હોર્મુઝ સ્ટ્રેટ અને ગલ્ફ ક્ષેત્રમાં શિપિંગ પર અસર પડી છે. તેના કારણે ક્રૂડ ઓઈલ, LPG અને LNG જેવા ઊર્જા સ્રોતોના વૈશ્વિક પુરવઠા પર પણ અસર જોવા મળી રહી છે. તેમ છતાં, ભારત સરકારે વૈકલ્પિક સ્રોતો શોધીને પુરવઠાની સમસ્યાનો ઉકેલ લાવવાનો પ્રયાસ શરૂ કર્યો છે.

## રેસ્ટોરન્ટ અને ઉદ્યોગો માટે વૈકલ્પિક ઈંધણોના ઉપયોગને મંજૂરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩ : પશ્ચિમ એશિયાના સંઘર્ષને કારણે દેશમાં રાંધણ ગેસના પુરવઠા પર માઠી અસર પડી છે. ગેસની અછતને પહોંચી વળવા અને ઘરેલું ગ્રાહકોને મુશ્કેલી ન પડે તે માટે કેન્દ્ર સરકારે હોટલ, રેસ્ટોરન્ટ અને ઉદ્યોગો માટે કોલસો, કેરોસીન અને બાયોમાસ જેવા વૈકલ્પિક ઈંધણોના ઉપયોગને મંજૂરી આપી દીધી છે. કેન્દ્રીય પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ લોકસભામાં જણાવ્યું હતું કે LPG પરનું દબાણ ઘટાડવા માટે આ પગલાં લેવાયા છે. પર્યાવરણ મંત્રાલયે રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને સૂચના આપી છે કે, એક મહિના સુધી હૉસ્પિટાલિટી અને રેસ્ટોરન્ટ સેક્ટરમાં બાયોમાસ, RDF પેલેટ્સ, કેરોસીન અને કોલસાનો ઉપયોગ કરવા દેવામાં આવે. કોલ ઈન્ડિયા અને સિંગરેણી કોલિયરીઝને નાના અને મધ્યમ ગ્રાહકોને વધુ પ્રમાણમાં કોલસો ફાળવવા આદેશ અપાયો છે. સરકાર દ્વારા રાજ્યોને વધારાનું ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન ફાળવવામાં આવ્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ વિભાગના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ જણાવ્યું હતું કે, ત્રિમાસિક ફાળવણી ઉપરાંત કેન્દ્રએ રાજ્ય સરકારોને વિતરણ માટે વધારાનું ૪૮,૦૦૦ કિલોલીટર કેરોસીન આપ્યું છે. કોલસા મંત્રાલયે પણ કોલ ઈન્ડિયાને નાના અને મધ્યમ ગ્રાહકો માટે વધુ માત્રામાં કોલસો ફાળવવા સૂચના આપી છે.

અછતના ડરથી લોકોમાં પેનિક બુકિંગ (વધારે પડતું બુકિંગ) વધતા સરકારે બે સિલિન્ડર વચ્ચેના અંતરમાં ફેરફાર કર્યો છે. બે સિલિન્ડર બુકિંગ વચ્ચેનો લઘુતમ ગાળો વધારીને ૪૫ દિવસ કરવામાં આવ્યો છે. શહેરોમાં આ ગાળો ૨૫ દિવસ રહેશે. અગાઉ આ મર્યાદા ૨૧ દિવસની હતી, જે સંઘર્ષ શરૂ થયા બાદ વધારવામાં આવી છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે, ખોટી માહિતી અને અફવાઓને કારણે બુકિંગમાં અનેકગણો વધારો થયો છે. સરકારે ગ્રાહકોને અપીલ કરી છે કે તેઓ ગભરાઈને બિનજરૂરી બુકિંગ ન કરે. વ્યાપારી ઉપયોગ માટે માસિક જરૂરિયાતના ૨૦% LPG ફાળવવાનો નિર્ણય પણ લેવાયો છે જેથી સપ્લાય ચેઈન જળવાયેલી રહે.

### યુદ્ધ વચ્ચે મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ સાથે કરી વાત

## અમે શાંતિના હિતેચ્છુ : મોદી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૩
પશ્ચિમ એશિયામાં વધી રહેલા ભારેલા અગ્નિ જેવા તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. વર્તમાન યુદ્ધની સ્થિતિમાં બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ સીધી અને અત્યંત મહત્વપૂર્ણ મંત્રણા ગણાઈ રહી છે. વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રપતિ પેઝેશ્કિયન સાથેની વાતચીત બાદ સોશિયલ મીડિયા પર માહિતી આપી હતી કે, તેમણે મધ્ય પૂર્વની ગંભીર સ્થિતિ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. PM મોદીએ ભારપૂર્વક જણાવ્યું કે, પ્રદેશમાં વધતો તણાવ, નિર્દોષ નાગરિકોના મોત અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને થઈ રહેલું નુકસાન ચિંતાજનક છે. ભારત હંમેશા શાંતિનો પક્ષધર રહ્યો છે અને વાતચીત તેમજ કૂટનીતિ દ્વારા જ ઉકેલ લાવવા માટે આગ્રહ કર્યો છે. આ વાતચીત એવા સમયે થઈ છે જ્યારે ઈરાને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ એવા ‘સ્ટ્રેટ ઓફ હોર્મુઝ’ને લગભગ બંધ કરી દીધું છે. આ તે જ દરિયાઈ માર્ગ છે જ્યાંથી વિશ્વના પાંચમા ભાગનો તેલ અને ગેસનો પુરવઠો પસાર થાય છે. નાકાબંધીને કારણે ભારતમાં પણ ઈંધણની તંગી અને ભાવ વધારાનો ભય તોળાઈ રહ્યો છે, જે સંદર્ભે PM મોદીએ ભારત માટે અવિરત ઉર્જા પુરવઠો સુનિશ્ચિત કરવા બાબતે ચર્ચા કરી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વિદેશ મંત્રી એસ. જયશંકરની ઈરાની સમકક્ષ સાથેની મંત્રણા બાદ હવે ઈરાને ભારતીય તેલ ટેન્કરોને સુરક્ષિત રીતે પસાર થવા દેવાની તૈયારી દર્શાવી છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, ભારત સરકાર અંદાજે 20 જેટલા તેલ અને ગેસ ટેન્કરોને હોર્મુઝની સામુદ્રધુનીમાંથી સલામત રીતે બહાર કાઢવા માટે ઈરાન સાથે સતત સંપર્કમાં છે.

## વાપી એમ.ડી. ડ્રગ્સ પ્રકરણના આરોપીના વચગાળાના જામીન નામંજુર

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વાપી, તા. ૧૩ :** વાપી ચલાના મોહિત પાર્ક પાસેના બંગલામાંથી ૨૯.૫૦ કરોડના ડ્રગ્સ પકડવાના પ્રકરણનો આરોપી મોહનલાલ નારણલાલ પાલિવાલ ની વચગાળા ની જામીન અરજી ના મંજૂર કરવાનો હુકમ કરાયો છે.

વાપી ટાઉનના ચલા મોહિત પાર્ક ખાતે આવેલ મનોજસિંહ ઠાકુરના બંગલામાં તેમનો જ ભાઈ મેહુલ ઠાકુર અને મોહન પાલીવાલ દ્વારા મેફેડોન ડ્રગ્સ બનાવવાનું અને ત્યાંથી સપ્લાય કરતા હોવાની બાતમી ગુજરાત એટીએસને મળી હતી જેને લઈ તારીખ ૪/ ૧૦ / ૨૦૨૫ ના રોજ રેડ કરતા બંગલામાંથી પાંચ કિલો ૯૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ જેની કિંમત રૂપિયા ૨૯, ૫૦, ૦૦,૦૦૦ મળી આવતા એટીએસ અમદાવાદ પોલીસે મોહનલાલ નારણલાલ પાલિવાલ ની અટકાયત કરી મુખ્ય આરોપી મેહુલ રાજનેતસિંહ ઉસે પહેલવાન ઠાકુર વિવેક રાય તેમજ મકાન માલિક મનોજસિંહ ઠાકુરને વોન્ટેડ જાહેર કરાયા હતા આ કેસમાં પાછળથી એટીએસ પોલીસે સલવાઓ ખાતેથી કાચો રો મટીરીયલ સપ્લાય કરનાર બે આરોપીને પણ ઝડપી પાડ્યા હતા આ બંગલામાંથી મળી આવેલા એમ ડી ડ્રગ્સના જથ્થાની તપાસ કરતા આ ડ્રગ્સ બનાવવાનું કામ દમણના બામણપૂજા ખાતેના એક ફાર્મ હાઉસમાં કરાતું હતું જ્યાં રેડ કરતા મોટી માત્રામાં કાચો રો મટીરીયલ અને એમડી ડ્રગ્સ બનાવવાના સાધનો પણ મળી આવ્યા હતા. આ તૈયાર એમડી ડ્રગ્સ નો જથ્થો વોન્ટેડ આરોપી મેહુલ ઠાકુર અને વિવેક રાય દ્વારા મહારાષ્ટ્રના મુંબઈમાં સપ્લાય કરતા હતા.

જે અંગે ઝડપાયેલો ૫.૯૦૦ ગ્રામ એમડી ડ્રગ્સ નો જથ્થો વલસાડથી મુંબઈ તરફ જતા નેશનલ હાઈવે નંબર ૪૮ ઉપર આવેલ તલાસરીના પારસી ડેરી પાસે ડીલેવરી આપવા માટે જવાના હતા. આ પકરણમાં અટકાયત કરાયેલા આરોપી મોહનલાલ નારાયણ લાલ દ્વારા એન ડી પી એસ એક્ટ હેઠળના સ્પેશિયલ જજ ડી જે શાહની કોર્ટમાં પોતાની બીમાર માતાની માંદગીનું કારણ આપી ૨૦ દિવસ માટે વચગાળાના જામીન ઉપર મુક્ત થવા જામીન અરજી કરતા જે વચગાળાની જામીન અરજી સંદર્ભે ડી જી પી અનિલ ત્રિપાઠીની દલીલો ગ્રાહ્ય રાખી આરોપી મોહન પાલીવાલની વચગાળાની જામીન અરજી નામંજૂર કરવાનો હુકમ કર્યો.

આરોપી મોહન પાલીવાલ અગાઉ પણ વલસાડ જિલ્લાના બે જેટલા એમડી ડ્રગ્સ બનાવવાના તેમજ જથ્થો રાખવાના ગુનામાં ઝડપાઈ ચુક્યો છે અને તે પેરોલ ઉપર જેલમાંથી બહાર આવી જંપ કરી ફરાર થઈ ગયો હતો અને ત્યારબાદ વાપી ચલાના આ બંગલામાં એમડી ડ્રગ્સ બનાવવાની કામગીરી કરતો હોવાનું બહાર આવ્યું છે.

## બીલીમોરાની આઈસીઆઈસી બેંકના સર્વર રૂમમાં શોર્ટ સર્કિટથી આગ







(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
બીલીમોરા, તા. ૧૩ : બીલીમોરાના ગૌહરબાગ વિસ્તારમાં આવેલી ICICI બેંકના સર્વર રૂમમાં શુક્રવારે અચાનક ધુમાડાના ગોટેગોટા નીકળતા બેંક સ્ટાફ અને ગ્રાહકોમાં ભારે અફડાતફડી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતા જ બીલીમોરા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી ગઈ હતી. સર્વર રૂમમાં ધુમાડો એટલો પ્રચંડ હતો કે અંદરથી પ્રવેશ કરવો અશક્ય જણાતા, ફાયર ફાયટરોએ અત્યંત સાવચેતીપૂર્વક બારીના કાચ તોડી અંદર પ્રવેશ કર્યો હતો અને ફાયર એક્સટિંગ્યુશરનો ઉપયોગ કરી સમયસૂચકતા સાથે સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. પ્રાથમિક તપાસમાં સર્વર રૂમની મશીનરીમાં શોર્ટ સર્કિટ થવાને કારણે આ ધુમાડો ફેલાયો હોવાનું બહાર આવ્યું છે.સદનસીબે ફાયર ટીમની ત્વરિત કામગીરીને પગલે મોટી દુર્ઘટના ટળી હતી અને કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જોકે આ ઘટના દરમિયાન બેંકમાં ઈમરજન્સી એક્ઝિટ જેવી પાયાની સુવિધાનો અભાવ જોવા મળતા સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર સવાલો ઊભા થયા છે. ઉનાળાની શરૂઆતમાં જ આગની આવી ઘટનાઓને પગલે બીલીમોરાના જાહેર સ્થળો અને વ્યવસાયિક એકમોમાં ફાયર સેફટીના સાધનો તેમજ નિયમોનું ચુસ્ત પાલન થાય તે માટે તંત્ર દ્વારા સઘન તપાસ જરૂરી બની છે.

## સોનવાડામાં ટ્રેક્ટરની આર.સી. બુક મુદ્દે બબાલ

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**પારડી, તા.૧૩ :** સોનવાડા ગામના ભગત ફળિયામાં રહેતા દિલીપભાઈ ખુશાલભાઈ પટેલ તેઓએ જણાવ્યું હતું કે તેમના પડોશી અરવિંદભાઈ બાબરભાઈ પટેલે અગાઉ દિલીપભાઈની જમીન ઉપર લોન લઈ ટ્રેક્ટર ખરીદ્યું હતું અને તેની આર.સી.બુક દિલીપભાઈ પાસે હતી. પરંતુ અરવિંદભાઈએ ટ્રેક્ટરની લોન ભરપાઈ કર્યા વગર જ ટ્રેક્ટર વેચી દીધું હતું. થોડા દિવસ પહેલાં અરવિંદભાઈએ ટ્રેક્ટરની આર.સી.બુક માગી હતી. ત્યારે દિલીપભાઈએ પહેલા તેમની જમીન ઉપરનો લોનનો બોજો દૂર કરવા જણાવતાં બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. દિલીપભાઈ દુકાન તરફ જઈ રહ્યા હતા ત્યારે ભગત ફળિયા નવી નગરી રોડ પાસે અરવિંદભાઈએ તેમને અટકાવી આર.સી.બુક આપવાની માંગણી કરી ગાળાગાળી કરી હતી દિલીપભાઈએ જમીન ઉપરનો બોજો દૂર કરવાની વાત કરતા અરવિંદભાઈ ઉશ્કેરાઈ ગયા અને પોતાની પાસે રહેલા ઝાટકાથી તેમના જમણા હાથની કોણી પાસે માર માર્યો હતો. ત્યારબાદ ઢીકમુક્કી પણ કરી હતી આ દરમિયાન ત્યાંથી પસાર થતા દશરથભાઈ અને પ્રવિણભાઈએ ઘટના જોઈ હતી. આરોપીએ દિલીપભાઈને ટ્રેક્ટરની આર.સી.બુક ન આપશો તો જાનથી મારી નાંખવાની ધમકી આપી સ્થળ પરથી નીકળી ગયો હતો દિલીપભાઈને સામાન્ય ઈજા થતા તેમણે ગામના ચંદ્રકાંતભાઈને જાણ કરી અને તેમની સાથે પારડી પોલીસ સ્ટેશનમાં અરવિંદભાઈ બાબરભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. પારડી પોલીસ દ્વારા ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## ભીલાડ સ્ટેશને ટ્રેન અડફટે અજાણ્યાનું મોત

**વાપી, તા.૧૩ :** ભીલાડ રેલવે સ્ટેશનને ટ્રેક પરથી પ્લેટફોર્મ પર જોવા જતા તેજસ રાજધાની એક્સપ્રેસ ટ્રેનની અટપટે ૧ અજાણ્યા ઈસમ આવી જતા તેને શરીરે ગંભીર ઈજા થવાને લઈ ઘટના સ્થળે જ મોત થયું હતું.

પ્રાપ્ત વિગત મુજબ ગત તારીખ ૧૨ ૩ ૨૦૨૬ ના રોજ સાંજે ૦૬૫૫ કલાકે ભીલાડ રેલવે સ્ટેશન ના પ્લેટફોર્મ નંબર બે ઉપર જવા માટે રેલવે ટ્રેક ક્રોસ કરી રહેલા એક ૩૦ થી ૩૫ વર્ષના અજાણ્યા ઈસમનું તેજસ રાજધાની એક્સપ્રેસ ટ્રેનની અટપટે અકસ્માતે આવી જતા તેને શરીરે તથા માથાયે ગંભીર ઈજા થતાં તેનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ અંગે મરનારના વાલી વારસો ની ભારે પણ નહીં મળતા આજે વાપી રેલવે પોલીસના જમાદાર અશ્વિનભાઈ દ્વારા આ અજાણ્યા મરનાર ઈસમના વાલી વારસો યે સંપર્ક કરવા જણાવાયું છે.

## વલસાડ ન.પા.નાં વોર્ડ નં.૭માં ગેરકાયદે બાંધકામ અંગે રજૂઆત

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ નગરપાલિકાના વોર્ડ નંબર ૭માં ચાલી રહેલી ગેરકાયદે પ્રવૃત્તિઓ અને જનસુવિધાના અભાવ અંગે જાગૃત નાગરિકે વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે.

વલસાડ શહેરમાં રહેતા કાંતિભાઈ ભંડારીએ વલસાડ નગરપાલિકા ચીફ ઓફિસરને લેખિતમાં રજૂઆત કરી કે વલસાડ નગરપાલિકાવોર્ડ નંબર ૭માં પોલીસ ચોકી પાછળ વોર્ડ નં. ૦૭ના ચૂંટાયેલા સભ્યો પૈકી પ્રવીણભાઈ પવારના વિસ્તારમાં, ધોબીતળાવ પાસે આવેલી પોલીસ ચોકીની પાછળ એક નવી દુકાન બનાવી દેવામાં આવી છે. આશ્ચર્યની વાત એ છે કે, આ દુકાન કોણે બનાવી તેની જાણકારી ન તો નગરપાલિકાને છે, ન તો ત્યાંના ચૂંટાયેલા સભ્યોને. આ બાંધકામની આકારણી થઈ છે કે નહીં તે તપાસવાનો અને જો આ બાંધકામ ગેરકાયદેસર ઠરે, તો તેને તાત્કાલિક બુલડોઝર ફેરવી તોડી પાડવાની માંગ કરવામાં આવી છે. બંધ જાહેર શૌચાલય ખોલવા અને ઓફિસ બનાવવા માંગ કરી છે બીજી તરફ, ધોબીતળાવ પોલીસ ચોકીની પાછળ જ આવેલું પે એન્ડ યુઝ જાહેર શૌચાલય લાંબા સમયથી બંધ હાલતમાં છે. ગંદકી અને તાળાબંધીને કારણે સ્થાનિકોને હાલાકી ભોગવવી પડી રહી છે. આ શૌચાલય સત્વરે સાફ કરાવી ખુલ્લું મૂકવાની માંગ સાથે એક નવો પ્રસ્તાવ પણ મૂકવામાં આવ્યો છે. સ્થાનિકો સામાજિક કાર્યો માટે આ શૌચાલયના ઉપરના ભાગે (ટેરેસ પર) પોતાના ખર્ચે ઓફિસ બનાવવા માંગે છે, જેના માટે કાયદેસરની મંજૂરી આપવા માંગ કરી.

## આહવામાં હત્યાના પ્રયાસના વોન્ટેડ ત્રણ આરોપી ઝડપાયા

**સાપુતારા, તા.૧૩ :** આહવા ડાંગ ઈંટોના ભઠ્ઠા પર મજૂરીના પૈસાની લેતી-દેતી બાબતે થયેલી બોલાચાલીમાં જીવલેણ હુમલો કરનાર ત્રણ આરોપીઓને ગણતરીના દિવસોમાં સુરત ખાતેથી પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.ગત તારીખ ૧૦/૦૩/૨૦૨૬ ના રોજ સાંજે આશરે ૦૫:૩૦ કલાકે આહવા ખાતે ઈંટના ભઠ્ઠા ઉપર મજૂરીના રૂપિયાના હિસાબ બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન આરોપીઓએ ફરિયાદી મહેશભાઈ અશોકભાઈ પરમાર અને શૈલેષભાઈ પરમાર સાથે ઝઘડો કરી, શૈલેષભાઈના પેટના ભાગે ચપ્પુનો ઘા ઝીંકી જીવલેણ ગંભીર ઈજા પહોંચાડી હતી. આ અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.ગુનો દાખલ થયા બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. હ્યુમન સોર્સ અને ટેકનિકલ એનાલિસિસની મદદથી પોલીસે ત્રણેય આરોપીઓને સુરત ખાતેથી ઝડપી લીધા છે.

## વલસાડમાં બાઈક અને ભુચથી કાર ચોરનાર ઝડપાયો

**વલસાડ, તા. ૧૩ :** વલસાડ શહેરના સ્ટેડિયમ રોડ પર આવેલ ભાટીયા મોબાઈલ દુકાનની બહાર ગઈ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મોહમદ ઍસઘર સુલેમાન રાયન રહે. વલસાડની હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ બાઈક નંબર GJ-15-GG-6588ની પાર્ક કરી મસ્જીદમાં નમાજ માટે ગયેલ હતો અને પરત આવતા બાઈકની શોધખોળ કરતા મળી આવેલ ન હતી. તેથી તેમણે વલસાડ સીટી પોલીસ મથકમાં બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી હતી. વલસાડ સીટી પોલીસ મથકના પીએસઆઈ શીબાન થોમશ તથા સર્વેલન્સ સ્ટાફના માણસોએ અલગ અલગ ટીમ બનાવી સમગ્ર વલસાડ જીલ્લાના ૧૫૦થી વધુ સીસીટીવી કેમેરા તપાસ કર્યા હતા. ચોરી થયેલી બાઈક વલસાડ ધરમપુર ચોકડી તથા અતુલ વિસ્તાર તથા વલસાડ સીટી વીસ્તારમા હોવાનુ જણાય આવેલ ત્યારબાદ ગઈ તા.૧૨/૦૩/૨૦૨૬ ના રોજ વલસાડ સીટી સર્વેલન્સના ની ટીમને બાતમી મળી કે ચોરીમા ગયેલ સપ્લેન્ડર મોટર સાઈકલ લઈને એક ઈસમ વલસાડ હાલર યશ બેંકથી સર્કીટહાઉસ તરફ જતાં રોડ ઉપર આવેલ નિલકંથ સોસાયટી પર ઉભેલ હોવાની બાતમી આધારે ઉપરોક્ત ચોરીમા ગયેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ બાઈક નંબર GJ-15-GG-6588 સાથે આરોપી ઈકબાલ અનવર મજોઠી ઉ.વ. ૪૨ રહે. ભુજ કેમ્પ એરીયા મજોઠી સમાજની વાડીની બાજુમા તા.જી ભુજ ની ધરપકડ કરી હતી બાઈક ચોરી કરનાર આરોપીની પૂછપરછ કરતા તેમણે ભુજ સમખીયાળી પોલીસ સ્ટેશન વિસ્તાર માથી ઈકકો કારની ચોરી કરી ભુજ થી વલસાડ આવેલ અને વલસાડ માં ઈકકો કાર બંધ પડી ગયેલ હોવાનુ જણાવતા આરોપીને સાથે રાખી તપાસ કરતા વલસાડ કચેરી રોડ ઉપરથી ચોરી કરેલ ઈકકો કાર રી-કવર કરી ભુજ સમખીયાળી પોલીસ સ્ટેશનનો ગુનો ઉકેલાયો હતો.

### ઈરાન યુદ્ધની અસર હવે રસોડા સુધી પહોંચી

## વલસાડમાં ગેસ સિલિન્ડરની અછતને પગલે ગૃહિણીઓ ચૂલા તરફ વળી

**(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)**
**વલસાડ, તા. ૧૩ :** છેલ્લા કેટલાક દિવસોથી ગેસ સિલિન્ડરના સપ્લાયમાં આવેલા વિક્ષેપને કારણે વલસાડ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં રાંધણ ગેસની ભારે અછત સર્જાઈ છે. સિલિન્ડર નહિ મળતા લોકો હવે ફરી લાકડાના ચૂલા પર રસોઈ બનાવવા મજબૂર બન્યા છે.

વર્તમાન વૈશ્વિક યુદ્ધની પરિસ્થિતિની માઠી અસર હવે છેક છેવાડાના માનવીના રસોડા સુધી પહોંચી છે. છેલ્લા કેટલાક દિવસોથી ગેસ સિલિન્ડરના સપ્લાયમાં આવેલા વિક્ષેપને કારણે વલસાડ શહેર સહિત ગ્રામ્ય વિસ્તારોમાં રાંધણ ગેસની ભારે અછત સર્જાઈ છે. સમયસર સિલિન્ડર ન મળતા લોકો હવે મજબૂરીવશ ફરી લાકડાના ચૂલા પર રસોઈ બનાવવા મજબૂર બન્યા છે.

વલસાડ શહેરના અનેક વિસ્તારો તેમજ આજુબાજુના ગામડાઓમાં ગેસ એજન્સીઓ પાસે સિલિન્ડરનો સ્ટોક ખૂટી પડ્યો હોવાના અહેવાલો મળી રહ્યા છે. યુદ્ધને કારણે સપ્લાય ચેઈન ખોરવાતા નવા સ્ટોકની આવક અનિશ્ચિત બની છે. જે ગૃહિણીઓ અત્યાર સુધી આધુનિક ગેસ સ્ટવ પર રસોઈ બનાવતી હતી, તેમણે હવે બળતણ માટે લાકડા વીણવા અને ધુમાડા વચ્ચે રસોઈ બનાવવાની નોબત આવી છે. સ્થાનિક ગૃહિણીઓએ જણાવ્યું હતું કે, ગેસ પૂરો થઈ ગયો છે અને એજન્સીમાં પૂછતા જવાબ મળે છે કે, હજુ વાર લાગશે. મોંઘવારીના જમાનામાં બહારથી જમવાનું લાવવું પોષાય તેમ નથી, એટલે નાછૂટકે ઘરના આંગણે કે અગાશીમાં પથ્થર મૂકીને ચૂલો સળગાવવો પડી રહ્યો છે.

ગેસ ન હોવાથી લાકડા અને કોલસાની માંગમાં અચાનક ઉછાળો આવ્યો છે. ચૂલા પર રસોઈ બનાવવામાં સમય વધુ જતો હોવાથી નોકરીયાત વર્ગ મુશ્કેલીમાં મુકાયો છે.

આરોગ્યની ચિંતા સતત ધુમાડાને કારણે શ્વાસ લેવામાં તકલીફ અને આંખોમાં બળતરા જેવી સમસ્યાઓ ઊભી થઈ રહી છે. હાલ તો વલસાડવાસીઓ ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છે કે યુદ્ધ જલ્દી વિરામ લે અને પરિસ્થિતિ સામાન્ય બને, જેથી તેમને આ ધુમાડાના સામ્રાજ્ય માંથી મુક્તિ મળે.

# અન્ય સમાચારો

## નામ બદલ્યું છે

આથી હું જણાવું છું કે, મારુ જૂનું નામ રીતેશકુમાર / રીતેશકુમાર કમલેશભાઇ પટેલ હતું જે બદલીને નવું નામ રીતેશભાઈ કમલેશભાઇ પટેલ રાખેલ છે અને હવેથી મારુ નવા નામ તરીકે જ ઓળખાશે જેની સૌએ નોંધ લેવી લિ. રીતેશભાઇ કમલેશભાઇ પટેલ

**દમણગંગા ટાઇમ્સ ઈ-પેપર ડાઉનલોન કરવા માટે વેબસાઈટની મુલાકાત લો**
www.daman gatimes.com

**WANTED**
At Sarigam Fast Growing Company
**CHEMIST : 6 POST (EXPERIENCE & FRESH )**
**PLANT SUPERVISOR : 5 POST**
**CHEMICAL PLANT OPERATOR : 6 POST**
Accomodation Will Be Provided By Company
E-Mail : sipvapi@hotmail.com
Whats app. 9825500265

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૦૭/૨૦૨૬

અરજદાર : ગરુડા માનકુબેન સોમજીભાઈ
ઉ.વ.આ.૭૨, ધંધો-ઘરકામ, રહે. સરીગામ, મરકા ફળિયું
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. એ.ડી. દુબળા)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, સરીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **ગરુડા માનકુબેન સોમજીભાઈ** રહે. સરીગામ, મરકા ફળિયુ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સસરા **સ્વ. રામજીભાઈ માહદુભાઈ ગરુડાનું** મરણ તા.૧૬-૦૬-૧૯૬૬ના રોજ મોજે - સરીગામ, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/મરણ/ર.જી.નં.૦૭/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૬૩/૨૦૨૬

અરજદાર : વસનભાઈ જેઠીયાભાઈ મહાકાળ
ડુંડુનિયા ફળિયું, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **જેઠીયાભાઈ રામજીભાઈ મહાકાળનું** મરણ તા.૧૦/૦૩/૨૦૦૦ના રોજ મોજે માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત માંડવાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત માંડવાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી માંડવા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડીની કોર્ટમાં,**

રજી. ૩૩૦/૨૦૨૪

અરજદાર :- નિલેશભાઈ ડાહ્યાભાઈ પટેલ
રહે. ૧૭૧ માહ્યાવંશી ફળિયા, બાલદા તા.પારડી
વિરૂધ્ધ
સામાવાળા :- ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા પારડી
તા.પારડી, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **નિલેશભાઈ ડાહ્યાભાઈ પટેલ**, રહે. ૧૭૧ માહ્યાવંશી ફળિયા બાલદા તા.પારડી, જી.વલસાડનાએ તેઓના ભાઈ **વિનોદભાઈ ડાહ્યાભાઈ પટેલનું** મરણ તા.૧૭/૦૮/૧૯૯૩ ના રોજ મોજે- પારડી તા.પારડી જી.વલસાડ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઇને વાંધો યા તકરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદરહુ જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર પારડી, મામલતદાર કચેરી પારડી, તા.પારડી જી.વલસાડની કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૦૪/૧૨/૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નંએમએજી/જન્મ-મરણ/રજી નં.૩૩૦-૨૦૨૪/૨૦૨૫
કાર્યપાલક મેજીસ્ટ્રેટ અને મામલતદાર કચેરી, પારડી. તા.પારડી જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહી/-
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
પારડી

**દમણગંગા ટાઇમ્સ**

**ડીસ્કલેમર/ સ્પષ્ટતા**

વાચકોને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સમાં પ્રસિદ્ધ થયેલ કોઈપણ જાહેરખબરમાં જણાવેલ માહિતી અથવા ઉત્પાદન કે સેવા સંદર્ભે વિજ્ઞાપનદાતાએ કરેલ દાવા અંગેની સંપૂર્ણ જવાબદારી 'વિજ્ઞાપનદાતાની' જ રહેશે અને દમણગંગા ટાઈમ્સની કોઈપણ પ્રકારે જવાબદારી રહેશે નહીં. વાચકોએ પોતાની રીતે પૂરતી તપાસ કરીને પોતાની જવાબદારીએ યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

\- વ્યવસ્થાપક

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

(એમ.એ.જી-૨) જ.મ.પ.અ.નં.૩૦/૨૦૨૬

અરજદાર : શ્રી તારાબેન ભીખુભાઈ હળપતિ
ઉ.વ.પુખ્તવયના, ધંધો-ઘરકામ, રહે. બજાર ફળિયું, સરીગામ
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. ડી.સી. પટેલ)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, અચ્છારી
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **તારાબેન ભીખુભાઈ હળપતિ** રહે. બજાર ફળિયુ, સરીગામ, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના સાસુ **લક્ષ્મીબેન નારણભાઈ હળપતિનું** મરણ તા.૨૫-૦૬-૧૯૯૫ના રોજ મોજે - અચ્છારી, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૨૭/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૦/૨૦૨૬
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કોર્ટમાં,**

જ.મ.પ.અ.નં.૩૯૬/૨૦૨૫

અરજદાર : બાબુભાઈ રામજીભાઈ કાવરીયા
રહે. માલખેત, (તળાવ ફળિયા)
તા.ઉમરગામ, જી.વલસાડ (વ.શ્રી. કે.કે. દુબળા)
વિરુધ્ધ
સામાવાળા : તલાટી કમ મંત્રી શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, માલખેત
તા.ઉમરગામ, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારે જન્મ-મરણ અધિનિયમ હેઠળ અરજી કરેલ છે કે, અરજદારશ્રી **બાબુભાઈ રામજીભાઈ કાવરીયા** રહે. માલખેત, તા.ઉમરગામ, જી.વલસાડનાએ તેમના કાકા **સ્વ. મહાદુભાઈ ભાદીયા ડાવરીયાનું** જન્મ/મરણ તા.૦૪-૦૧-૧૯૮૭ના રોજ મોજે - માલખેત, તા. ઉમરગામ મુકામે થયેલ છે. તેમના જન્મ/મરણની નોંધણી જે તે વખતે કાયદાથી અજાણ હોઈ ભુલ અને શરતચુકથી કરવાની રહી ગયેલ છે. જેથી અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. સદર જન્મ/મરણની નોંધણી બાબતે કોઈને વાંધો યા તક્કરાર હોય તો પોતે અથવા વકીલ મારફત સદર હું જાહેરાત પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસની અંદર મામલતદાર અને કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી ઉમરગામની કચેરી જી.વલસાડ, કચેરીએ વાંધા રજુ કરવાના રહેશે. જો વાંધો નહી આવે તો વાંધો નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની તમામ લાગતા વળગતા ઈસમોએ નોંધ લેવી.

આજ રોજ તા.૧૮/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

નં.એમએજી/મરણ/ર.જી.નં.૩૯૬/૨૦૨૪
કાર્યપાલક મેજીસ્ટ્રેટની કચેરી, ઉમરગામ,
તા.ઉમરગામ, જી.વલસાડ

(કોર્ટનો સિક્કો)

સહિ/-
મામલતદાર
અને
કાર્યપાલક મેજીસ્ટ્રેટ
ઉમરગામ

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૬૦/૨૦૨૬

અરજદાર : વસનભાઈ જેઠીયાભાઈ મહાકાળ
ડુંડુનિયા ફળિયું, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **જીવલીબેન જેઠીયાભાઈ મહાકાળનું** મરણ તા.૨૬/૦૪/૧૯૯૮ના રોજ મોજે માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત માંડવાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત માંડવાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી માંડવા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**ટેરેસ ગળે છે ??**



**વરસાદ માં ગળતા ટેરેસ તથા દિવાલમાં થી આવતા ભેજને ક્રેકફીલીંગ કરી કેમીકલ્સ વળે વોટર પ્રુફીંગ કરી આપનાર**

**એડવાન્સ વોટરપ્રૂફીંગ ટ્રીટમેન્ટ**

- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ ને સીમેન્ટીંગ એન્ડ પીયુ ગ્રાઉટીંગ કરી આપનાર
- સંડાસ, બાથરૂમ, બાલ્કનીમાં ટાઈલ્સ લગાવતા પહેલા
- સ્લોપિંગ સ્લેપમાં નળિયા નંખાવતા પહેલા
- ચાઈના ટુકડી કરાવતા પહેલા
- અંડરગ્રાઉન્ડ બેઝમેન્ટ, પાણીની ટાંકી
- ઈંટની દિવાલ, ઓપન સ્લેબ ને કેમિકલ વોટરપ્રૂફીંગ કરી આપનાર

**અરવિંદ પટેલ - વલસાડ 81402 20205**

**દરેક બ્રાન્ડેડ કંપનીના શુટીંગ, શર્ટીંગ તથા લેટેસ્ટ ડીઝાઇનમાં ટેલરીંગ**
**શુટ સિવડાવો કાપડ તથા સીલાઈ સાથે રૂ.5000/-**
The Complete Man Raymond SINCE 1925 · dinesh SUITING · Siyaram's SHOP · DONEAR SUITINGS & SHIRTINGS · DIGJAM · NIRVAN SHIRTINGS · ICON ashima LUXURY FABRICS · Kriplon
**LORDS MEN'S WEAR**
એમ. જી. રોડ, વલસાડ. ફોન : ૨૪૮૧૭૬

# આહવા બેંકમાંથી મોબાઈલ ચોરનાર ઝડપાયો

**સાપુતારા, તા.૧૩ :** ડાંગ જિલ્લામાં વણઉકેલાયેલા ગુનાઓ શોધી કાઢવા અને ગુનેગારો પર કમર કસવા માટે ડાંગ પોલીસ અધિક્ષક પૂજા યાદવ દ્વારા આપવામાં આવેલી સૂચનાઓને પગલે ડાંગ લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ને મોટી સફળતા મળી છે. પોલીસે આહવા બસ સ્ટેશન પાસેથી મોબાઈલ ચોરીના આરોપીને ચોરીના મુદ્દામાલ સાથે દબોચી લીધો છે. મળતી માહિતી મુજબ, થોડા સમય પહેલા આહવા ખાતે આવેલી ગ્રામીણ બેંકમાં કામ અર્થે આવેલા એક ફરિયાદીનો ઓપ્પો કંપનીનો ગોલ્ડન કલરનો મોબાઈલ કોઈ અજાણ્યો શખ્સ ચોરી કરી ગયો હતો. આ અંગે આહવા પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૩૦૩(૨) હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.જી. અનડકટ અને તેમની ટીમના માણસો તપાસમાં હતા. તે દરમિયાન હ્યુમન અને ટેકનિકલ સોર્સ દ્વારા ચોક્કસ બાતમી મળી હતી કે ચોરીનો મોબાઈલ ધરાવતો શખ્સ આસમાની કલરના શર્ટમાં આહવા બસ સ્ટેશન પાસે ઉભો છે. બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી શંકાસ્પદ શખ્સને અટકાવી તેની તલાશી લેતા તેની પાસેથી ઓપ્પો કંપનીનો ગોલ્ડન મોબાઈલ મળી આવ્યો હતો.

**INDIAN AIR FORCE**
**AIR FORCE SPORTS CONTROL BOARD**
**RECRUITMENT OF OUTSTANDING SPORTSMEN**
APPLICATIONS ARE INVITED FROM OUTSTANDING UN-MARRIED MALE SPORTSMEN TO JOIN INDIAN AIR FORCE AS AGNIVEERVAYU (SPORTS) INTAKE 02/2026
DETAILED ADVERTISEMENT AVAILABLE ON HTTPS://AGNIPATHVAYU.CDAC.IN
ONLINE APPLICATIONS ARE TO BE SUBMITTED FROM 1000 Hr ON 23 MARCH 2026 TO 1700 Hr ON 29 MARCH 2026
AT HTTPS://AGNIPATHVAYU.CDAC.IN/CASBSPM
TENTATIVE DATES FOR SELECTION TRIALS AT NEW DELHI FROM 08 APRIL TO 10 APRIL 2026
cbc 10803/11/0032/2526

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૬૨/૨૦૨૬

અરજદાર : વસનભાઈ જેઠીયાભાઈ મહાકાળ
ડુંડુનિયા ફળિયું, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **એંદીબેન રામજીભાઈ મહાકાળનું** મરણ તા.૨૧/૦૫/૧૯૮૩ના રોજ મોજે માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત માંડવાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત માંડવાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી માંડવા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૬૧/૨૦૨૬

અરજદાર : વસનભાઈ જેઠીયાભાઈ મહાકાળ
ડુંડુનિયા ફળિયું, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **રામજીભાઈ બાબલુભાઈ મહાકાળનું** મરણ તા.૨૭/૦૩/૧૯૮૫ના રોજ મોજે માંડવા, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત માંડવાના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત માંડવાને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી માંડવા ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૨૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જાહેર નોટીસ**

**એન.ઝેડ. ચૌરા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢાની કોર્ટમાં, મુ. નાનાપોંઢા**

જન્મ-મરણ કેસ નં.૮/૨૦૨૬

અરજદાર : રામુભાઈ કાંતિભાઈ પટેલ
ધેલાલાલ ફળિયું, નેવરી, તા.નાનાપોંઢા, જી.વલસાડ
વિરુધ્ધ
સામાવાળા : જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, નેવરી-લખમાપોર જુથ, તા.નાનાપોંઢા, જી.વલસાડ

**જન્મ-મરણ અધિનિયમ - ૧૯૬૯ની કલમ -૧૩(૩) અન્વયે મરણની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ**

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં **સવિતાબેન કાંતિભાઈ પટેલનું** મરણ તા.૧૬/૦૩/૨૦૦૩ના રોજ મોજે નેવરી, તા.નાનાપોંઢા, જી.વલસાડ ખાતે થયેલ હોવાનું અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના મરણની નોંધ શરતચુકથી ગ્રામ પંચાયત નેવરી-લખમાપોર જુથના રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે ત.ક. મંત્રીશ્રી ગ્રામપંચાયત નેવરી-લખમાપોર જુથને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા ગ્રામપંચાયત કચેરી નેવરી-લખમાપોર જુથ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા જો તેમ કરવામાં નહીં આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ રોજ તા.૦૫/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

હુકમથી
સહિ/-
(એન.ઝેડ. ચૌરા)
એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, નાનાપોંઢા
તા.નાનાપોંઢા, જી.વલસાડ

**TORRENT POWER | DNHDD**

**વીજ પૂરવઠો બંધ રહેવા અંગેની નોટીસ**

ગ્રાહકોને ગુણવત્તાસભર વીજપૂરવઠો સતત મળતો રહે તે માટે દાદરા નગર હવેલી અને દમન દીવ પાવર કોર્પોરેશન લિમિટેડ (ટ્રાન્સમિશન) દ્વારા નેટવર્ક મેન્ટેનન્સનું આયોજન કરેલ છે, એવું અમને જણાવવામાં આવેલ છે. નીચે દર્શાવેલ સબસ્ટેશનોમાંથી વીજપૂરવઠો મેળવતા ગ્રાહકોનો વીજપૂરવઠો બંધ રહેશે. આપની પ્રવૃત્તિઓનું આયોજન તે મુજબ કરવા વિનંતી. અનુસુચિત સમય પહેલા વીજપૂરવઠો કાર્યરત્ત કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસ કરવામાં આવશે.

| તારીખ અને વાર | સબસ્ટેશન | વિસ્તાર |
| --- | --- | --- |
| ૧૭/૦૩/૨૦૨૬ મંગળવાર સમયઃ સવાર ૮:૦૦ થી સાંજના ૬:૦૦ | ખરાડપાડા એસએસ (૨૦ MVA PTR-૩) | **૧૧ કેવી એક્સપ્રેસ ફીડરઃ** રુદ્રાક્ષ, શ્યામ ઈન્ગોટ્સ, ક્રિષ્ના, નીલકમલ, ન્યુ ઈન્ડિયા, ઝવેરી ફ્લેક્સો, હિન્દુસ્તાન રબર |
| ૧૭/૦૩/૨૦૨૬ મંગળવાર સમયઃ સવાર ૧૦:૦૦ થી સાંજના ૫:૦૦ | કાલા એસએસ (૨૦ MVA PTR-૨) | **૧૧ કેવી એક્સપ્રેસ ફીડરઃ** ઓડેક્સ યુનિટ - ૩, ગુજરાત કોપર, છાડવા, કિરણ સ્પિનિંગ, ટ્રાન્સિલ, ઓડેક્સ પીએસએલ |
| ૧૮/૦૩/૨૦૨૬ બુધવાર સમયઃ સવાર ૮:૦૦ થી સાંજના ૬:૦૦ | ૬૬ કેવી પીપરીયા એસએસ | પીપરીયા ઈન્ડ. એસ્ટેટ, પીપરીયા મેઈન રોડ, આંબેડકર નગર, પીએમએવાય પીપરીયા વિસ્તાર, ડેન ડીટરજન્ટ, નગર હવેલી પરફ્યુમ, પ્લાન્કો ક્લોઝર, આદિત્ય પ્લાસ્ટિક, આશુતોષ પ્લાસ્ટિક, બાલાજી ઈન્ડ પીપરીયા, સન ફાર્મા ઈન્ડ, સ્ટરલાઈટ કંપની વિસ્તાર **૧૧ કેવી એક્સપ્રેસ ફીડરઃ** ૬૬/૧૧ કેવી પીપરિયા એસએસના તમામ એક્સપ્રેસ ફીડર **૬૬ કેવી ઉપભોક્તાઃ** મેસર્સ સરલા એક્સપ્રેસ |

**અસુવિધા બદલ દિલગીર છીએ.**

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ પાવર ડિસ્ટ્રીબ્યુશન કોર્પોરેશન લિમિટેડ દ્વારા વરિષ્ઠ તથા દિવ્યાંગ નાગરિકો માટે નીચે મુજબની વિવિધ વીજ સેવાઓ ઘર આંગણે કોલ કરીને મેળવી શકાશે.

● વીજબીલમાં નામબદલી ● વીજજોડાણનાં સ્થળમાં ફેરફાર
● વીજભારમાં સુધારો ● નવા વીજજોડાણની અરજી ● વીજબીલની ચુકવણી

આપની સેવા માં હરહંમેશ હાજર
24/7 Helpline 9099991912, 18002339500, 19126, 18002705551
connect.torrentpower.com
connect.dnhdd@torrentpower.com






Jai Jalaram Bapa
**Septic Tank Cleaner**
**ખાળ કુવાની સફાઇ**
**खार कुवे की सफाई**
**TANKER CAPACITY 8000 LITER**
**WATER JETTING, AIR BLOWING, VACUUMING**
પાણીના પ્રેશરથી હવા મારીને ટાંકી સાફ કરી આપવામાં આવશે.
આધુનીક મશિનરી થી કામ કરી આપવામાં આવશે.
**Contact: 99046 44348, 98247 28200**

દમણગંગા ટાઈમ્સ

સામાજીક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, સંસ્થાકિય, રાજકીય, વહીવટ વગેરેને લગતી પ્રેસનોટ અને તસ્વીરો નીચેના સરનામે મોકલાવો

મુખ્ય કાર્યાલય

દમણગંગા ટાઇમ્સ : ને.હા.નં.૮, આશાધામ સ્કૂલ પાછળ, વાપી.
ફોનઃ ૦૨૬૦- ૨૪૦૧૨૩૫, વોટસએપ નં. ૯૮૨૫૧ ૨૨૫૦૫
ઈમેલ- editor.dgt@gmail.com

Saturday 14, March 2026

# દમણગંગા ટાઇમ્સ

## ઉમરગામના સેવાસેતુમાં ૭૯૦ અરજીઓનો નિકાલ કરાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**ઉમરગામ, તા. ૧૩ :** રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને વિવિધ સરકારી વિભાગોની સેવાઓ એક જ સ્થળે સરળતાથી ઉપલબ્ધ બને અને તેમના પ્રશ્નોનો ત્વરિત નિકાલ થાય તે હેતુથી સેવા સેતુ કાર્યક્રમોનું આયોજન તાલુકા તથા શહેરી વિસ્તારોમાં કરવામાં આવે છે. તેના ભાગરૂપે તાલુકા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ નારગોલ ખાતે યોજાયો હતો, જ્યારે આજરોજ ઉમરગામ શહેર વિસ્તારમાં સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ધારાસભ્ય રમણભાઈ પાટકરની ઉપસ્થિતિમાં યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગો દ્વારા નાગરિકોના પ્રશ્નો સાંભળીને તેમના ત્વરિત ઉકેલ માટે કામગીરી હાથ ધરવામાં આવી હતી. કાર્યક્રમમાં કુલ અંદાજે ૭૯૦ જેટલા પ્રશ્નોનો એક જ સ્થળેથી નિકાલ કરવામાં આવ્યો, જેના કારણે નાગરિકોને મોટી રાહત મળી હતી.

આ પ્રસંગે વિવિધ વિભાગોના અધિકારીઓ તેમજ શહેરના આગેવાનો અને મોટી સંખ્યામાં નાગરિકો હાજર રહ્યા હતા.

## વલસાડમાં પાલિકાના ટ્રેક્ટરોનું સ્ટીયરીંગ મજુરોના હાથમાં?

### શહેરમાં કચરો ઉપાડવા કે અન્ય કામગીરી માટે વપરાતા ટ્રેક્ટરોનું ડ્રાઈવિંગ રોજમદાર મજુરોના હાથમાં ! અકસ્માત સર્જાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૩ :** વલસાડ શહેરના એમ.જી. રોડ પર આજે નગરપાલિકાના કચરાના ટ્રેક્ટર ચાલકે કાબૂ ગુમાવતા દુકાનો બહાર પાર્ક કરેલા વાહનોને અડફેટે લીધા હતા.

વલસાડ નગરપાલિકાના તંત્રની એક ભયાનક બેદરકારી સામે આવી છે, જેમાં સામાન્ય નાગરિકોના જીવને જોખમમાં મૂકીને ટ્રેક્ટરો ચલાવવાની જવાબદારી રીતસર મજૂરોના હાથમાં સોંપી દેવામાં આવી છે. શહેરમાં કચરો ઉપાડવા કે અન્ય કામગીરી માટે વપરાતા ટ્રેક્ટરો પર અનુભવી અને લાયસન્સ ધરાવતા ડ્રાઈવરોને બદલે દૈનિક વેતન પર કામ કરતા મજૂરો સ્ટીયરીંગ સંભાળતા જોવા મળી રહ્યા છે. છેલ્લા કેટલાક સમયથી વલસાડના વિવિધ વિસ્તારોમાં નગરપાલિકાના ટ્રેક્ટરો દ્વારા નાના-મોટા અકસ્માતોની ઘટનાઓ વારંવાર બની રહી છે. તપાસ કરતા જાણવા મળ્યું છે કે, પાલિકાના સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરો માત્ર ૭૦૦ રૂપિયા જેવા નજીવા વેતનમાં મજૂરો પાસે ટ્રેક્ટર ડ્રાઈવિંગ પણ કરાવી રહ્યા છે.

આ મજૂરો પાસે ન તો ભારે વાહન ચલાવવાનું લાયસન્સ હોય છે, ન તો રસ્તા પરના ટ્રાફિક ભીડભાડ વાળા વિસ્તારોમાં જ્યારે આવા બિનઅનુભવી મજૂરો ટ્રેક્ટર લઈને નીકળે છે, ત્યારે રસ્તા પર ચાલતા રાહદારીઓ અને વાહનચાલકોમાં ફાળ પડી જાય છે. સ્થાનિક રહીશોનો આક્ષેપ છે કે વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર આ બાબતે મૌન સેવી રહ્યું છે.

જો કોઈ મોટી જાનહાનિ થશે, તો તેની જવાબદારી કોની રહેશે? શું પાલિકા તંત્ર કોઈ નિર્દોષનો ભોગ લેવાય તેની રાહ જોઈ રહ્યું છે? શા માટે કાયમી ડ્રાઈવરોની ભરતી કરવામાં આવતી નથી? શું મજૂરો પાસે ડ્રાઈવિંગ કરાવવું એ ગુનાહિત બેદરકારી નથી? વલસાડની જનતા હવે આ મામલે કડક કાર્યવાહી અને જવાબદાર અધિકારીઓ સામે તપાસની માંગ કરી રહી છે.

## વલસાડમાં મોડીફાઈડ બુલેટ ધારકો સામે ખાસ ઝુંબેશ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વલસાડ, તા. ૧૩ :** વલસાડમાં કેટલાક મહિનાઓથી મોટા અવાજે ફરતી અને મોડીફાઈડ સાઈલેન્સર લગાવી ફરી રહેલા બુલેટ ચાલકોના ત્રાસ સામે વલસાડ સીટી પોલીસની ટીમે ખાસ ડ્રાઈવ હાથ ધરવાની નોબત આવી છે. જેથી ગેરકાયદેસર મોડીફાઈડ સાઈલેન્સર લગાવનારા સામે પોલીસે બાઈક રીપેરીંગ કરતા બુલેટ ચલાવનારાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.

વલસાડ સીટી પોલીસની ટીમે આ ડ્રાઈવ હેઠળ મોડીફાઈડ કરેલી બુલેટ બાઈક મેં ડીટેઈન કરી ચેતવણી આપવામાં આવી છ. જો કોઈ વ્યક્તિ પોતાની બાઈકમાં મોડીફાઈડ સાઈલન્સર લગાવી ફરતા હોય અને જાહેર માર્ગ પર અવાજ કરી લોકોને તકલીફ પહોંચાડતો ઝડપાશે તો તેની સામે પણ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તેનું વાહન ડિટેન કરવામાં આવી શકે છે.

## ભાજપ પ્રદેશ પ્રમુખ વલસાડ જીલ્લામાં



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**પારડી, તા. ૧૩ :** પારડીમાં આવેલ સ્વાધ્યાય મંડળમાં આજરોજ ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં જીલ્લા સંગઠન જનપ્રતિનિધિઓ અને વિવિધ મોરચાના હોદ્દેદારો સાથે એક મહત્વની બેઠક યોજાઈ હતી. પારડી પહોંચેલા પ્રદેશ પ્રમુખ સાથે જીલ્લા ભાજપ પ્રમુખ અને હોદ્દેદારો ઉપરાંત કેબિનેટમંત્રી કનુભાઈ દેસાઈ અને અન્ય ધારાસભ્યો સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં. સ્વાધ્યાય મંડળમાં ટ્રસ્ટી રાજેશભાઈ રાણા તથા અન્યોએ તેમનું સ્વાગત કર્યુ હતું. પ્રદેશ ભાજપ પ્રમુખે સ્વાધ્યાય મંડળના સ્થાપક પંડિતજીની પ્રતિમા ને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ પહેલા ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશભાઈ પંચાલ વલસાડ આવી પહોચ્યા હતાં. જયાથી પારડી આવી બેઠક કરી હતી. હવે આજે સવારે ૯ કલાકે તેઓ શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરની મુલાકાત લેશે અને ધરમપુર હેલિપેટ ગ્રાઉન્ડ ખાતે ભાજપના બુથ સમિતિ કાર્યક્રમમાં માર્ગદર્શન આપશે.

## વલસાડના સરકારી વકીલ અનિલ ત્રિપાઠીએ પાંચ વર્ષમાં આરોપીઓને સજાની સેન્ચ્યુરી ફટકારી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૩ :** વલસાડ જિલ્લાની સેશન કોર્ટમાં સરકારી વકીલ તરીકે સેવા બજાવતા અનિલ ત્રિપાઠી દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ૧૦૦ જેટલા વિવિધ ગુનાના આરોપીઓને સજા અપાવવા માં મહત્વની ભૂમિકા ભજવી છે જે સમગ્ર વલસાડ અને નવસારી જિલ્લામાં પ્રથમ સરકારી વકીલ હશે. અનિલ ત્રિપાઠી દ્વારા ઓગસ્ટ ૨૦૦૩થી વલસાડ ખાતેની સેશન્સ કોર્ટમાં ક્રિમિનલ અને સિવિલ કેસો લડવાની શરૂઆત કરી ત્યારબાદ જૂન ૨૦૧૫ માં ગુજરાત સરકારના કાયદા વિભાગ દ્વારા વલસાડની સેશન્સ કોર્ટમાં એડિશનલ પી. પી. તરીકે નિયુક્તિ અને ત્યારબાદ માર્ચ ૨૦૧૯થી મુખ્ય જિલ્લા સરકારી વકીલ અને પબ્લિક પ્રોસિક્યુટર તરીકે નિમણૂક કરવામાં આવી હતી.


આ સમય ગાળા દરમિયાન અનિલભાઈ ત્રિપાઠી દ્વારા વલસાડ જિલ્લાની સેશન અને સ્પેશિયલ કોર્ટમાં ગુનાહિત પ્રવૃત્તિ ધરાવતા જેવા કે હત્યા હાફ મર્ડર લૂંટ ચોરી છેડતી દુષ્કર્મ તેમજ વિશ્વાસઘાત જેવા અનેક ક્રિમિનલ આરોપીઓના કેસમાં સરકારી વકીલ તરીકે કોર્ટમાં દલીલો કરવામાં આવી હતી. જે પૈકી આજે તા. ૧૩-૦૩-૨૦૨૬ ને શુક્રવારના રોજ ઉમરગામ તાલુકાના એક દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની સજા તેમજ ભોગ બનનાર સગીરાને ચાર લાખનું વળતર અપાવવા ના જાહેર થયેલા જજમેન્ટ સાથે ૧૦૦ આરોપીઓને સજા અપાવવામાં આવી છે. જેને લઈ સરકારી વકીલ અનિલભાઈ ત્રિપાઠીને તેમના સાથી એડવોકેટ મિત્રો તેમજ સ્નેહીજનો તરફથી પણ અભિનંદન આપવામાં આવી રહ્યા છે. વલસાડ જીલ્લો અને નવસારી જિલ્લામાં ૧૦૦ જેટલા આરોપીને ટૂંકાગાળામાં જો કોઈ સરકારી વકીલે સજા અપાવવી હોય તો તે એકમાત્ર અનીલ ત્રિપાઠી દ્વારા અપાવાઈ હોવાનું છે. જે સમગ્ર વલસાડ જિલ્લા અને નવસારી જિલ્લામાં ખૂબ જ મહત્વની બની છે.

## ઉમરગામની સગીરા સાથે દુષ્કર્મ ગુજારનારને ૨૦ વર્ષની સજા

### વાપીની પોકસો કોર્ટના જજ દ્વારા પીડિતાને રૂા. ૪ લાખ ચુકવા હુકમ કરાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)
**વાપી, તા. ૧૩ :** ઉમરગામ વિસ્તારના એક ગામડામાં રહેતી ૧૩ વર્ષની સગીરાને કપડાં અપાવવાના બહાને સરીગામ લઈ જઈ દારૂઠા નદી કિનારે દુષ્કર્મ ગુજારનાર આરોપી રણજીત ઉત્તમ આંધેરને વાપીની સ્પેશિયલ પોકસો કોર્ટના જજ એચ એન વકીલ દ્વારા ૨૦ વર્ષની સજા અને પીડિતાને રૂા. ૪ લાખ ચૂકવવાનો હુકમ કરાયો છે.

પ્રાપ્ત વિગત મુજબ વર્ષ ૨૦૨૨ના જુન મહિનામાં ઉમરગામ તાલુકા ના એક ગામમાં રહેતી ૧૩ વર્ષની સગીરાને તેના જ કૌટુંબિક મામા જે સરીગામના ગોવનવાડીમાં રહેતા રણજીત ઉત્તમભાઈ આઘેર દ્વારા કપડાં અપાવવાના બહાને સરીગામ બાઈક ઉપર બેસાડી લઈ જઈ ત્યાંથી જીએચસીએલ કંપની પાછળના ભાગેથી પસાર થતી દારૂઠા નદી કિનારે જંગલમાં લઈ જઈ દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું. જે અંગે આજે વાપીને સ્પેશિયલ પોકસો કોર્ટના જજ એચ એન વકીલની કોર્ટમાં સુનાવણી હાથ ધરાઈ હતી જે અંગે સરકારી વકીલ અનિલ ત્રિપાઠીની ધારદાર રજૂઆત અને પુરાવાઓ રજૂ કરાતા આરોપી રણજીત આધેરને ૨૦ વર્ષની કેદ તેમજ ભોગ બનનાર કિશોરીને ગુજરાત વિકટીમ કેમ્પેન્શન્સસન સ્કીમ હેઠળ રૂપિયા ચાર લાખ ચૂકવવાનો હુકમ કરવામાં આવ્યો છે.




**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication, 1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**